વિ. સંવત ૨૦૮૧, અષાઢ વદ - ૧
FRIDAY
11 JULY 2025
LOKASATTA JANASATTA
VADODARA

(A Leading Gujarati Daily Since 1951)

# લોકસત્તા જનસત્તા

@LoksattaJansatta @loksattajansatta YouTube @theloksatta www.loksattanews.co.in નીડર અને નિષ્પક્ષ

• કુલ પાના ૧૨ • કિંમત ₹ ૫.૦૦ • YEAR-74 • VOL 219 CMD : Sanjay Shah

### નાણાંમંત્રી નિર્મલા સીતારમણની NBFCને કડક ચેતવણી : લોનની વસૂલી તમારા કામનો હિસ્સો છે, પરંતુ અસંવેદનશીલ રહેવું તમારા કામનો હિસ્સો નથી

# વ્યાજદર વાજબી રાખો, હપ્તા સન્માનજનક રીતે વસૂલો : નાણાંમંત્રી

### લોન ગ્રાહકોની વાસ્તવિક જરૂરિયાતો અને તેને ચૂકવવાની તેમની ક્ષમતા પર આધારિત હોવી જોઈએ : લોન આપવા માટે આક્રમક રીતે માર્કેટિંગ ન કરવું જોઈએ : સીતારમણ




નવી દિલ્હી, તા. ૧૦

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે નોન-બૅંકિંગ ફાઈનાન્સ કંપનીઓને ગ્રાહકોને લોન આપવા માટે આક્રમક અભિગમ ન અપનાવવા અને વ્યાજ દર વાજબી રાખવા માટે કડક ચેતવણી આપી છે. આ સાથે જ તેમણે નોન-બૅંકિંગ ફાઈનાન્સ કંપનીઓને નાણાકીય શોષણ ન કરવાની અને ભારતીય રિઝર્વ બૅંકના લોન વસૂલીના ધોરણોનું કડક પાલન કરવાની અપીલ પણ કરી છે.

નિર્મલા સીતારમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, નાણાકીય સમાવેશના નામ પર નાણાકીય શોષણ ન કરી શકાય. લોન ગ્રાહકોની વાસ્તવિક જરૂરિયાતો અને તેને ચૂકવવાની તેમની ક્ષમતા પર આધારિત હોવી જોઈએ. લોન આપવા માટે આક્રમક રીતે માર્કેટિંગ ન કરવું જોઈએ અથવા તેને વ્યક્તિઓ પર થોપવી ન જોઈએ.

નાણામંત્રીએ કહ્યું કે, હપ્તા વસૂલી પ્રક્રિયા ન્યાયી, સહાનુભૂતિપૂર્ણ અને સન્માનજનક રીતે થવી જોઈએ અને તે આરબીઆઈ નિયમો પ્રમાણે હોવી જોઈએ. લોનની વસૂલી તમારા કામનો હિસ્સો છે, પરંતુ અસંવેદનશીલ રહેવું તમારા કામનો હિસ્સો નથી. ઉલ્લેખનીય છેકે, દેશમાં લગભગ ૯,૦૦૦ નોન-બૅંકિંગ ફાઈનાન્સ કંપનીઓ છે.

નાણામંત્રીએ આગળ કહ્યું કે, જેમ-જેમ નોન-બૅંકિંગ ફાઈનાન્સ કંપનીઓ મોડેલ પરિપક્વ થાય છે, તેમ-તેમ રિસ્ક મેનેજમેન્ટ પર ધ્યાન વધારવું જોઈએ. જોખમ ઉઠાવવું આયોજિત અને ડેટા પર આધારિત હોવું જોઈએ અને સંબંધિત સંસ્થાના જોખમ સહન કરવાની ક્ષમતા કરતાં ક્યારેય વધુ ન હોવું જોઈએ. રોકડ અને લોન જોખમોનું કડક મૂલ્યાંકન અને સંચાલન કરવું જોઈએ. મજબૂત આંતરિક નિયંત્રણ વ્યવસ્થાથી સંપત્તિ-જવાબદારીની વચ્ચે અંતર, ફંડ સોર્સની પ્રકૃતિ અને સમયગાળાની દેખરેખ સુનિશ્ચિત થવી જોઈએ.

નાણામંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં કોમર્શિયલ બૅંકો દ્વારા આપવામાં આવતી કુલ લોનમાં નોન-બૅંકિંગ ફાઈનાન્સ કંપનીઓનો હિસ્સો લગભગ ૨૪ ટકા છે અને ટાર્ગેટ ૫૦ ટકા સુધી પહોંચવાનો હોવો જોઈએ. નોન-બૅંકિંગ ફાઈનાન્સ કંપનીઓ હવે શેડો બૅંક નથી. તેનું મજબૂત નિયમન અને દેખરેખ નાણાકીય વ્યવસ્થા અને અર્થતંત્રમાં તેમના મહત્વનો શ્રેષ્ઠ પુરાવો છે. જેમ-જેમ ભારત આગળ વધશે, તેમ-તેમ ભવિષ્યની લોન જરૂરિયાતોને પૂર્ણ કરવામાં નોન-બૅંકિંગ ફાઈનાન્સ કંપનીઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

### દેશના શેરબજારમાં સતત ઉતાર-ચઢાવ વચ્ચે લાખો રોકાણકારોના કરોડો રૂપિયા ધોવાયા

## ૪ બ્રોકિંગ કંપનીના ૨૦ લાખ ડિમેટ એકાઉન્ટ બંધ થયાં

### ગ્રોએ ૬ લાખ, ઝેરોધાએ ૫.૫ લાખ, એન્જલ વને ૪.૫ લાખ, અપસ્ટોક્સે ૩ લાખથી વધુ ગ્રાહક ગુમાવ્યા

મુંબઈ, તા. ૧૦

વર્ષ ૨૦૨૫ ના પહેલા છ મહિનામાં શેરબજારમાંથી સારા રિટર્ન મળ્યા હોવા છતાં, દેશની ચાર મોટી બ્રોકિંગ કંપનીઓએ લગભગ ૨૦ લાખ એક્ટિવ રોકાણકારો ગુમાવી દીધા છે. આ દર્શાવે છે કે રોકાણકારો અને ટ્રેડર્સનો શેરબજારમાં વિશ્વાસ ઘટ્યો છે. રોકાણકારો ગુમાવનારી આ કંપનીઓમાં ગ્રો, ઝેરોધા, એન્જલ વન અને અપસ્ટોક્સનો સમાવેશ થાય છે.

એકલા જૂન મહિનામાં જ ચારેય કંપનીઓએ મળીને લગભગ ૯ લાખ એક્ટિવ ગ્રાહકો ગુમાવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૫ થી અત્યાર સુધીમાં, આ આંકડા વધુ ચોંકાવનારા છે. જે અનુસાર ગ્રોના ૯ લાખ, ઝેરોધાના ૫.૫ લાખ, એન્જલ વનના ૪.૫ લાખ અને અપસ્ટોક્સના ૩ લાખથી વધુ એક્ટિવ રોકાણકારો ડિમેટ એકાઉન્ટ બંધ કરાવ્યા છે.

આ ઘટાડા પાછળનું સૌથી મોટું કારણ ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ ટ્રેડિંગમાં રોકાણકારોનો રસ ઘટવો છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા ગયા વર્ષે લાગુ કરવામાં આવેલા કડક નિયમોના કારણે રિટેલ રોકાણકારો માટે આ સેગમેન્ટમાં ટ્રેડિંગ કરવું મુશ્કેલ બન્યું છે. હવે કડક માર્જિન રિક્વાયરમેન્ટ્સ, વીકલી એક્સપાયરી ઓછી થવી, કેપિટલ લિમિટ વધવી અને ટેક્સેશન વધવાને કારણે ડેરિવેટિવ ટ્રેડિંગ (પુટ-કોલ) માં લોકોની રુચિ ઘટી રહી છે.

મનીકંટ્રોલે એક્સિસ સિક્યોરિટીઝના રાજેશ પાલવિયાના હવાલેથી જણાવ્યું કે, સેબીના કડક એફએન્ડઓ નિયમો અને જાગૃતિ વધવાને કારણે રિટેલ રોકાણકારો હવે આ હાઈ-રિસ્કવાળા ટ્રેડિંગથી દૂર થઈ રહ્યા છે.

૨૦૨૩ અને ૨૦૨૪ની તેજીમાં ડિસ્કાઉન્ટ બ્રોકિંગ પ્લેટફોર્મ્સ પર ટિયર ૨, ૩ અને ૪ શહેરોમાંથી મોટી સંખ્યામાં ટ્રેડર્સ આવ્યા હતા. પરંતુ છેલ્લા ૯ મહિનામાં માર્કેટ કરેક્શન અને વોલટિલિટીને કારણે સતત નફો કમાવવો મુશ્કેલ બન્યો છે. રિસર્ચ સપોર્ટ અને માર્ગદર્શનની અછતને કારણે ઘણા રોકાણકારો નુકસાન સહન કર્યા બાદ પ્લેટફોર્મ છોડીને ચાલ્યા ગયા છે, એટલે કે તેઓએ ડીમેટ એકાઉન્ટ ડિલીટ કરી નાખ્યાં છે.

ફિસડમના નીરવ કરકડાએ જણાવ્યું કે, હવે લોકો વધુ સ્ટ્રક્ચર્ડ અને પ્રોફેશનલી મેનેજડ ઈનવેસ્ટમેન્ટ ઓપ્શન્સ જેમ કે મ્યુચ્યુઅલ ફંડ્સ, પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસેઝ અને ઓલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ તરફ આગળ વધી રહ્યા છે. આ વિકલ્પો રેગ્યુલેટેડ અને સુરક્ષિત હોય છે. આ ઉપરાંત, નવા રોકાણકારો માટે ઓનબોર્ડિંગ પ્રક્રિયા પણ હવે કઠિન બની છે, જેના કારણે ડિસ્કાઉન્ટ બ્રોકર્સને નવા ગ્રાહકો (ક્લાઈન્ટ્સ) લાવવામાં મુશ્કેલી પડી રહી છે.

બેંગલુરુ-આધારિત ગ્રોએ એક મહિના પહેલા સેબી પાસે આઈપીઓ માટે અરજી કરી છે. હવે જોવાનું રહેશે કે રોકાણકારોના આ નુકસાનની તેની છબિ પર શું અસર થાય છે. જોકે, ગ્રો, ઝેરોધા અને એન્જલ વનના કુલ એક્ટિવ રોકાણકારોની સરખામણીમાં આ ૫ ટકાનો ઘટાડો ખૂબ મોટો ગણાતો નથી.

૨૦૨૪માં એનએસઈનો એક્ટિવ ઈનવેસ્ટર બેઈઝ ૪૪ ટકા વધ્યો હતો અને તે ૫.૦૧ કરોડ સુધી પહોંચ્યો હતો. પરંતુ ૨૦૨૫ માં બ્રોકર્સને વધુ ટેક્સ, લોઅર એક્સચેન્જ રિબેટ્સ અને રિટેલ એફએન્ડઓ ટ્રેડિંગ પર કડક પ્રતિબંધોનો સામનો કરવો પડી રહ્યો છે. બજારમાં ઘટાડો સપ્ટેમ્બર ૨૦૨૪ થી શરૂ થયો હતો, પરંતુ રોકાણકારોની સંખ્યામાં ઘટાડો નવેમ્બર-ડિસેમ્બરથી દેખાવા લાગ્યો છે.

ડીમેટ એકાઉન્ટ ખુલવાનું પણ હવે ધીમું પડી ગયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ત્રિમાસિકમાં માત્ર ૬૯.૧ લાખ નવા ડીમેટ એકાઉન્ટ્સ ખુલ્યા, જે અગાઉના ત્રિમાસિકમાં ખુલેલા ૬૯.૩ લાખ કરતાં થોડા ઓછા છે. જૂન ૨૦૨૫ના અંત સુધીમાં એનએસડીએલ અને સીડીએસએલની સાથે કુલ ડીમેટ એકાઉન્ટ્સ ૧૯.૯૧ કરોડ થઈ ગયા છે.

## ફ્રન્ટ પેજ સ્ટોરી

### દિલ્હી-એનસીઆરમાં તીવ્ર ભૂકંપના આંચકા

નવી દિલ્હી : દિલ્હી-એનસીઆરમાં ખૂબ જ તીવ્ર ભૂકંપના આંચકા અનુભવાયા છે. સવારે ૯:૦૪ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લાંબા સમય સુધી ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા ૪.૪ હતી. ભૂકંપનું કેન્દ્ર ગુરુગ્રામ નજીક હોવાની માહિતી સામે આવી છે. ભૂકંપ દરમિયાન મેટ્રોનું સંચાલન થોડા સમય માટે બંધ કરવામાં આવ્યું હતું. હવે મેટ્રો ફરી સામાન્ય થઈ ગઈ છે. દિલ્હી-એનસીઆરના ઘણા વિસ્તારોમાં, જ્યારે પંખા અને ઘરની વસ્તુઓ ધ્રુજવા લાગી, ત્યારે લોકો તેમના ઘરની બહાર નીકળી ગયા. નોઈડા અને ગુરુગ્રામની ઓફિસોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

### કેનેડામાં કપિલ શર્માના કાફે પર ફાયરિંગની ઘટના

ટોરન્ટો : બુધવારે રાત્રે કેનેડાના બ્રિટિશ કોલંબિયાના સરેમાં કોમેડિયન કપિલ શર્માના કાફે પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. કપિલ શર્માએ ત્રણ દિવસ પહેલા, ૭ જુલાઈના રોજ કેપ્સ કાફે નામના આ કાફેનું ઉદ્ઘાટન કર્યું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હુમલાખોરોએ કાફે પર ૯ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. દ્રફ્ક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ખાલિસ્તાની આતંકવાદી હરજીત સિંહ લાડીએ હુમલાની જવાબદારી લીધી છે. હરજીત સિંહ રાષ્ટ્રીય તપાસ એજન્સી (દ્રંઇ)ની યાદીમાં મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓમાંનો એક છે અને તે બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ સાથે સંકળાયેલો છે. હુમલાખોરે ગોળીબારનો એક વીડિયો પણ બનાવ્યો હતો.

### બિહાર વોટર લિસ્ટ વેરિફિકેશનના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી અરજીઓ પર સુનાવણી

## તમારી પ્રક્રિયા બરોબર પણ ચૂંટણી પહેલાં જ કેમ? : SC

### સુપ્રીમ કોર્ટ દ્વારા વોટર લિસ્ટ વેરિફિકેશનના નિર્ણય સામે સ્ટે આપવાનો ઇન્કાર કર્યો

નવી દિલ્હી, તા.૧૦

સુપ્રીમે ગુરુવારે બિહારમાં ૨૦૨૫ના અંતમાં યોજાનાર વિધાનસભા ચૂંટણી પહેલા વોટર લિસ્ટ વેરિફિકેશન સામે દાખલ કરાયેલી અરજીઓ પર સુનાવણી હાથ ધરી હતી. ચૂંટણી પંચને સુપ્રીમે કહ્યું કે, જો તમારે બિહારમાં વોટર લિસ્ટ વેરિફિકેશન હેઠળ નાગરિકતા તપાસવી હોય, તો તમારે વહેલા પગલાં લેવા જોઈતા હતા. તમારી પ્રક્રિયા બરોબર છે, પરંતુ ચૂંટણી પહેલા જ કેમ હોય છે? હવે થોડું મોડું થઈ ગયું છે. ઉલ્લેખનીય છેકે, સુપ્રીમ દ્વારા અરજી પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો.

જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ જોયમલ્યા બાગચીની બેન્ચ અરજીઓ પર સુનાવણી કરી રહી છે. ત્યારે વોટર લિસ્ટ વેરિફિકેશન માટે ડોક્યુમેન્ટની લિસ્ટમાં આધાર કાર્ડને ધ્યાનમાં ન લેવા બદલ સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને સવાલ કરતા કહ્યું કે, વોટર લિસ્ટ વેરિફિકેશનમાં નાગરિકતાનો મુદ્દો કેમ ઉઠાવાઈ રહ્યો છે? ગૃહ મંત્રાલયનો અધિકારક્ષેત્ર છે. આના પર ચૂંટણી પંચે કહ્યું કે, બંધારણની કલમ ૩૨૬ હેઠળ, ભારતમાં મતદાર બનવા માટે નાગરિકતા વેરિફિકેશન જરૂરી છે. નાગરિકતા ફક્ત આધાર દ્વારા સાબિત કરી શકાતી નથી. આ કેન્દ્રીય ગૃહ મંત્રાલયનું કામ છે.

**૭.૯ કરોડ નાગરિકોને અસર થશે**

ચૂંટણી પંચ તરફથી વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદી, કે. કે. વેણુગોપાલ અને મનીન્દર સિંહ પણ હાજર રહ્યા હતા. જ્યારે અરજીકર્તા તરફથી વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણે જણાવ્યું હતું કે, મતદાર યાદીમાં સુધારો લોક પ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ મંજૂરી આપી શકાય છે. લગભગ ૭.૯ કરોડ નાગરિકોને સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન હેઠળ આવરી લેવાશે. મતદાર આઈડી અને આધાર કાર્ડ પર પણ વિચાર કરાઈ રહ્યો નથી.

**૧૦ અરજીઓ પર સુનાવણી**

સુપ્રીમ કોર્ટમાં ૧૦થી વધુ અરજીઓ દાખલ કરાઈ છે. તેમાં મુખ્ય અરજદાર બિન-સરકારી સંગઠન એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ છે. ઉપરાંત આરજેડી સાંસદ મનોજ ઝા, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રા, કોંગ્રેસના કેસી વેણુગોપાલ, એનસીપી (શરદ પવાર જૂથ)ના સુપ્રિયા સુલે, સીપીઆઈના ડી રાજા, સમાજવાદી પાર્ટીના હરિંદર સિંહ મલિક, શિવસેના (ઉદ્ધવ જૂથ)ના અરવિંદ સાવંત, ઝારખંડ મુક્તિ મોરચાના સરફરાઝ અહેમદ અને સીપીઆઈ (એમએલ)ના દીપાંકર ભટ્ટાચાર્યએ સંયુક્ત અરજી કરી છે.

### ગુજરાતમાં મોદી સરકારમાં કામ કરી ચૂકેલા પૂર્વ IAS

## ઉત્તર પ્રદેશના ઊર્જામંત્રી પાસે લોકોએ વીજળી માગી, તેમણે જય શ્રી રામ કહ્યું, ચાલતી પકડી

### સમસ્યાઓ સાંભળવાને બદલે હાથ જોડી કારમાં બેસી ગયા

નવી દિલ્હી, તા.૧૦

ગુજરાતના ભૂતપૂર્વ IAS અરવિંદ કુમાર શર્માનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ વીડિયોમાં યુપીના લોકો ઉત્તર પ્રદેશની યોગી સરકારમાં ઉર્જા મંત્રી તરીકે કાર્યરત એ.કે. શર્માને વીજળીની સમસ્યા અંગે ફરિયાદ કરે છે, જેના જવાબમાં લોકોને ખાતરી આપવાને બદલે મંત્રી શર્મા 'જય શ્રી રામ' કહે છે અને કારમાં બેસે છે. લોકો શર્માના આ વીડિયોની આકરી ટીકા કરી રહ્યા છે કે, ધર્મના નામે ચૂંટણીમાં મતદાન કર્યા પછી લોકોને વીજળી માગવાનો અધિકાર નથી. જો સામાન્ય લોકો રસ્તા, વીજળી, શિક્ષણ, રોજગાર વગેરેની માંગણી કરવા લાગે, તો પછી ધર્મના ઠેકેદાર બનીને ધાર્મિક બનીને નારા લગાવનારા નેતાઓની કોણ પરવા કરશે? એ.કે. શર્માનો આ વીડિયો જોઈને એ પણ પ્રશ્ન થાય છે કે ગુજરાતમાં શર્માજી કેવા પ્રકારની નોકરશાહી



ચલાવતા હશે કે લોકોની સમસ્યાઓ જાહેરમાં સાંભળવાને બદલે, તેઓ હાથ જોડીને કારમાં બેઠા? શર્માના વીડિયોમાં દર્શાવવામાં આવેલ ઉત્તર પ્રદેશના લોકોની દુર્દશા ગુજરાતના લોકો કરતાં પણ વધુ ખરાબ છે. લોકો ખરાબ રસ્તાઓ, તૂટેલા પુલ વગેરે જેવી જાહેર સેવાઓની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે અને ગુજરાત સરકારના મંત્રીઓ ફક્ત ખાતરી આપતા જોવા મળે છે. ભાજપ ગુજરાતમાં ત્રણ દાયકાથી વધુ સમયથી સત્તામાં છે.

### વીડિયો ગેમની જેમ યુદ્ધ લડી રહ્યું છે યુક્રેન!

## રશિયન ટૅન્કોને ઉડાવો, પૉઈન્ટ્સ કમાવો!

કિવ, તા.૧૦

યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે ડિજિટલ યુદ્ધ બની ગયું છે. અહીં ફ્રન્ટલાઈન પર તહેનાત સૈનિકોને દરેક રશિયન ટેન્ક કે સૈનિકને મારવા માટે વીડિયો ગેમની જેમ પોઈન્ટ મળે છે. જેટલો મોટો રશિયન ટાર્ગેટ એટલા વધુ પોઈન્ટ્સ મળે છે. આ પોઈન્ટ્સને સૈનિકો 'વોર માર્કેટ પ્લેસ' પર રિડીમ કરી શકે છે અને બદલામાં તેમને નવાં શસ્ત્રો, ડ્રોન અથવા જરૂરી સાધનો મળે છે.આ વ્યૂહરચના યુક્રેનિયન મંત્રી મિખાઈલો ફેડોરોવ દ્વારા આર્મી ઓફ ડ્રોન્સ પ્રોગ્રામ હેઠળ લાગુ કરવામાં આવી છે. હવે એનો વિસ્તાર એમેઝોન ફોર મિલિટરી તરીકે કરવામાં આવી રહ્યો છે. યુક્રેનિયન સેનાની આ નવી પહેલનું નામ બ્રેવ ૧ માર્કેટ છે. એ એમેઝોનની જેમ એક ઓનલાઈન સ્ટોર છે. એ યુનિટ્સને તેમના પોઈન્ટના આધારે લશ્કરી સાધનો ખરીદવાની મંજૂરી આપે છે.આ સિસ્ટમ સૈનિકોની લડવાની ક્ષમતામાં વધારો કરે છે. આને કારણે કમાન્ડરોને યુદ્ધનો લાઈવ ડેટા પણ મળી રહ્યો છે. આ એક ક્રાંતિકારી પરિવર્તન સાબિત થયું છે, જે યુદ્ધને વધુ ઝડપી અને સ્માર્ટ બનાવી રહ્યું છે. આનાથી અમલદારશાહીમાં વિલંબ દૂર થાય છે અને યુનિટ્સ ઝડપથી શસ્ત્રો મેળવી શકે છે.

### ટ્રમ્પે બજેટ ઘટાડતાં નાસામાં અત્યાર સુધીની સૌથી મોટી છટણી

## નાસાના બે હજાર કર્મચારીની નોકરી જશે!

વૉશિંગ્ટન ડીસી, તા.૧૦

નાસામાં અત્યાર સુધીની સૌથી મોટી છટણી થવા જઈ રહી હોવાની સંભાવના છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હવે નાસાનું બજેટ અડધું કરી નાખવામાં આવ્યું હોવાની ચર્ચા છે. આ ચર્ચા બાદ હવે નાસાના સીનિયર સ્ટાફને છૂટા કરવામાં આવી રહ્યાં છે. લગભગ ૨૦૦૦ કર્મચારીઓ પર એની અસર પડી રહી છે. એના કારણે સાયન્ટિફિક અને એરોસ્પેસ કોમ્યુનિટીમાં ઉથલ-પાથલ થઈ રહી છે. આ બજેટ ઘટાડવાને કારણે જે કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા છે એની અસર હવે નાસાના ઘણાં મિશન પર પણ જોવા મળશે.

નાસામાં હવે જી-૧૩થી જી-૧૫ના કર્મચારીઓને છૂટા કરવાનો ટાર્ગેટ છે. એમાં સીનિયર સાયન્ટિસ્ટ, એન્જિનિયર્સ અને મેનેજરનો સમાવેશ થાય છે. આ તમામને ઘણાં દાયકાનો અનુભવ છે, પરંતુ તેમને હવે છૂટા કરવામાં આવી રહ્યાં છે. આ માટે નાસા તેમને વહેલા રિટાયર થવા માટેની સુવિધા આપી રહી છે. તેમ જ કર્મચારીઓને એક સાથે ચોક્કસ રકમ આપી છૂટા કરવામાં આવી રહ્યાં છે. આ તમામ સેન્ટર મિશન કન્ટ્રોલ, રૉકેટ લોન્ચ અને સાયન્ટિફિક રિસર્ચ માટે ખૂબ જ મહત્ત્વના છે.

### RSSના વડા મોહન ભાગવતે કહ્યું

## પિંગલેએ નિવૃત્તિ લેવાનું શીખવ્યું, ૭૫ વર્ષ પછી બીજાને તક આપવી

### મોરોપંતની ચૂંટણીની આગાહી સચોટ હતી

નાગપુર, તા.૧૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) વડા મોહન ભાગવતે નાગપુરના વનમતી હોલમાં એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે ૭૫ વર્ષ પછી વ્યક્તિએ બીજાને તક આપવી જોઈએ. સંઘના વરિષ્ઠ અધિકારી મોરોપંત પિંગલેના જીવન પર આધારિત એક અંગ્રેજી પુસ્તકના વિમોચન સમારોહમાં સરસંઘચાલક મોરોપંત પિંગલેને યાદ કર્યા. આ પ્રસંગે તેમણે કહ્યું કે વૃંદાવનમાં યોજાયેલી સંઘની એક બેઠકમાં મોરોપંત પિંગલેને તેમના ૭૫ વર્ષના થવા પર સન્માનિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તે સમયે, તત્કાલીન સરકાર્યવાહ શેષાદ્રીએ પણ મોરોપંતને શાલ પહેરાવીને સન્માનિત કર્યા હતા. તે સમયે મોરોપંતે કહ્યું હતું કે હું ૭૫નો અર્થ સમજું છું. મોરોપંતને યાદ કરતા મોહન ભાગવતે કહ્યું કે આ તેમનો એક ઉપદેશ છે. મોરોપંત પિંગલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં કોઈપણ પ્રચાર વિના કામ કરવાનું અને ૭૫ વર્ષ પછી નિવૃત્તિ લેવાનું શીખવ્યું હતું. કટોકટી પછીના રાજકીય પરિવર્તન દરમિયાન આરએસએસના વડાએ પિંગલેની આગાહીઓનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે જ્યારે ચૂંટણીઓની ચર્ચા થઈ ત્યારે મોરોપંતે કહ્યું હતું કે જો બધા વિપક્ષી પક્ષો એક સાથે આવે તો તેઓ લગભગ ૨૭૬ બેઠકો જીતશે અને જ્યારે પરિણામો આવ્યા ત્યારે ફક્ત ૨૭૬ બેઠકો જીતી શક્યા.

### ગુરુગ્રામના સુશાંત લોક-૨માં રહેતી

## પિતાએ ટેનિસ ચેમ્પિયન પુત્રીને ૩ ગોળી મારી ઘરમાં જ હત્યા કરી

### પુત્રીના રીલ બનાવવા પર પિતાનું કૃત્ય

ગુરુગ્રામ,તા.૧૦

ગુરુગ્રામના રાધિકા યાદવ હત્યા કેસમાં પોલીસે જણાવ્યું હતું કે રાધિકાના પિતાએ તેમની પુત્રી પર એક પછી એક પાંચ ગોળીઓ ચલાવી હતી, જેમાંથી ત્રણ ગોળીઓ રાધિકાને વાગી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાધિકા યાદવ ટેનિસ રમવા ઉપરાંત રીલ્સ પણ બનાવતી હતી



અને તેના કારણે તેના પિતા ખૂબ ગુસ્સે હતા. ગુરુગ્રામના સુશાંત લોક-૨ માં રહેતી ૨૫ વર્ષીય ટેનિસ ખેલાડી રાધિકા યાદવની તેના પિતાએ ઘરે ગોળી મારીને હત્યા કરી દીધી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે રાધિકાના પિતા તેમની પુત્રી પર રીલ બનાવવા બદલ ગુસ્સે હતા, જેના કારણે તેમણે રાધિકાને ગોળી મારીને હત્યા કરી દીધી. આરોપી પિતાએ રાધિકા પર ૫ ગોળીઓ ચલાવી હતી, જેમાંથી ત્રણ તેને વાગી હતી. રાધિકાને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી. ગુરુગ્રામમાં એક ટેનિસ ખેલાડીની ગોળી મારીને હત્યા કરવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. સુશાંત લોકમાં રહેતી ટેનિસ ખેલાડી રાધિકા યાદવની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. રાધિકાને ગોળી મારનાર વ્યક્તિ બીજું કોઈ નહીં પણ તેના પિતા છે.

### પ્લેન ક્રેશમાં ૨૭૦ લોકો માર્યા ગયા હતા

## અમદાવાદ વિમાન દુર્ઘટનાનો તપાસ રિપોર્ટ બે દિવસ પછી જાહેર કરાશે

### અકસ્માતનું કારણ હજુ સુધી સ્પષ્ટ નથી

નવી દિલ્હી, તા.૧૦

અમદાવાદ વિમાન દુર્ઘટનાનો તપાસ રિપોર્ટ ૨ દિવસ પછી જાહેર કરાશે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો (છઈંમ) આ કેસની તપાસ કરી રહ્યો છે. નિયમો અનુસાર, અકસ્માતના ૩૦ દિવસની અંદર રિપોર્ટ અપલોડ કરવાનો હોય છે. ૧૨ જૂને એઆઈ ૧૭૧ વિમાન ટેક-ઓફ કર્યાના થોડા સમય પછી મેડિકલ હોસ્ટેલ સાથે અથડાયું હતું. ૧૩ જૂને બ્લેક બોક્સ મળ્યું હતું.

આ પહેલાં સમાચાર આવ્યા હતા કે છઈંમએ કેન્દ્ર સરકારને પ્રાથમિક તપાસ રિપોર્ટ સુપરત કર્યો છે. આ અહેવાલ પ્રાથમિક તપાસ અને ટેક્નિકલ વિશ્લેષણમાં મળેલા પુરાવાના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. જો કે, સૂત્રોએ કોઈપણ પ્રાથમિક અહેવાલ રજૂ કરવાનો ઈનકાર કર્યો હતો.

૧૨ જૂનના રોજ અમદાવાદથી લંડન જતી ફ્લાઈટ એઆઈ ૧૭૧ ટેક-ઓફ થયાના થોડા સમય પછી મેડિકલ હોસ્ટેલની ઈમારત સાથે અથડાઈ હતી. કુલ ૨૭૦ લોકો માર્યા ગયા હતા, જેમાં ૨૪૧ મુસાફરો અને ક્રૂ-સભ્યોનો સમાવેશ થાય છે. આ અકસ્માતમાં ફક્ત એક જ મુસાફર બચ્યો હતો.વિગતવાર રિપોર્ટ ૩ મહિનામાં આવવાની શક્યતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે અકસ્માતનું કારણ હજુ સુધી સ્પષ્ટ નથી કે એ એન્જિન ફેલિયર, ઈંધણ પુરવઠાની સમસ્યા કે કોઈ ટેક્નિકલ ખામીને કારણે થયું છે.

### યુરોપિયન સ્પેસ એજન્સીનો ચોંકાવનારો દાવો

## શુભાંશુ શુક્લાને પણ ISSથી પરત આવવામાં વિલંબ થશે!

### ખરાબ હવામાન સ્પ્લેશડાઉન માટે જોખમી

નવી દિલ્હી, તા.૧૦

ભારતીય અંતરિક્ષ યાત્રી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા છઈંઢ-૪ મિશન અંતર્ગત આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન પર ૧૨ દિવસથી છે. આ મિશન ૨૫ જૂન ૨૦૨૫ના રોજ ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી જીંફ્ઠ્ઠના ફાલ્કન ૯ રોકેટ દ્વારા લોન્ચ થયું હતું. અત્યાર સુધી શુભાંશુ અને તેમના



અંતરિક્ષ યાત્રી સાથીઓ ૧૦ જુલાઈના પૃથ્વી પર પરત ફરી શકે છે તેવી સંભાવના સેવાઈ રહી હતી. પરંતુ એક યુરોપિયન સ્પેસ એજન્સી દ્વારા એવું પૂર્વાનુમાન કરવામાં આવ્યુ છે કે આ સમયમાં ત્રણથી ચાર દિવસનો વિલંબ થઈ શકે છે.

શુભાંશુ શુક્લા અને છઈંઢ-૪ ટીમ જીંફ્ઠ્ઠના ડ્રેગન કેપ્સ્યુલ 'ગ્રેસ' દ્વારા ફ્લોરિડા નજીક એટલાન્ટિક મહાસાગર અથવા મેક્સિકોની ખાડીમાં સ્પ્લેશડાઉન કરશે. જોકે, ફ્લોરિડા તટ પર ખરાબ હવામાન, જેમ કે તોફાન, ભારે વરસાદ કે તીવ્ર પવન, સ્પ્લેશડાઉન માટે જોખમી હોઈ શકે છે. તાજેતરમાં જીજી ના રશિયન ઝવેઝદા મોડ્યુલમાં પ્રેશર લીક (એર લીક) ની સમસ્યા જોવા મળી હતી. નાસા અને રશિયાની અવકાશ એજન્સી રોસકોસ્મોસે તેનું સમારકામ કર્યું, પરંતુ સમારકામ પછી ફરી એક વાર હવા લીક થવાની સમસ્યા સર્જાઈ હતી.

### આજવા રોડ પર કાન્હા ડ્રીમ્સમાં અંબે જ્વેલર્સના સંચાલક સામે પોલીસ ફરિયાદ

# સોનીની ડૉક્ટર સાથે ૨૫.૮૦ લાખની ઠગાઈ

## ડોક્ટર પતિ-જીએસટી કમિ. પત્નીએ પુત્રનું લગ્ન હોઈ સોનીને જૂના દાગીના આપ્યા હતા

વડોદરા, તા. ૧૦

શહેરના જુનાપાદરા રોડ પર રહેતા તબીબ અને તેમની જીએસટી કમિ. પત્નીએ તેઓના પુત્રના લગ્નપ્રસંગ નિમિત્તે આજવારોડના સોનીને નવા દાગીના બનાવી આપવા માટે જુના દાગીના અને ચાંદીના વાસણો આપ્યા હતા પરંતુ સોનીએ નવા દાગીના નહી બનાવી આપી તબીબે આપેલા દાગીના સગેવગે કરી ૨૫.૮૦ લાખથી વધુની છેતરપિંડી કરતા તબીબે સોની વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

જુનાપાદરા રોડ પર આવેલા અર્થ બંગ્લોઝમાં રહેતા ૫૯ વર્ષીય તબીબ કૈલાશભાઈ હિરાલાલ અગ્રવાલે બાપોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે હું ગત ૧૯૯૯થી ઈન્ડસ્ટ્રીયલ ફીઝીશ્યન તરીકે સેવા આપું છું અને મારી પત્ની સુમનબેન મુંબઈમાં જીએસટી વિભાગમાં આસી.કમિશ્નર તરીકે ફરજ બજાવે છે. મારા બે સંતાનો પૈકી મોટો પુત્ર રીષભ એમ.ડી.નો અભ્યાસ કરે છે અને પુત્રી મુંબઈમાં તેની માતા સાથે રહે છે. ગત ૨૭-૦૧-૨૦૨૪ના રોજ મારા પુત્રનું લગ્ન હોઈ અને અમારા નવા દાગીના બનાવવાના હોઈ વિશ્વાસુ સોનીની શોધમાં હતા. આ દરમિયાન અમારો આજવારોડ પર કાન્હા ડ્રીમ્સમાં આવેલી અંબે જ્વલેર્સના સંચાલકો વિશાલ સોની સાથે સંપર્ક થયો હતો અને તેણે અમને મનપસંદ ડિઝાઈનના દાગીના બનાવી આપીશ તેમ જણાવ્યું હતું.

તેની પર ભરોસો મુકીને અમે તેને નવા દાગીના બનાવવા માટે ૨૩,૦૫,૯૨૦ રૂપિયાની કિંમતના ૨૪ અને ૨૨ કેરેટ સોનાના બિસ્કીટ, સિક્કો, કેડબરી, બંગડીઓ, કડુ અને એક નેકલેશ સહિત કુલ ૨૩૯.૯૦ ગ્રામ સોનું તેમજ વાસણો બનાવવા માટે ૨.૭૫ લાખની અઢી કિલો ચાંદીની ઈંટો સહિત કુલ ૨૫,૮૦,૯૨૦ રૂપિયાની મત્તા આપી હતી. જોકે તેણે નવા દાગીના બનાવી આપવા માટે વારંવાર વાયદા કર્યા હતા અને ત્યારબાદ નવા દાગીના પિતાએ ભુલથી બેંક લોકરમાં મુકી દીધા છે તેમ કહી વિવિધ કારણો બતાવી સમય પસાર કર્યો હતો અને ત્યારબાદ તેણે ફોન પણ રિસીવ કરવાનું બંધ કરી દીધો છે. જુના દાગીના લઈ નવા દાગીના નહી આપતાં અમે તેના મોટા ભાઈ વિપુલ સોનીનો સંપર્ક કરતાં તેણે જણાવ્યું હતું કે વિશાલે તમારા દાગીના કોસ્મોસ કેપ્રી ગોલ્ડ લોનમાં ગીરવે મુક્યા છે.

### બ્યૂટી પાર્લરવાળીની વાત પર ભરોસો મૂકવાનું ભારે પડ્યું

તબીબ પતિ અને જીએસટી અધિકારી પત્નીએ નવા દાગીના બનાવવા માટે સોનીની શોધમાં હતા તે સમયે તેઓના ઘરે બ્યુટીપાર્લરનું કામ કરવા આવતી કલ્પના પાટીલે જણાવ્યું હતું કે મારા પતિ ટ્યુશન ક્લાસ ચલાવે છે અને તેમના ક્લાસની સામે વિશાલ સોનીની દુકાન છે. વિશાલ અને તેના ભાઈ વિપુલને મારા પતિએ ટ્યુશનમાં ભણાવ્યા છે અને બંને જણા દાગીના બનાવવાના નિપુણ છે. બ્યુટીપાર્લરનું કામ કરવા આવેલ બાઈની વાત પર ભરોસો કરી દંપતીએ વિશાલને જુના દાગીના આપતા તેઓને ભારે પડ્યું હતું.

### સાધનસંપન્ન પરિવારે દાગીના વિના લગ્નપ્રસંગ ઉજવ્યો

તબીબના પુત્રનું ૨૭મી જાન્યુઆરીએ લગ્ન હોઈ વિશાલ સોનીએ ૧૫ જાન્યુઆરી પહેલા નવા દાગીના બનાવી આપવાની ખાત્રી આપી હતી. જોકે લગ્નના બે દિવસ પહેલા તેણે માત્ર બે વીંટી અને મંગળસુત્રની ચેઈન આપી બાકીના દાગીના કાલે સવારે આપીશ તેમ જણાવ્યું હતું. ત્યારબાદ તેણે દાગીના ભુલથી લોકરમાં મુકાઈ ગયા છે તેવું બહાનું કાઢતાં અને ૨૬ અને ૨૭મી તારીખે જાહેર રજા હોઈ સાધનસંપન્ન તબીબ પતિ અને જીએસટી આસી.કમિ. પત્નીને નવા દાગીના વિના જ પુત્રનું લગ્નપ્રસંગ ઉજવવાની ફરજ પડી હતી.

### પ્રિસ્ક્રિપ્શન વગર દવા વેચતા ૯ મેડિકલ સ્ટોરના સંચાલકો સામે કાર્યવાહી



વડોદરા જિલ્લામાં પ્રિસ્કિરપ્સિન વગર દવા વેચવાનો મોટા પ્રમાણમાં રાફડો ફાટી નીકળ્યો છે. સીરપની બોટલોનો નશેડીઓ દ્વારા નશો કરવા માટે ઉપયોગમાં લેતા હોય છે કેટલાક મેડિકલ સંચાલકો દ્વારા આવા નશેડીઓને પ્રિસ્કિપ્સન વગર જ નશો કરવા માટે આપતા હોવાની ફરિયાદ ઊઠવા પામી હતી. જેને પગલે જિલ્લા પોલીસે મેડિકલ સંચાલકો સામે લાલ આંખ કરી હતી. જેમાં પ્રિસ્કિપ્સન વગર દવા વેચતા જિલ્લાના ૯ મેડિકલ સંચાલકો સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

### બીજા માળે પરિવાર ઊંઘતો હતો અને તસ્કરોએ તરખાટ મચાવ્યો

# દિવાળીપુરા ગાર્ડનની બાજુની સોસાયટીના મકાનમાંથી રૂપિયા ૧.૭૩ લાખની ચોરી

વડોદરા, તા. ૧૦

શહેરના દિવાળીપુરા ગાર્ડનની બાજુમાં આવેલી સોસાયટીમાં બીજા માળે યુવક અને તેમની પત્ની ઊંઘી ગયા હતા. તે સમયે તસ્કરોએ નીચેના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને સોના ચાંદીના દાગીના મળી કુલ ૧.૭૩ લાખની ચોરી કરીને ફરાર થઇ ગયા હતાં. વહેલી સવારે પુત્રવધુ છોકરાએ સ્કૂલે જવા માટે ઉઠ્યા ત્યારે ચોરી થઇ હોવાની જાણ થઇ હતી. ત્યારબાદ પુત્રવધુએ સાસુને તમામ હકિકત જણાવતા તેઓએ અકોટા પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે.

દિવાળીપુરા ગાર્ડનની બાજુમાં આવેલી રંગ અવધૂતપુરા સોસાયટીમાં રહેતા બેબીબેન કૈલાસાઇ ધોબીએ ફરિયાદ નોંધાવી છે કે, હું મારા ઘરની આગળ જય અંબે લોન્ડ્રી નામની દુકાન ધરાવી ધોબીનું કામ કરી મારૂ ગુજરાન ચલાવું છું. મારા પતિ પાંચ વર્ષ પહેલા અટેકના કારણે મૃત્યું પામ્યા હતાં.

ગત ૧૮ જૂનના રોજ અમારી દુકાન રાત્રીના સાડા દસેક વાગ્યે બંધ કરી અમારા ઘરે આવ્યા હતા અને મકાનને લોક કરી હું અને માર બે દિકરા તથા તેની વહુ સાથે અમારા નવીન મકાન વાસણા સમર્પણ સોસાયટી ખાતે જતા રહ્યા હતાં અને મોટો દિકરો ધર્મેશ તેની વહુ સાથે મકાન નં. ૧૭ રંગ અવધુતપુરા દિવાળીપુરા ગાર્ડન પાસે વડોદરાના બીજા માળએ ઊંઘી ગયો હતો. ૧૯ જૂનના રોજ સવારના સમયે મારા દિકરાની વહુ તેના દિકરાને સ્કુલ મુકવા જતી હતી. તે વખતે મારી વહુએ મકાનના દરવાજાનું તાળું તુટેલ હાલતમાં જોતા મારી વહુએ મને ફોન કર્યો હતો અને હું મારા નાના દિકરા દિપક સાથે અમારા દિવાળીપુરા મકાને આવ્યા હતાં અને દરવાજાનું તાળુ તુટેલ જણાયેલ જેથી મે અમારા ઘરની અંદર તપાસ કરતા અમારા બેડરૂમમા મુકેલ તીજોરીનો તથા માળીયાનું તમામ સામાન વેરવિખેર પડેલો હતો.

તસ્કરો તિજોરી અને માળિયાનું લોક તોડી એમા મુકેલા સોના ચાંદીના ઘરેણા મળી કુલ ૧.૭૩ લાખની ચોરી કરીને ફરાર થઇ ગયા હતાં. જેથી અમે અકોટા પોલીસ મથકમાં અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાવી છે. અકોટા પોલીસ ફરિયાદના આધારે વિસ્તારમાં લાગેલ સીસીટીવી ફૂટેજની મદદથી તસ્કરોને શોધવાની તજવીજ હાથ ધરી છે.

### પોલીસ એફિડેવિટ રજૂ કરવામાં નિષ્ફળ રહેતાં સુનાવણી ટળી

# લાફાકાંડ: 'આપ'ના ધારાસભ્ય ચૈતર વસાવાના જામીનમાં વિલંબ

નર્મદા, તા.૧૦

નર્મદા જિલ્લાના દેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને 'લાફા કાંડ' સંબંધિત કેસમાં જામીન મેળવવામાં વધુ વિલંબનો સામનો કરવો પડી રહ્યો છે. હાલમાં વડોદરા સેન્ટ્રલ જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલા વસાવાની જામીન અરજી પર આજે જિલ્લા કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જો કે, દેડિયાપાડા પોલીસ એફિડેવિટ એટલે કે સોગંદનામું રજૂ કરવામાં નિષ્ફળ રહેતા સુનાવણી આવતીકાલે ૧૧ જુલાઈ, ૨૦૨૫ પર મુલતવી રાખવામાં આવી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, જ્યાં સુધી પોલીસ તેમની એફિડેવિટ રજૂ નહીં કરે ત્યાં સુધી ચૈતર વસાવાને જામીન મળવા મુશ્કેલ છે. પોલીસ દ્વારા એફિડેવિટ રજૂ કરવામાં આવ્યા બાદ જ કોર્ટ દ્વારા જામીન અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે.આ કેસમાં ધીમી ગતિએ ચાલી રહેલી કાનૂની પ્રક્રિયાને કારણે ચૈતર વસાવાને જેલમાંથી બહાર આવવા માટે વધુ રાહ જોવી પડી શકે છે. આગામી સુનાવણીમાં પોલીસ દ્વારા એફિડેવિટ રજૂ કરવામાં આવે છે કે કેમ, અને ત્યારબાદ કોર્ટ શું નિર્ણય લે છે તે જોવું રહ્યું. નર્મદા જિલ્લાના દેડિયાપાડા ખાતે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા વચ્ચે ગત શનિવારે (૫ જુલાઈ) ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનો બનાવ બન્યો હતો. આ ઘટના એટીવીટી (આદિજાતિ વિકાસ કચેરી)ની સંકલન બેઠક વખતે બની હતી. આ મામલે ફરિયાદ નોંધાયા બાદ ચૈતર વસાવાની ધરપકડ કરાઈ હતી. આ દરમિયાન પોલીસ અને ચૈતર વસાવાના સમર્થકો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું.

### ૧૮ જેટલા ઓટલા ધારકોનું રૂા.૬૦ લાખ ભાડુ બાકી

# કૉર્પોરેશન દ્વારા દ્વારા મોગલવાડા મટન માર્કેટને સીલ કરી દેવાયું



વડોદરા, તા.૧૦

વડોદરા કોર્પોરેશન હસ્તકના વાડી મોગલવાડા સ્થિત મટન માર્કેટના પરવાનેદારોનું પાછલા ૧૫ જેટલા વર્ષથી પરવાના ફી તેમજ ભાડું બાકી હોવાથી પાલિકાની માર્કેટ શાખા દ્વારા અનેક વખત મૌખિક તેમજ લેખિત જાણ કરવા છતાં નહી ભરતાં આજે પાલિકાની ટીમ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્તની સાથે આ મટન માર્કેટને સીલ કર્યું હતુ.

વડોદરા કોર્પોરેશન હસ્તકના શહેરના વિવિધ વિસ્તારોમાં શાક માર્કેટ, મટન માર્કેટ તેમજ દુકાનો વગેરે આવેલી છે. આ દુકાનો તેમજ માર્કેટના ઓટલા પરવાના ફી અને ભાડેથી ફાળવવામાં આવ્યાં છે. પરંતુ અનેક ઓટલા ધારકો તેમજ દુકાન ધારકો પાલિકામાં ભાડુ કે પરવાના ફી લાંબા સમય થી ભરતાં નથી. ત્યારે પાલિકા તંત્ર દ્વારા હવે કાર્યવાહી હાથ ધરી છે. શહેરના વાડી મોગલવાડામાં પાલિકા હસ્તકનું મટન માર્કેટ આવેલુ છે. આ માર્કેટમાં પાલિકા દ્વારા ૧૯ ઓટલા ફાળવવામાં આવ્યા છે. જે પૈકીના ૧૮ ઓટલા ધારકો દ્વારા છેલ્લા ૧૫ વર્ષ થી પાલિકામાં ભાડુ નહી ચુકવતા આ અંગેની જાણ તેમજ નોટીસ પણ આપવામાં આવી હતી. તેમ છતાં નહી ભરતા આજે પાલિકાની માર્કેટ શાખાની ટીમ દબાણ શાખાની ટીમ તેમજ વાડી પોલીસના બંદોબસ્ત સાથે ત્રાટકી હતી. અને મટન માર્કેટને સીલ કર્યુ હતુ.આ માર્કેટના ચારે દરવાજાને સીલ કર્યા હતા.

### શહેરમાં બાઇકસવાર અછોડા તોડનો આતંક યથાવત્

# મોડી રાત્રે માત્ર ૫૦ મિનિટના સમયગાળામાં બે અછોડા તૂટ્યા

વડોદરા, તા. ૧૦

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અછોડા તોડ બાઇક સવારનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે અને અછોડા તોડ પોલીસના નાઇટ પેટ્રોલિંગના ધજાગરા ઉડાવી રહ્યા છે. શહેરના અકોટા અને ગોરવા વિસ્તારમાંથી ૫૦ મીનીટમાં જ બાઇક સવાર અછોડા તોડે બે અછોડા તોડીને રફુચક્કર થઇ ગયા હતા. પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા બાઇક સવાર અછોડા તોડને શોધવાની તજવીજ હાથ ધરી છે. શહેરના વાસણા રોડ પર રહેતા કરણ વિજયભાઇ નંદાએ ગોરવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, સંગમ ખાતે તેના નવા કેફેનુ કામકાજ ચાલતુ હતુ જેથી તે સંગમ ખાતે પોતાના કેફેનું કામકાજ જોવા ગયા હતા અને તે જોઇને પરત પંડ્યા બ્રિજથી ગોરવા તરફ પોતાના ઘરે જતા હતા. રાત્રિના ૧૧.૩૦ના અરસમાં તે પોતાની મોપેડ લઇને પંડ્યા બ્રિજથી ઉતરીને ગોરવા તરફ જઇ રહ્યા હતા તે સમયે પાછળથી અજાણ્યા બે બાઇક સવાર આવ્યા હતા. બાઇક પર પાછળ બેસેલા ઇસમે ૧.૯૦ લાખની પાંચ તોલાની સોનાની ચેઇન આચંકીને ગોરવા તરફ પલાયન થઇ ગયા હતાં. તેમનો પીછો પણ કર્યો હતો પરંતુ તે આંખની પલકારામાં કયા છું મંતર થઇ ગયા તે મોપેડ સવારને ખબર ના પડી હતી. જેથી મોપેડ ચાલકે કંટ્રોલમાં આખા બનાવની જાણ કરતા ગોરવા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને કેફે સંચાલકની ફરિયાદ નોંધી હતી. ગોરવા પોલીસે કેફે સંચાલકની ફરિયાદના આધારે અજાણ્યા બાઇક સવાર ગઠિયાઓને શોધવાની તજવીજ હાથ ધરી છે.

બીજા બનાવની વાત કરીએ તો ૧૧.૩૦ કલાકે પંડ્યા બ્રિજથી ગોરવા તરફ જતા માર્ગ પર બનેલા બનાવ બાદ જ બીજો બનાવ ૧૨ વાગ્યાની આસપાસ આંબેડકર સર્કલ તરફ જતા માર્ગ પર બન્યો હતો. ગોરવા ખાતે રહેતા કાજલબેન ધવલભાઇ અગ્રવાલે અકોટા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, કાજલબેન તથા ધવલભાઇ રાત્રીના બાર વાગ્યાની આસપાસ પોતાની મોપેડ લઇને ચકલીસર્કલથી આંબેડકર સર્કલ તરફ જતા જીએસટી ભવન પાસે નાસ્તાની લારી પર નાસ્તો કરવા એકટીવા પર બેસેલા હતા. તે સમયે ત્યાં સ્પોર્ટ બાઇક લઇને બે ગઠિયાઓ ત્યાં આવ્યા હતાં અને સ્પોર્ટ બાઇકની પાછળ બેસેલા ઇસમે કાજલબેનના ગળામાં પહેરેલ ૯૦ હજારનું એક તોલાનું મંગળ સુત્ર આંચકીને ત્યાંથી રફુચકકર થઇ ગયા હતાં. જેમા સ્પોર્ટ બાઇક ચલાવનારે ફુલ બાઇનું ટી શર્ટ તથા જીન્સ પેન્ટ પહેરેલુ તથા પાછળ બેસેલા ઇસમે કાળા કલરનું ટીશર્ટ પહેરેલ હોવાનું અકોટા પોલીસને જણાવ્યું હતું. જેથી અકોટા પોલીસે કાજલબેનની ફરિયાદના આધારે વિસ્તારમાં લાગેલ સીસીટીવી ફૂટેજની મદદથી બાઇક સવાર બે અજાણ્યા ઇસમોને શોધવાની તજવીજ હાથ ધરી છે.

### મહારાષ્ટ્રથી ટ્રાન્સપોર્ટમાં મોકલવામાં આવેલા શેમ્પૂના પાર્સલમાંથી દારૂ ઝડપાયો

# શેમ્પૂના બહાને દારૂની હેરાફેરી: ૧૧ પાર્સલમાંથી દારૂના ક્વાર્ટરિયાં મળ્યાં

વડોદરા, તા.૧૦

મહારાષ્ટ્રથી શેમ્પૂની આડમાં વિદેશી શરાબની બોટલોને ગુજરાતમાં ઘુસાડવાના મસમોટા રેકેટનો કારેલીબાગ પોલીસે પર્દાફાશ કર્યો છે. ટ્રાન્સપોર્ટના માધ્યમથી મહારાષ્ટ્રના પાલઘરથી મોકલવામાં આવેલો વિદેશી દારૂનો મોટો જથ્થો કારેલીબાગ પોલીસે ઝડપી પાડ્યો છે. ઉપરાંત, તેની ડિલિવરી લેવા આવેલા બે જણાને પણ આબાદ દબોચી લીધા છે. પોલીસે એક મોપેડ, મોબાઈલ ફોન અને દારૂના ૧૦૫૯ ક્વાર્ટરિયા સહિત કુલ રૂપિયા ૩,૧૯,૮૦૦નો મુદામાલ જપ્ત કર્યો છે. વડોદરામાં શેમ્પૂની બોટલોના નામે દારૂનું પાર્સલ મંગાવનારાની પણ પોલીસે શોધખોળ શરૂ કરી છે.

કારેલીબાગ પીઆઈ એચ એમ વ્યાસે માહિતી આપી હતી કે, કારેલીબાગ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં આવેલી એક ટ્રાન્સપોર્ટ કંપનીમાં શેમ્પૂની આડમાં દારૂનો મોટો જથ્થો મહારાષ્ટ્રથી આવ્યો છે તેવી બાતમી અમને મળી હતી. જેથી અમારા સ્ટાફના માણસોએ કારેલીબાગ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં વોચ ગોઠવી હતી. અમને માહિતી એવી પણ મળી હતી કે, પાર્સલ લેવા માટે બે શખ્સો આવવાના છે. જેથી અમારો સ્ટાફ સતત વોચમાં હતો. જે દરમિયાન બે જણા દારૂનો જથ્થો લેવા આવ્યા હતા. જેને અમે દબોચી લીધા હતા.



પકડાયેલા બંને જણામાં સન્ની ઉર્ફે બાબલો અજીતભાઈ રાજમલ (રહે. શક્તિનગર, ખોડિયાર નગર) અને કુલદિપસીંગ ગુરુદેવસીંગ બાવરી (રહે. કિસનવાડી, વુડાના મકાનમાં)નો સમાવેશ થાય છે. બંને જણા જે પાર્સલની ડિલીવરી લેવા આવ્યા હતા. તેમાં ૧૦૫૯ નંગ ક્વાર્ટરિયા હતા. જેની કિંમત ૩,૧૯,૮૦૦ હતી. પોલીસે આરોપીઓ પાસેથી મોપેડ અને મોબાઈલ પણ જપ્ત કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ હતુ કે, શેમ્પૂની આડમાં દારૂનું પાર્સલ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાંથી ન્યુ જીવન મેડિકલ એન્ડ જનરલ સ્ટોરના નામેથી મોકલવામાં આવ્યુ હતુ. અને એને વડોદરાના પરિવાર ચાર રસ્તા પાસે રહેતા સંદિપ ઉર્ફે પુઠો નામના વ્યક્તિએ મંગાવ્યા હતા. પોલીસે તેની તલાશ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, કારેલીબાગ પોલીસે પકડેલા બંને આરોપીઓ ગુનાઈત ઈતિહાસ ધરાવે છે.

### પતિના લગ્નેતર સંબંધોને કારણે ખટરાગ થયો હતો

# અભયમ્‌ની ટીમે ૧૫ વર્ષના લાંબા લગ્નજીવનમાં ભંગાણ પડતાં અટકાવ્યું

વડોદરા તા. ૧૦

વડોદરા શહેરના વાડી વિસ્તારમાં રહેતા દંપતિ વચ્ચે પર સ્ત્રીનું આગમન થતા પતિ પત્ની ઓર વો ને લઈને પતિ પત્નીના ૧૫ વર્ષના સંસારિક જીવનમાં આફતોનો વાવાઝોડું ફેલાયું હતું અલબત્ત પતિને પર સ્ત્રી સાથે પ્રેમ સંબંધમાં હોય પત્ની સાથે લાગણી અને સંવેદના ઓછી રાખી તેની સાથે અવારનવાર ના જેવી બાબતે ઝઘડા કરીને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી રહ્યો હતો. આ ક્રમ છેલ્લા બે ત્રણ વર્ષથી શરૂ થયો હોવાથી પરણીતા પતિના ત્રાસથી કંટાળી ગઈ હતી પરંતુ લગ્ન જીવન દરમિયાન એક પુત્રી હોવાથી પુત્રી માતા પિતા વગરની ન થાય તે માટે પતિનો ત્રાસ સહન કરી રહી હતી પરંતુ પતિ દ્વારા વધુને વધુ ત્રાસ આપવાનો ચાલુ રહેતા આખરે પરણીત પીડિતા અભિયાનની મદદ લેવા માટે મહિલા હેલ્પલાઈન ની ઓફિસે પહોંચી હતી. જ્યાં અભયમ ટીમને પરણીતાએ તેના પતિ દ્વારા અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાના કારણે શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતો હોવાની હકીકત જણાવી હતી જે હકીકતને ધ્યાને રાખી અભયમ કાઉન્સિલની ટીમ તેની મદદે આવી હતી. અને પતિનો સંપર્ક કરી તમામ હકીકત જાણી પતિને કાનૂની રહે તથા સામાજિક દ્રષ્ટિએ સમજ આપી હતી. અભયમ ટીમે પતિને જણાવ્યું હતું કે પત્ની હયાત હોવા છતાં અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધો રાખવા એ કાનૂની ગુનો બને છે તદ ઉપરાંત આવા સંબંધો સમાજ ને સ્વીકાર્ય નથી હોતાં, ઉપરાંત તેને એક પુત્રી હોવાથી પુત્રી ભવિષ્ય અને જીવન ઉપર તેની શું અસર પડશે તેના પણ ગેરલાભ સમજાવ્યા હતા જોકે પતિને અભયમ ટીમની સમજણથી પોતાની ભૂલનો અહેસાસ થતાં પતિએ પોતાની ભૂલ કબુલ કરીને ખાતરી આપી હતી.

### કાયમી કરવાની માગ સાથે હડતાળ કરી હતી

# શિક્ષણ સમિતિના કર્મીઓને કાયમી કરવા દરખાસ્ત એજન્ડા પર લેવાઈ

વડોદરા, તા.૧૦

વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચોથા વર્ગના ૫૭૦ કર્મચારીઓએ કાયમી કરવાની માંગ સાથે અગાઉ ૨૧ દિવસ હડતાલ પાડી હતી અને આ પ્રશ્ન અંગે કોર્પોરેશનની સમગ્ર સભામાં મંજૂરી માટે નિર્ણય લેવાની ખાતરી આપતા હડતાલ મુલતવી રાખવામાં આવી હતી. કોર્પોરેશનમાં તા. ૧૭ ના રોજ સમગ્ર સભા મળવાની છે, જેમાં કર્મચારીઓના મુદ્દે એજન્ડા પર દરખાસ્ત ચડાવવામાં આવી છે. ત્યારે તા.૧૭મીએ આ અંગે નિર્ણય લેવાશે.

દરખાસ્તમાં વડોદરા ન. પ્રા. શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ અને બાલવાડીઓ તેમજ કચેરીમાં તા.૩-૩-૧૯૯૨ થી ફરજ બજાવતા ચોથા વર્ગના કર્મચારીઓના પ્રોબેશન પિરિયડ દૂર કરવા લેબર કોર્ટનો ફેબ્રુઆરી ૨૦૧૯ના આવેલા ચુકાદાનો અમલ કરવા શિક્ષણ સમિતિએ કરેલા ઠરાવ અંગે તા.૯-૯-૨૦૨૦ અન્વયે શાસનાધિકારીએ કરેલી ભલામણને મંજૂરી આપવા જણાવ્યું છે. ઉલ્લેખનિય છે કે, ગત. ઝા. ૨૫ જૂનના રોજ હડતાલ પર ઉતરેલા કર્મચારીઓના સંઘને શહેર ભાજપ સંગઠન દ્વારા હવે પછી કોર્પોરેશનની મળનારી સમગ્ર સભામાં મંજૂરી માટે નિર્ણય લેવાશે તેવી ખાતરી આપી હતી, જેના પગલે હડતાલ મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### ભરૂચ જિલ્લાના કરજણ-મિયાગામ પાસેનો બનાવ

# બાંદ્રા-હરિદ્વાર એક્સપ્રેસ ટ્રેનમાં પેસેન્જરે ટિકિટ ચેકરને માર માર્યો

## ઈજાગ્રસ્તને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા

વડોદરા તા. ૧૦

શહેર નજીક મીયાગામ કરજણ પાસેથી વડોદરા તરફ આવી રહેલી બાંદ્રા-હરીદ્વાર એક્સપ્રેસ ટ્રેનમાં પેસેન્જરે ટી.સી પર હુમલો કરતા ઈજાગ્રસ્ત ટી.સી.ને સારવાર માટેસયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા આ મામલે રેલવે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

શહેરના વાસણા રોડ ઉપર માધાકુંજ સોસાયટીમાં પરિવાર સાથે રહેતા ૫૮ વર્ષીય પ્રદિપસિંહ મદનસિંહ ચૌહાણ રેલવેમા ટીકિટ ચેકર તરીકે ફરજ બજાવે છે. બુધવારે તેમની ડ્યૂટી બાંદ્રા-હરીદ્વાર એક્સપ્રેસ ટ્રેનમાં હતી. દરમિયાન મીયાગામ કરજણ પાસેથી ટ્રેન વડોદરા તરફ આવી રહી હતી. ત્યારે ટ્રેનમાં સવાર મનીષ વિનોદભાઈ ઉપાધ્યાય અને પ્રદિપસિંહ વચ્ચે બોલાચાલી થઈ હતી. જોતજોતામાં મામલો વધુ ઉગ્ર બનતા બંને વચ્ચે મારામારી થઈ હતી. જેને પગલે પ્રદિપસિંહ ઈજાગ્રસ્ત થયા હતા. જેથી ટ્રેન વડોદરા આવતા ઈજાગ્રસ્ત પ્રદિપસિંહને સારવાર માટે સયાજી હોસ્પિટલમા ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ રેલવે પોલીસમા કરતા પોલીસ દ્વારા આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બાંદ્રા-હરીદ્વાર એક્સપ્રેસ ટ્રેનમાં મનીષ ઉપાધ્યાય ટિકિટ વગર સફર કરી રહ્યા હતા. ટીસી પ્રદિપસિંહ દ્વારા તેમની પાસે ટિકિટ માગતા તેઓએ ના પાડી દીધી હતી. જેથી પ્રદિપસિંહે દંડ ભરવો પડશે અને તેની માટેની કાર્યવાહી કરી રહ્યા હતા તે દરમિયાન મનીષે પાછળથી પ્રદિપસિંહ ઉપર હુમલો કર્યો હતો.

Printed and Published by Sanjay Pravinkumar Shah on behalf of Inkpot Publication Private Limited, Printed at 530 & 533, Narsinh Estate, OPP. Lubi Gel LLP, Near Bus Stand, village Manjusar, Taluka Savli, Dist. Vadodara, Gujarat - 391775 and Published at: 3rd Floor, Satva Avenue, Beside Avsar Party Plot, Sama-Savli Main Road, Vadodara-390008. • Editor*: Sanjay Pravinkumar Shah • RNI NO: 1667/57
All rights reserved Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission of the Editor is prohibited.
For News Contact : E-mail : pressnote@loksattajansatta.com | For Advertisement Contact : E-mail : advt@loksattajansatta.com


યુનિ. ગર્લ્સ હોસ્ટેલની ઘટના બાદ સત્તાધીશોએ ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળાં માર્યા

# MSU મેસમાં ભોજનની ગુણવત્તા ચકાસવા કમિટી

## કમિટી દ્વારા એસડી હોલ અને પોલિટેક્નિક કોલેજની મેસની મુલાકાત લઇ કામગીરી શરૂ કરાઇ

વડોદરા, તા.૧૦

એમ.એસ. યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલની મેસમાં પીરસવામાં આવેલા ભોજનના કારણે ૨૦૦થી વધુ વિદ્યાર્થિનીને ફૂડ પોઈઝનની અસર થઈ હતી. જે બાદ યુનિ. સત્તાધીશો દ્વારા તાત્કાલિક પાંચ સભ્યોની કમિટીની રચના કરવામાં આવી હતી. જે કમિટી દ્વારા આજરોજ ગર્લ્સ હોસ્ટેલના એસડી હોલ તેમજ પોલિટેક્નિક કોલેજની હોસ્ટેલની મેસની મુલાકાત લેવામાં આવી હતી. જોકે, ગર્લ્સ હોસ્ટેલની એસડી હોલની મેસનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવ્યો હોવાથી ત્યાં કોન્ટ્રાકટર દ્વારા જગ્યા ખાલી કરવાની કામગીરી કરાઈ રહી હતી. જ્યારે પોલિટેક્નિક કોલેજની હોસ્ટેલમાં મેસની સ્થિતિ સારી હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, કમિટી દ્વારા પોલિટેક્નિક હોસ્ટેલના મેસ સંચાલકને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. તેમજ સોમવારથી શરૂ થતી તમામ મેસમાં ફસાઈના નિયમોનું કડક પાલન કરવાનો નિર્ણય કમીટી દ્વારા લેવામાં આવ્યો છે.




એમ. એસ. યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં બનેલી ઘટના બાદ સત્તાધીશોને ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા મારવા જેવો ઘાટ કર્યો છે. ૨૦૦થી વધુ વિદ્યાર્થિનીને ફૂડ પોઈઝનની અસર થયાના લગભગ ૨૦ કલાક બાદ ફૂડ સેફટી કમિટીની રચના કરવામાં આવી હતી. જેમાં કન્વિનિયર સહિત ૬ સભ્યનો સમાવેશ કરાયો છે. જેમાં કન્વિનિયર તરીકે બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય પ્રો. પદ્મજા સુધાકરની નિમણુંક કરાઈ છે. તે ઉપરાંત સભ્ય તરીકે ફૂડ એન્ડ ન્યુટ્રીશ્યન વિભાગના પ્રો. વનિષા નામ્બિયાર, ડો. સ્વાતિ ધ્રુવ, મેડિસિન ફેકલ્ટીના ડો. સંગીત પટેલ, ઓએઆઈના ડે. કો-ઓર્ડીનેટર ડો. રણજિત દેવકર અને પોલિટેક્નિક કોલેજના સિવિલ વિભાગના પ્રાધ્યાપક સંદીપ ગોખલેની નિમણુંક કરાઈ છે.

સત્તાધીશો દ્વારા રચાયેલી કમિટી દ્વારા આજરોજ ગર્લ્સ હોસ્ટેલની એસડી હોલની મેસની મુલાકાત લેવામાં આવી હતી. જોકે, કોન્ટ્રાકટ રદ કરવામાં આવ્યો હોવાથી કોન્ટ્રાકટરના કર્મચારીઓ દ્વારા જગ્યા ખાલી કરવાની કામગીરી કરાઈ રહી હતી. જ્યારે બીજી મુલાકાત પોલિટેક્નિક કોલેજની બોઈઝ હોસ્ટેલની મેસની લેવામાં આવી હતી. જેમાં કોન્ટ્રાકટરના માણસો અને વિદ્યાર્થીઓ દ્વારા વાતચીત કરી તપાસ કરવામાં આવી હતી. તેમજ મેસની ચકાસણી પણ કરવામાં આવી હતી. જેમાં ફસાઈના નિયમો અનુસાર જરૂરી સૂચના આપવામ આવી હતી. તેમજ કેટલાક માર્ગદર્શન પણ આપવામાં આવ્યા હતા. જેના આધારે મેસ સંચાલક દ્વારા જરૂરી ફેરફાર કરવાની બાંહેધરી આપવામાં આવી હોવાનું કમિટીના કન્વિનિયરે જણાવ્યું હતું.

બીજી તરફ યુનિ.ની મોટાભાગની હોસ્ટેલમાં મેસનો પ્રારંભ સોમવારથી થઈ રહ્યો છે. તેની માટેની ખાસ બેઠક પણ સોમવારે બોલાવવામાં આવી છે. જેમાં તમામ મેસના કોન્ટ્રાકટરને ફસાઈના તમામ નિયમોનું કડક પાલન કરવા માટે સૂચના આપવામાં આવશે. જે કોન્ટ્રાકટર દ્વારા ફસાઈના નિયમોનું પાલન કરવામાં નહીં આવે તેમની સામે સત્તાધીશો દ્વારા જરૂરી પગલાં પણ લેવામાં આવશે તેમ કમિટીના એક સભ્યએ જણાવ્યું હતું.

### વિદ્યાર્થિનીઓ માટે મેસની વ્યવસ્થા કરવામાં સમય લાગશે

વાઈસ ચાન્સેલર પ્રો. ધનેશ પટેલે જણાવ્યું હતું કે, યુનિ.ની ગર્લ્સ હોસ્ટેલમાં બનેલી ઘટના બાદ કોન્ટ્રાકટ રદ કરવામાં આવ્યો છે. ત્યારે વિદ્યાર્થિનીઓ માટે ભોજનની વ્યવસ્થા કરવી તે અમારી જવાબદારી છે. આવતીકાલે બપોર સુધીમાં વિદ્યાર્થિનીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી દેવામાં આવશે. તેમજ મેસનો નવો કોન્ટ્રાકટ આપવા માટે જરૂરી ટેન્ડર પ્રક્રિયા પણ કરવામાં આવશે. આ વખતે ટેન્ડરની શરતો પણ વધારે કડક બનાવવામાં આવશે. જેથી ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને.

### વિવિધ ફેકલ્ટીની કેન્ટિનની હાલત પણ કફોડી

એમ. એસ. યુનિ.ની વિવિધ ફેકલ્ટીમાં પણ વિદ્યાર્થીઓ માટે કેન્ટીન હાલ કાર્યરત છે. જે કેન્ટીનમાં પણ તપાસ કરવાની જરીરુયાત છે. આજરોજ સાયન્સ ફેકલ્ટીની કેન્ટીનનો એક વિડીયો વાયરલ થયો છે. જેમાં એઠાં વાસણમાં કુતરા મોં મારી રહ્યા હોવાનું સ્પષ્ટ દેખાય છે. ત્યારે યુનિ. સત્તાધીશો દ્વારા રચાયેલી કમિટીને હાલ માત્ર હોસ્ટેલ પર ફોકસ કરવા માટે આદેશ કરાયો છે. બીજી તરફ વિવિધ ફેકલ્ટીમાં રોજના હજારો વિદ્યાર્થીઓ નાસ્તો કરતા હોય છે, ત્યારે તેમના સ્વાસ્થ્યની ચિંતા કોણ કરશે તે પ્રશ્ન ઉભો થયો છે.

છેલ્લાં દસ વર્ષમાં રાજ્યભરમાં વિવિધ સ્થળોએ નોંધાયેલા ૨૬૪ ગુનાઓમાં સંડોવાયેલી

# સિકલીગર ગેંગ સામે ૧૧૨૦ પાનાંની ચાર્જશીટ

## સિકલીગર ગેંગ ઝડપાઈ જતાં ગુનામાં ૭૦ ટકા ઘટાડો : ચાર્જશીટમાં ૨૧૧ લોકોના નિવેદનો

વડોદરા, તા. ૧૦

રાજ્યભરમાં ૨૬૪ સ્થળોએ ઘરફોડ અને દુકાનોમાં ચોરીઓ કરીને હાહાકાર મચાવનાર વડોદરાના કુખ્યાત જોગીન્દરસીંગની સિકલીગર ગેંગ સામે ૧૭ આરોપીઓની ગુજસીટોકના નવા કાયદા હેઠળ ગુનો નોંધી તમામ આરોપીઓની ધરપકડ બાદ શહેર પોલીસે ૧૨૦ દિવસની તપાસના અંતે સિકલીગર ગેંગ સામે ૧૧૨૦ પાનાની દળદાર ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી.

સિકલીગર ગેંગના મુખ્ય સુત્રધાર જોગીન્દરસીંગ અને તેના ૧૬ સાગરીતોએ છેલ્લા દસ વર્ષમાં વિવિધ સ્થળોએ લુંટ, ધાડ, ચોરી, ઘરફોડ ચોરી, મારામારી અને દારૂબંધી સહિત ૨૬૪ ગુના આચર્યા હતા. સંગઠીત ટોળકી બનાવીને ગુના આચરતી સિકલીગર ગેંગ વિરુધ્ધ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ આર જી જાડેજાએ બાપોદ પોલીસ મથકમાં ગુજસીટોકના નવા કાયદા હેઠળ ફરિયાદ નોંધાવી હતી જેની જી-ડિવિઝનના એસીપી એમ પી ભોજાણીને તપાસ સોંપાઈ હતી. પોલીસે સિકલીગર ગેંગના સુત્રધાર જોગીન્દરસીંગ સહિત તમામ ૧૭ સભ્યોની ધરપકડ કરી તેઓને જેલભેગા કર્યા છે.

આરોપીઓના રિમાન્ડ દરમિયાન એવી વિગતો મળી હતી કે ટોળકી રાત્રે બેથી પાંચ વાગ્યાના અરસામાં અને જ્યાં પોલીસ પેટ્રોલીંગ નહીવત હોય તેવા વિસ્તારમાં ચોરી કરેલા ટુવ્હીલ અને ફોર વ્હીલમાં ત્રાટકતી હતી તેમજ ચોરી કરવા પાના, પક્કડ,ડિસીમીસ,સળિયા, ગણેશિયા, ડુપ્લીકેટ ચાવીનો અને બચાવ માટે પિસ્તોલ જેવા હથિયારનો ઉપયોગ કરતી હતી. પોલીસે ૧૨૦ દિવસની તપાસના આશરે ૨૧૧ જેટલા સાક્ષીઓ અને ફરિયાદીના નિવેદનો મેળવ્યા હતા અને તપાસના અંતે ૧૧૨૦ પાનાની ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી છે. પોલીસે આરોપીઓની સ્થાવર જંગમ મિલકતો ચેક કરવા માટે ૭૫૦ જેટલી બેંક, તમામ આરટીઓ, સિટી સર્વે અને રજીસ્ટ્રેશન કચેરીમાંથી માહિતી એકત્ર કરી હતી અને સિકલીગર ગેંગના ત્રણ વર્ષના આઈટી રિર્ટન મેળવવાની તજવીજ હાથ ધરાઈ છે. જોકે સિકલીગર ગેંગના તમામ સભ્યો અભણ અને રૂઢીચુસ્ત હોઈ તેઓએ મેળવેલી અવૈધ મિલકત ઘર વપરાશ, દારૂ જુગાર અને મોજશોખમાં વેડફી નાખી હોઈ તેઓના નામે કોઈ સ્થાવર જંગમ મિલકતો મળી નથી.

સિકલીગર ગેંગના તમામ આરોપીઓ અત્રેની સેન્ટ્રલ જેલમાં હતા જ્યાં આ ગેંગની નેકસેસન તોડી ગુના પર અંકુશ મેળવવા તમામ આરોપીઓને રાજ્યની અલગ અલગ જેલમાં મોકલી આપવામાં આવ્યા છે અને આ કેસ માટે ખાસ નિમાયેલા સરકારી વકીલ રઘુવીર પંડ્યાની દલીલોના કારણે અત્યાર સુધી એક પણ આરોપીઓને હજુ સુધી જામીન મળ્યા નથી. પોલીસે દાવો કર્યો હતો કે સિકલીગર ગેંગની ધરપકડ બાદ તેઓ દ્વારા આચરવામાં આવતા હોય તેવા ગુનામાં ૭૦ ટકાનો ઘટાડો થયો છે.

### ગેંગ પાસેથી ૧.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત

ગુજસીટોક હેઠળ ઝડપાયેલી સિકલીગર ગેંગની પુછપરછ બાદ પોલીસે ટોળકી પાસેથી વિવિધ ગુનાના કુલ ૧.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મુદ્દામાલમાં ૧૦.૮૩ લાખથી વધુની રોકડ તેમજ સોનાચાંદીના દાગીના, સોનાનો ઢાળિયો, સહિત ૮૩૪ ગ્રામ સોનુ અને ૫.૯૮૬ કિલોગ્રામ ચાંદી, ચાંદીના સિક્કા, વાસણો, અછોડો, કડી તેમજ ઘડિયાળ, અમ્પ્લીફાયર અને સ્પિકરો, મોબાઈલ ફોન ઉપરાંત ૧૩ ટુવ્હીલર અને ૧૩ ફોર વ્હિલરનો સમાવેશ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શહેરમાં મિયાવાકી ફોરેસ્ટ બનાવવા માટે વૃક્ષ વાવેતર ડ્રાઇવ



વડોદરા: પર્યાવરણીય પુનઃ સ્થાપન તરફના એક પગલામાં પહેલ ટ્રી લવર્સ એજ્યુકેશનલ એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના સહયોગથી ચાર્જઝોન દ્વારા ગોત્રી ખાતે વૃક્ષારોપણ અભિયાન હાથ ધર્યું હતું, જેનાં દ્વારા મિયાવાકી જંગલના નિર્માણમાં યોગદાન આપ્યું હતું. પહેલના ભાગરૂપે ચાર્જઝોનના ૩૫ ટીમ સભ્યોએ ૩૦૦ મૂળ વૃક્ષો વાવ્યા હતા. હવે આ સ્થળ એક વિશાળ મિયાવાકી વન ઇકોસિસ્ટમનો ભાગ બની ગયો છે, જેમાં પહેલાથી જ અદિતિ, ગંગા, જીતા, જમુના, મણિ, શાંતનુ અને ભગવતી નામના સાત સમૃદ્ધ પ્લોટમાં ૧૬,૦૦૦થી વધુ વૃક્ષો છે. સ્થળ પર સરેરાશ વૃક્ષની ઊંચાઈ ૧૫થી ૨૦ ફૂટ છે, જે મિયાવાકી પદ્ધતિની સફળતા દર્શાવે છે.

### રોટરી ક્લબ ઓફ જવાહરનગરના નવા હોદ્દેદારોની વરણી



વડોદરા : રોટરી ક્લબ ઓફ જવાહરનગર દ્વારા ગઈકાલે સાંજે નવા હોદ્દેદારોના પદગ્રહણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતુ. મુખ્ય મહેમાન અને ડિસ્ટ્રિક્ટ ગવર્નર અમરદીપસિંહ બુનેટની ઉપસ્થિતીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ક્લબના નવા પ્રમુખ મિતેશ વાઢિયા, માનદ સચિવ તરીકે મનીષ શાહ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરીકે પદાધિકારીઓએ તેમનો કાર્યભાર સંભાળ્યો હતો. નવ નિયુક્ત હોદ્દેદારો વર્ષ ૨૦૨૫-૨૬ માટે ક્લબના હોદ્દેદાર તરીકેનો કાર્યભાર સંભાળશે.

### નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાની વિદ્યાર્થિનીઓને ડ્રાયફ્રૂટનું વિતરણ કરાયું



શહેરના વાઘોડિયા રોડ ખાતે આવેલા યુવા શક્તિ દ્વારા ગૌરીવ્રત નિમિત્તે ૪૦૦ થી વધું દિકરીઓને ડ્રાયફ્રુટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભે ગંભીરા બ્રિજની ગોઝારી દુર્ઘટનાને લઈ બે મિનિટ મૌન પાળવામાં આવ્યું હતુ. ત્યાર બાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનની કવિ પ્રેમાનંદ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી વિધ્યાર્થીનીઓને ડ્રાયફ્રૂટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં શહેર ભાજપા પ્રમુખ ડો. જયપ્રકાશ સોની, ડભોઈના ધારાસભ્ય શૈલેશ મહેતા શિક્ષણ સમિતીના અધ્યક્ષ નિશિદ દેસાઈ સહિત ઉપસ્થિત રહ્યાં હતા.

મોડી રાત્રે હાઈવે પર લૂંટફાટ કરતી ટોળકીનો પર્દાફાશ

# હથિયારની અણીએ વાહનચાલકોને લૂંટી લેનાર ટોળકીના ૬ જણા ઝડપાયા

## તમામ આરોપીઓ રીઢા ગુનેગાર : ત્રણ ગુનાનો ભેદ ઉકેલાયો



વડોદરા, તા. ૧૦

હાઈવે પરથી પસાર થતાં એકલદોકલ વાહનચાલક અને ટ્રકચાલકોને ઘાતક હથિયારની અણીએ લુંટી લેનાર ટોળકીના પાંચ આરોપીઓને પોલીસે ઝડપી પાડી તેઓની પાસેથી દોઢ લાખથી વધુની મત્તા જપ્ત કરી હતી. શહેરમાં સાત ગુનામાં સંડોવાયેલી ટોળકીની પ્રાથમિક તપાસમાં વધુ ત્રણ ગુનાનો ભેદ ઉકેલાતા પોલીસે તેઓની ઘનિષ્ટ પુછપરછ શરૂ કરી જે જેમાં હજુ વધુ ગુનાનો ભેદ ઉકેલાય તેમ મનાઈ રહ્યું છે.

ગત ૯મી તારીખના મોડી રાત્રે હાઈવે પર જીએસએફસીના સર્વિસ રોડ પર એક ટ્રકચાલકને મોપેડ પર આવેલી ત્રિપુટીએ રસ્તામાં આંતરીને ઉભો રાખ્યો હતો અને તું એકસીડન્ટ કરકે ક્યું ભાગા ? તેવો ખોટો આક્ષેપ કરીને ત્રિપુટીએ ટ્રક ડ્રાઈવર અને ક્લિનર પાસેથી ચાકુની અણીએ રોકડ અને મોબાઈલ ફોનની લુંટ કરી હતી જે બનાવની છાણી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. આ બનાવની એ ડિવિઝનના એસીપી ડી જે ચાવડા તેમજ છાણી પીઆઈ એ એમ પરમાર સહિતની ટીમે સીસીટીવી ફુટેજ અને ટેકનીકલ સોર્સની મદદથી લુંટારાઓની શોધખોળ કરી હતી અને આ ગુનામાં સંડોવાયેલા દુમાડમાં રહેતા પ્રતીક ચૌહાણ, સમીર ઠાકોર, મૌલિક પરમાર, શુભમ ચૌહાણ તેમજ સમામાં રહેતા ધવલ પગી અને વેમાલીમાં રહેતા નકુલ ગઢવીને પોલીસે ઝડપી પાડ્યા હતા.

પોલીસે ટોળકી પાસેથી ગુનામાં વપરાયેલા અને લુંટ કરાયેલાં ત્રણ મોબાઈલ ફોન તેમજ ચાકુ, એક મોપેડ અને બે બાઈક સહિત દોઢ લાખથી વધુની મત્તા કબજે કરી હતી. પ્રાથમિક તપાસમાં આ ટોળકીએ બાપોદ અને ગોલ્ડન ચોકડી પાસે પણ લુંટ કરી હોવાની કબુલાત કરતા ત્રણ ગુનાનો ભેદ ઉકેલાયો હતો. આ ટોળકીના સભ્યો રીઢા આરોપીઓ હોવાની અને તેઓ આ અગાઉ શહેરના સાત અલગ અલગ પોલીસ મથકોમાં લુંટ ચોરીના ગુનામાં સંડોવાયેલા હોવાની વિગતો સપાટી પર આવી હતી.

# વડોદરા જિલ્લામાં ૧.૭૬ લાખ ચો.મી. જમીન સંપાદન કરાશે

વડોદરા, તા.૧૦

વડોદરા જિલ્લામાં સામલિયા રેલવે બ્રિજ અને લોટાના બાયપાસ લાઈન સહિતની વિશેષ રેલવે પરિયોજના અંતર્ગત ડભોઈ-સામલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પશ્ચિમ રેલવે દ્વારા વાઘોડિયા અને ડભોઈ તાલુકાની કુલ ૧,૭૬,૪૮૪ ચોરસ મીટર જમીન સંપાદિત કરવામાં આવશે. આ પ્રક્રિયા સામે આગામી ૩૦ દિવસ સુધી વાંધા અરજીઓ રજૂ કરી શકાશે. આ પ્રોજેક્ટમાં સામલિયા રેલવે ફ્લાયઓવર બ્રિજ (લંબાઈ ૮.૪૦ કિલોમીટર) અને લોટાના બાયપાસ લાઈન (લંબાઈ ૭.૫૫ કિલોમીટર) નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ડભોઈ-સામલિયા ગેજ કન્વર્ઝન (૪૬.૪૫ કિલોમીટર) ના અમલીકરણ માટે આ જમીન સંપાદિત કરવામાં આવી રહી છે. જમીન સંપાદનની આ પ્રક્રિયામાં ડભોઈ તાલુકાના તરસાણા ગામ અને પ્રયાગપુરા તથા વાઘોડિયા તાલુકાના કરમલીયાપુર, જંબુવાડા, વાઘોડિયા, વ્યારા, નવા આજવા, જરોદ, વ્યંકટપુરા, રાયન તલાવડી, તાવરા અને ઝફરપુરા ગામોની ખેતી, બિનખેતી અને સરકારી જમીનોનો સમાવેશ થાય છે. આ જમીનના સંપાદન અને ઉપયોગ સંબંધે, કોઈપણ વાંધો ધરાવનાર વ્યક્તિ અથવા પક્ષ આગામી ૩૦ દિવસના સમયગાળામાં લેખિતમાં વાંધાની જાણ કરી શકશે. વાંધા અરજી પ્રાંત અધિકારી, સાવલી અને પ્રાંત અધિકારી, વાઘોડિયાને કરવાની રહેશે.

# વડોદરા શહેર-જિલ્લામાં હર્ષોઉલ્લાસ સાથે ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી

## પવિત્ર યાત્રાધામ ચાણસદ ખાતે ગુરુપૂનમની વિધિવત ઉજવણી



ગુરુ પૂર્ણિમા એટલે સનાતન માન્યતા અનુસાર ગુરુ એટલે આત્મા અને પરમાત્મા વચ્ચે નો સેતુ કે જે છે પ્રત્યેક ને માટે મોક્ષ નો હેતુ. આજના આ પવિત્ર પર્વે સમગ્ર વિશ્વ માં સનાતન ધર્મની જ્યોત ને સદૈવ પ્રજવલિત રાખનાર વિશ્વ વંદનીય પ્રમુખ સ્વામી મહારાજ ના પ્રાગટ્ય સ્થાન ચાણસદ ખાતે તેઓની બી એ પી એસ સંસ્થા ના પ્રમુખ વરણી ના પંચોતેર માં વર્ષે પૂજ્ય સંતો ની રાહબરી હેઠળ પંચોતેર પ્રકારના વિવિધ લાડુઓ નો ભવ્ય ભોગ ધરાવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે પ્રગટ બ્રહ્મ સ્વરૂપ મહંત સ્વામી મહારાજ ની ઉપસ્થિતિ માં ઉજવાયેલ ગુરુ પૂર્ણિમા ઉત્સવ માં થી તેમજ અટલાદરા મંદિર થી પણ ખૂબ જ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો એ આજે અહીં ચાણસદ ખાતે આ ૭૫ પ્રકાર ના લાડુ ભોગ ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. અટલાદરા ખાતે પણ મોટી સંખ્યામાં ભક્તો તથા ભાજપ શહેર પ્રમુખ સહિત રાજકીય નેતાઓ ગુરુના ચરણ પર્શ માટે માટે અટલાદરા સ્વામિનારાયણ મંદિર ખાતે પહોંચ્યા હતા. અને ગુરુજીના આશીર્વાદ લીધા હતાં.

## વેદોક્ત મંત્રોના ઉચ્ચારણ સાથે કાવી-કંબોઈમાં ગુરુપૂર્ણિમા ઉજવાઈ



ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કાવી કંબોઈ ખાતે આવેલ પૌરાણિક સ્તંભેશ્વર મહાદેવ મંદિર ખાતે નાં મહંત વિદ્યાનંદજીના સાનિધ્યમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુ વંદના નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં ગુરુજનો ભક્તજનો શિષ્ય મોટી સંખ્યામાં ગુરુજીના ચરણસ્પર્શ તથા સ્તંભેશ્વર મહાદેવના દર્શન માટે કાવી કંબોઈ વહેલી સવારથી જ આવવાની શરૂઆત થઈ ગઈ હતી. મોટી સંખ્યામાં ગુરૂજનો એ ગુરુ દર્શન અને ચરણ સ્પર્શ કરી આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી.

### માંજલપુરના વ્રજધામ સંકુલમાં ગુરુપૂજન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા



ગુરુપૂર્ણિમા એટલે વ્યાસ પૂર્ણિમા આજના દિવસે ભગવાનના જ્ઞાનકલાના અવતાર શ્રી વેદ વ્યાસજી નું પ્રાગટ્ય થયું વ્યાસજીએ અસંખ્ય ગ્રંથોની રચના કરી માનવ સમાજને જીવન દિવ્ય બનાવવાની માર્ગદર્શિકા પ્રદાન કરી .આજે વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજીની અધ્યક્ષતામાં વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો હતો. ગુરુપૂર્ણિમા જે વ્યાસપૂર્ણિમા તરીકે સમગ્ર દેશ તથા વિદેશોમાં પણ ઉત્સાહભેર ઉજવાય છે, એની પારંપરિક પ્રેરક ઉજવણી આજે શહેરના વ્રજધામ આધ્યાત્મિક સંકુલ, માંજલપુર ખાતે યોજાઈ હતી. શ્રીવલ્લભકુલભુષણ વૈષ્ણવાચાર્ય પૂજ્યશ્રી વ્રજરાજકુમારજીના મંગલ સાનિધ્યમાં વ્રજધામ સંકુલ ખાતે હજારો ભાવિકજનોની ઉપસ્થિતિમાં ગુરુપૂર્ણિમાની પારંપરિક ઉજવણી થઈ હતી.શ્રીકૃષ્ણ ભક્તિ સંગીત ની રમઝટ બોલાવવામાં આવી હતી. સાથે શ્રી ઠાકોરજી સુખાર્થે મોર કુટીર મનોરથનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ગુરુપૂર્ણિમા ના પ્રસંગે વ્રજધામ સંકુલ ખાતે ભાવિક ભક્તજનોઉપસ્થિત રહ્યા હતા.

### લાલબાગ જૈન સંઘ ખાતે આચાર્ય ધર્મ ધુરંધરસુરિ મહારાજની નિશ્રામાં ગુરુપૂર્ણિમાની ઉજવણી




વલ્લભ સુરી સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ આચાર્ય ધર્મધુરંધરસુરી મહારાજે આજે ચંદ્રોદય ગુરુ નું ભાવપૂર્વક પુજન કર્યુ હતું. સંઘના ટ્રસ્ટી વારિસ શાહે જણાવ્યું હતું કે લાલ બાગ જૈન સંઘ ના ઉપકારી એવા ચંદ્રોદય વિજયજી મહારાજને ૧૯૬૭ માં મુંબઈ થી અંબાલાલભાઈ, ચીમનલાલ તથા જીકાકા ત્રણેય થઈ ને વડોદરામાં લાવ્યા હતા.અને ગુરુદેવ નો કાળધર્મ ૧૯૯૮ માં માંજલપુર માં થયો હતો... ગુરુદેવે ઘંટાકર્ણ મહાવીર આજથી ૫૪ વર્ષ પુર્વે કર્યા હતા. આજે ગચ્છાધિપતિ આચાર્ય ધર્મધુરંધરસુરી મહારાજ ની નિશ્રામાં વીર ના ૧૧,તથા ચન્દ્રોદય વિજયજી મહારાજ ના ૩૦ અભિષેક કરવામાં આવ્યા હતા. દરમિયાનમાં જૈન અગ્રણી દીપક શાહે જણાવ્યું હતું કે આજે ગુરૂદેવે સુરીમંત્ર થી વાસિત વાસક્ષેપ કરી આચાર્ય વિજય વલ્લભ સુરી મહારાજ ની પ્રતિમા સંઘના ટ્રસ્ટી વારિસ શાહ તથા જગદિશભાઈ શાહે કરી હતી. આજે ભારતભરમાં થી ગુરુ ભકતો મોટી સંખ્યામાં લાલબાગ જૈન સંઘ ખાતે ઉમટી પડ્યા હતા. અને ગુરુદેવ ગુરુ પૂર્ણિમા નું અને ગુરુ નું શું મહત્વ હોય છે તે ખુબ સુંદર રીતે સમજાવ્યું હતું.

### ગુરુપૂર્ણિમાના પાવન પર્વે શ્રી કલ્યાણરાયજી હવેલી ખાતે ઉજવણી



ગુરુ પૂર્ણિમા એ આધ્યાત્મિક અને ધાર્મિક પરંપરામાં એક અત્યંત પાવન દિવસ છે. પુષ્ટિમાર્ગમાં ગુરુપૂર્ણિમા નું વિશેષ મહત્ત્વ રહેલ છે અને જે ભક્તિ અને સાધનાના માર્ગ પર ચાલતા વૈષ્ણવો માટે અમુલ્ય છે, કારણ કે ગુરુ એ જ્ઞાનના પ્રકાશરૂપ છે. અને તેઓ શિષ્યને સત અને સત્ય સુધી પહોંચાડે છે. ગુરુ પૂર્ણિમાના આ પાવન અવસરે વડોદરા સ્થિત શ્રી કલ્યાણરાયજી હવેલી ખાતે, પ. પુ. ગોસ્વામી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના આશીર્વાદ તેમજ માર્ગદર્શન મેળવવા ગુરુ વંદના પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર અવસરે શ્રી કલ્યાણરાયજી હવેલી ખાતે "ગુરુવંદના પર્વ" ઉજવણી કરવામાં આવી હતી.જે અંતર્ગત ભજન સંધ્યા, વૈદિક મંત્રોચ્ચાર, પાદ્યપૂજન અને કેસર સ્નાન નો વિશિષ્ટ ક્રમ રાખવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં પૂ. મહારાજશ્રી ની આગવી ઉપસ્થિતિ અને શ્રદ્ધાની ભાવનામાં આનંદ, શાંતિ અને જ્ઞાનનો પ્રસાદ પામવાનો અવસર વૈષ્ણવોને મળ્યો હતો.

### ગુરુપૂર્ણિમા નિમિત્તે કેવલ પરિવાર દ્વારા અમીન પાર્ટી પ્લોટ ખાતે ગુરુ વંદનાનો કાર્યક્રમ યોજાયો



ગુરુપૂર્ણિમા નો દિવસ એટલે ગુરુ પૂજન ગુરુ વંદનાનો પાવન અવસર આ દિવસે ગુરુ ભક્તો શિષ્યો તથા ભક્તજનો માટે ગુરુના ચરણ સ્પર્શ કરી ધન્યતા અનુભવવાનો દિવસ ત્યારે ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુ વંદના માટે કેવલ પરિવાર દ્વારા શહેરના અમીન પાર્ટી પ્લોટ ખાતે ગુરુ વંદના માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં પાદુકા પૂજન ભજન કીર્તન તથા પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગુરુ ભક્તો શિષ્યો તથા ગુરુજનો ઉપસ્થિત રહ્યા હતા અને પરમ પૂજ્ય શ્રી કેવલાનંદજીને ચરણ સ્પર્શ કરીને ધન્યતા અનુભવી હતી.

### દત્ત મંદિરોમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે વહેલી સવારથી જ ગુરુજનોની દર્શન માટેની ભીડ જોવા મળી



આજે ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે બ્રહ્મા વિષ્ણુ મહેશ ના અવતાર એવા શહેરમા આવેલા ગુરુ દત્તાત્રેય મંદિરમાં વહેલી સવારથી જ ભક્તજનોની ભારે ભીડ જોવા મળી હતી. વડોદરા શહેરમાં સુરસાગર, ભુતડી ઝાંપા, તથા કીર્તિ મંદિર ખાતે આવેલા પૌરાણિક દત્ત મંદિર ખાતે ગુરુ દત્તાત્રેયના દર્શન અને ચરણ સ્પર્શ માટે ભક્તોની લાંબી લાઈનો જોવા મળી હતી. તો બીજી તરફ મંદિરમાં ગુરુદેવ દત્ત... ગુરુદેવ દત્ત... ના નાદ તથા દત્ત બાવની ના ગાન થી મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ વ્યાપી ગયું હતું. ગુરુ દત્તાત્રેય ભગવાને ૨૪ ગુરુ કર્યા હોવાનું હિન્દુ શાસ્ત્રોમાં વર્ણન કરવા કરાયું છે.

### તટસ્થ અને પારદર્શક તપાસ થઈ શકે તે બાબતને ધ્યાને લઈ

# દાહોદ મનરેગાના કામોની તપાસ ટીમો સાથે જિલ્લાની ૧૦ ટીમો પણ જોડાઈ

### ધાનપુર અને દેવગઢબારિયા તાલુકામાં ૨૫૦૦ જેટલા કામોનું નિરીક્ષણ કરાશે

દાહોદ, તા.૧૦

દાહોદ જિલ્લામાં મનરેગા કૌભાંડમાં એક તરફ પોલીસની કાર્યવાહી ચાલી રહી છે. ત્યારે બીજી તરફ આ મહાકૌભાંડનો રેલો ગુજરાત સરકાર સુધી પહોંચ્યો છે. જેના પગલે ગ્રામ વિકાસ કમિશનરે બનાવેલી ૧૦ ટીમો મનરેગા યોજનામાં ધાનપુર અને દેવગઢબારિયા તાલુકામાં ૨૫૦૦ જેટલા કામોનું નિરીક્ષણ કરશે. આ ટીમો સાથે જિલ્લાની ૧૦ ટીમો પણ તેમને સહકાર આપવા માટે કામે લાગી છે. આમ સ્થાનિક કર્મચારીઓની જોતરાતા નિષ્પક્ષ તપાસ થશે તેમ સ્પષ્ટ પણે લાગી રહ્યું છે.

દાહોદ જિલ્લામાં મનરેગા કૌભાંડમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના તત્કાલીન નિયામકે દાહોદ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યા અનુસાર તારીખ ૧-૧-૨૦૨૧ થી તારીખ ૩૧-૧૨-૨૦૨૪ દરમિયાન દેવગઢબારિયા તાલુકાના કુવા, રેઢાણા તથા ધાનપુરના સીમામોઈ ગામમાં થયેલ મનરેગા યોજના હેઠળ સામૂહિક કામોની સ્થળ તપાસણી અન્વયે કામો અપૂર્ણ જણાયા હતા. છતાં તે કામોનું કમ્પ્લીસન સર્ટિ તથા ખોટા પુરાવા ઊભા કરી પૂર્ણ પેમેન્ટ કરી દેવાયું છે. જેથી ફરજમાં નિષ્કાળજી દાખવનાર જવાબદાર સરકારી અધિકારી, કરાર આધારિત કર્મચારીએ સરકારને આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. આ કૌભાંડમાં હવે રાજ્ય ગ્રામ વિકાસ વિભાગ એટલે કે સરકાર પોતે મેદાનમાં આવી છે. જેમાં આદેશ અનુસાર કમિશનર ઓફ રૂરલ ડેવલપમેન્ટ દ્વારા વિવિધ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓના કર્મચારીઓની ૧૦ ટીમો બનાવવામાં આવી છે. એક ટીમમાં ત્રણ સભ્ય હશે. અને તેમાં ડી.ડી.પી.સી. ટેકનિકલ આસિસ્ટન્ટ અને એક એમ.આઈ.એસ.નો સમાવેશ થાય છે. આ ટીમો દેવગઢ બારિયા અને ધાનપુર તાલુકામાં મનરેગાના જે કામોનો પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ છે અને તેમાં કામો અપૂર્ણ હોવા છતાં નાણાં ચૂકવી દેવા, એલ-૧ સિવાયની બિનપાત્રતા ધરાવતી એજન્સીઓને નાણાં ચૂકવવા તેમજ ખોટી રીતે કામ મંજૂર કરવા કે પછી કામો કાગળ પર જ બતાવ્યા હોય એવા ૨૫૦૦ થી વધુ કામોની તપાસ આ તટસ્થ ટીમો દ્વારા કરવામાં આવશે. આ ટીમોના સહયોગ માટે જિલ્લાની પણ ૧૦ ટીમો બનાવી કામે લગાડાઈ છે. બે કર્મચારીઓની આ ટીમમાં એક એ.ડબલ્યુ.એમ અને એક ટેકનિકલ આસિસ્ટન્ટ (છ.)નો સમાવેશ કરવામાં આવ્યો છે.

### કાલોલ ભાજપ દ્વારા ગુરુજનોને વંદન કરી આશીર્વાદ મેળવાયા

કાલોલ, તા.૧૦

ગુરુને સમર્પિત આ પવિત્ર દિવસે શિષ્ય દ્વારા ગુરુની પૂજા અને આદર કરવાની પરંપરા છે. હિંદુ સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન ભગવાન કરતાં ઊંચુ માનવામાં આવે છે. રામજી મંદિર ખાતે ગુરુ પૂર્ણિમાના દિવસ નિમિત્તે ભાજપ કાર્યકરો હોદેદારો જિલ્લા ભાજપ ના ઉપાધ્યક્ષ ડૉ યોગેશ ભાઈ પંડ્યા, શહેર પ્રમુખ કલ્પેશભાઈ પારેખ, માજી પ્રમુખ નરેશભાઈ શાહ, માજી પ્રમુખ શૈફાલી ઉપાધ્યાય, શહેર મહામંત્રી પ્રતીક શાહ, યુવા મોરચાના પાર્થ કનોજીયા, પરેશ પારેખ, રામજી મંદીર ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ શાહ દ્વારા નિવૃત્ત શિક્ષકો એ, કે શેઠ, આર, સી, મજમુદાર, મહેન્દ્ર ભાઈ વ્યાસ જેઓ શિક્ષણ જગતના ખ્યાતનામ આચાર્ય રહી ચૂક્યા છે હજારો વિદ્યાર્થીઓ તેમના આશીર્વાદથી વિદેશો માં પણ ઉચ્ચ સ્થાને બિરાજે છે.

### ૫૧ શક્તિપીઠો પૈકીના એક મહત્વપૂર્ણ શક્તિપીઠ ગણાતા

# પાવાગઢ ખાતે ગુરુપૂર્ણિમાના પાવન પર્વે ૧ લાખ ઉપરાંત માઈભક્તો ઉમટ્યા

### માતાજીના ચરણોમાં શીશ નમાવી આશીર્વાદ મેળવી ધન્ય બન્યાં

હાલોલ, તા.૧૦

૫૧ શક્તિપીઠો પૈકીના એક મહત્વપૂર્ણ શક્તિપીઠ ગણાતા યાત્રાધામ પાવાગઢ ખાતે ડુંગરની ટોચ પર આવેલા ઐતિહાસિક તેમજ વિશાળ અને વૈભવી મંદિરના બિરાજમાન શ્રી મહાકાળી માતાજીના કરોડો ભક્તો પૈકી લાખો હજારો ભક્તો રોજે રોજ તેમજ વાર તહેવાર અને શનિવાર રવિવારની રજાઓમાં મહાકાળી માતાજીના દર્શને પધારી માતાજીના આશીર્વાદ મેળવી ધન્ય બને છે જેમાં ગુરુપૂર્ણિમાના પાવન અવસરે પણ મહાકાળી માતાજીના દર્શન માતાજીના આશીર્વાદ મેળવવાનું વિશેષ મહત્વ અને અનેરો મહિમા છે જેને લઈને દર વર્ષે ગુરુપૂર્ણિમાના



પાવન અવસરે હજારો લાખો માઈ ભક્તો ભારે શ્રદ્ધા અને આસ્થા સાથે પાવાગઢ ખાતે પધારી માતાજીના દર્શન કરી શ્રી મહાકાળી માતાજીના આશીર્વાદ મેળવી ધન્ય બને છે જે અંતર્ગત આજે ગુરુવારે અષાઢ સુદ પૂનમ પૂર્ણિમા એટલે કે ગુરુ પૂર્ણિમાના પવિત્ર અને પાવન દિવસને અનુલક્ષીને યાત્રાધામ પાવાગઢ ખાતે શ્રી મહાકાળી માતાજીના દર્શન કરી માતાજીના આશીર્વાદ મેળવવા વહેલી સવારથી માઈ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું

## સંક્ષિપ્ત સમાચાર

### શહેરા તાલુકાના જૂની વાડી ગામે વર્ષોની પરંપરા મુજબ ગુરુપૂર્ણિમાની ઉજવણી



શહેરા : શહેરા તાલુકાના જૂની વાડી ગામે વર્ષોની પરંપરા મુજબ શ્રી રામસિંહજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. શહેરા સહિત સમગ્ર જીલ્લાભર મા ગુરુપૂર્ણિમા ની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી,જ્યારે તાલુકાના જૂની વાડી ગામે વર્ષોની પરંપરા મુજબ શ્રી રામસિંહજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પણ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. અહીં સ્થાનિક જિલ્લા સહિત બહાર થી આવેલા લોકો એ પૂજા કરીને રામસિંહજી બાપુના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા. જ્યારે રામસિંહજી બાપુએ ઉપસ્થિત સૌને ગુરુપૂર્ણિમા દિવસનું મહત્વ સમજાવ્યું હતું. અહીં આવેલા ભાવિકોએ આરતી સાથે પ્રસાદીનો લ્હાવો લીધો હતો.

### ઝાલોદ ખાતે વિદ્યાર્થીઓએ પુષ્પગુચ્છ તથા કાર્ડ આપી શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી



ઝાલોદ : આજરોજ તારીખ ૧૦જુલાઈ, ૨૦૨૫ ગુરૂપૂર્ણિમાના પાવન અવસરે જય દશામાં કેળવણી મંડળ સંચાલિત જય દશામાં વિદ્યામંદિર તેમજ શ્રી કેસરિયાજી દશામાં કોલેજ ઓફ નર્સિંગ ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી શાળામાં ગુરૂપૂર્ણિમાનો પાવન પર્વ ઉત્સાહપૂર્વક અને ભક્તિભાવથી ઉજવાયો. આ ખાસ દિવસે વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને ગુરૂઓના માર્ગદર્શન માટે આભાર વ્યક્ત કર્યો. કાર્યક્રમની શરૂઆત ઈશ્વરની આરાધનાથી થઈ. ત્યારબાદ પ્રાર્થના, કાવ્ય, ગુરૂભક્તિ ગીત અને વિદ્યાર્થીઓ ની ગુરુજનો માટે પોતાના ભાવ વ્યક્ત કર્યા તેમજ વિદ્યાર્થીઓએ પુષ્પગુચ્છ તથા કાર્ડ આપી ગુરૂઓ પ્રત્યે પ્રેમ વ્યક્ત કર્યો. શાળાના પ્રમુખ મુકેશભાઈ ગુરૂ પૂર્ણિમાના મહત્વ પર પ્રકાશ પાડ્યો અને ગુરૂ શિષ્યની પરંપરાનું મહત્વ સમજાવ્યું. શિક્ષકોએ પણ પોતાની વાણી દ્વારા શિષ્યોને પ્રેરણા આપી. આ કાર્યક્રમે વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચેના સંબંધોને વધુ ઘનિષ્ઠ બનાવ્યો અને શાળામાં ભક્તિમય વાતાવરણ સર્જાયું.

### તાજપુરા ખાતે બ્રહ્મલીન નારાયણ બાપુને ગુરુવંદના કરવા દોઢ લાખ ભક્તો ઉમટ્યા



હાલોલ : હાલોલ તાલુકાના તાજપુરા ખાતે આવેલ શ્રી નારાયણ ધામની પાવન અને પવિત્ર તપોભૂમિના મહાન સંત શ્રી પરમ પૂજ્ય બ્રહ્મલીન શ્રી નારાયણ બાપુજીને ગુરુ વંદના કરવા આજે ગુરુપૂર્ણિમાના પાવન અવસરે નારાયણ ભક્તોનું કીડિયારુ તાજપુરા ખાતે ઉમટી પડ્યું હતું જેમાં આજે ગુરુવારે અષાઢ સુદ પૂનમ પૂર્ણિમા એટલે કે ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે તાજપુરા ખાતે દોઢ લાખ જેટલા નારાયણ ભક્તોએ ભારે આસ્થા અને શ્રદ્ધા સાથે પરમ પૂજ્ય બ્રહ્મ શ્રી નારાયણ બાપુની સમાધિ ખાતે નારાયણ બાપુના દર્શન કરી નારાયણ બાપુના ચરણોમાં શીશ નમાવી આશીર્વાદ મેળવી ગુરુ વંદના કરી હતી જેમાં આજે ગુરુપૂર્ણિમાના પાવન અવસરને અનુલક્ષીને વર્ષોની પરંપરા પ્રમાણે શ્રી નારાયણ ધામ તાજપુરા ખાતે નારાયણ ધામના ટ્રસ્ટ દ્વારા વહેલી સવારથી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા જેમાં સૌપ્રથમ પરમ પૂજ્ય શ્રી નારાયણ બાપુજીની પાદુકા પૂજન તેમજ અભિષેક કરાયા બાદ પરમ પૂજ્ય શ્રી નારાયણ બાપુજીની ભવ્ય અને વિશાળ પાલખી યાત્રા તાજપુરા નારાયણ ધામના માર્ગો પર યોજાઈ હતી દોઢ લાખ જેટલા શ્રી નારાયણ ભક્તોએ નારાયણની સમાધિ ખાતે બાપુના દર્શન કર્યા હતા.

### વિતેલા ૨૪ કલાક દરમિયાન

# દેવગઢબારિયા તાલુકામાં સર્પદંશથી ૯ વર્ષીય બાળક સહિત બેનાં મોત

### ચોમાસામાં સર્પદંશના વધતા જતા બનાવ

દાહોદ, તા.૧૦

દેવગઢબારિયા તાલુકામાં સર્પદંશના બનેલા બે બનાવો પૈકીનો એક બનાવ દુખડી ગામે ખેડા ફળિયામાં રાત્રિના સમયે બનવા પામ્યો હતો. જેમાં દુખડી ગામના ખેડા ફળિયામાં રહેતા નરવતભાઈ અભેસિંગભાઈ પટેલનો છોકરો ૯ વર્ષીય જગદીશભાઈ નરવતભાઈ પટેલ ગત રાતે જમી પરવારી પોતાના ઘરમાં સૂઈ ગયો હતો. અને રાતે ઊંઘમાં આકસ્મિક રીતે તેના જમણા હાથની વચલી આંગળી પર કાળોતરો કરડી જતાં તેને સારવાર માટે દેવગઢબારિયા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની હાલત વધુ બગડતા તેને વધુ સારવાર માટે ગોધરા રીફર કરવામાં આવ્યો હતો અને તેને દેવગઢબારિયાથી ગોધરા લઈ જતા રસ્તામાં જ અસાયડી ગામે તેને દમ તોડી દીધો. સર્પદંશનો બીજો બનાવ બેણા ગામે જૂના ફળિયામાં બનવા પામ્યો હતો. જેમાં બેણા ગામના જૂના ફળિયામાં રહેતા ૫૮ વર્ષીય પરેશભાઈ માવસિંગભાઈ રાઠવા પોતાના ખેતરમાં મકાઈનું વાવેતર કરવા હળ હાંકવા માટે ગયા હતા. અને ખેતરમાં હળ હાંકી રહ્યા હતા, તે વખતે જમીન ખેડેલ હોય તો સાપ માટી જેવા રંગનો હોવાથી તે જોવાયેલ નહીં અને હળ હાંકતી વખતે હરેશભાઈ રાઠવાનો જમણો પગ સાપ પર પડતાં તેઓનાં જમણા પગની એડીના ભાગે સાપ કરડી જતા સારવાર માટે તેઓને દેવગઢ બારીયાના સરકારી દવાખાનામાં ખસેડતા જ્યાં સારવાર દરમિયાન તેઓનું મોત નીપજ્યું હતું. દેવગઢબારિયા પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરતા અકસ્માત મોતના કાગળીયા કરી તપાસ હાથ ધરી છે.

### ક્વાંટ તાલુકા પંચાયત ના કારોબારી અધ્યક્ષે મુલાકાત લેતા

# ગોજારીયા ગામે અલ્પસાક્ષરતા કન્યા વિદ્યાલય અને મોડેલ સ્કૂલના રસોડામાં વપરાતા અનાજના જથ્થા પર એક્સપાયરી ડેટ જોવા મળી

### ભોજનનો કોન્ટ્રાકટ વગર ટેન્ડરે યુવરાજ કેટરિંગને આપવામાં આવેલ છે

નસવાડી,તા.૧૦

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના ગોજારીયા ગામે અલ્પસાક્ષરતા કન્યા વિદ્યાલય અને મોડેલ સ્કૂલના રસોડામાં ભાજપના નેતા અને કવાંટ તાલુકા પંચાયત ના કારોબારી અધ્યક્ષે મુલાકાત લેતા ગોડાઉનમાં જે જથ્થો મુકવામાં આવ્યો હતો તેમાં ચોખામાં એક વર્ષ પહેલા એક્સપાયરી ડેટ હતી તેમજ ઘઉં ના કટ્ટા ઉપર પેકીંગ ડેટ કે એક્સપાયરી ડેટ લખેલી ના હતી ગોળ ના પેકીંગ માં પણ આવીજ પરિસ્થિતિ હતી જ્યારે અન્ય સામગ્રી આ પણ આવી પરિસ્થિતિ હતી જેનાથી બાળકો ને આપવામાં આવતું ભોજન માં ગંભીર બેદરકારી બહાર આવી યુવરાજ કેટરિંગ ના કર્મચારી એ પણ વાત ને કબૂલી જ્યારે આદિજાતિ વિભાગ દ્વારા જિલ્લાના ચાર તાલુકામાં વગર ટેન્ડરે ૧૯ કરોડ નું ભોજન નું ટેન્ડર બહાર પાડયા વગર યુવરાજ કેટરિંગ ની કોન્ટ્રાક્ટ આપેલ છે ઉચ્ચ અધિકારીઓના આ એજન્સી ના માથે હાથ અધિકારીઓની બેદરકારી બહાર આવી હતી.છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી બોડેલી કવાંટ અને છોટાઉદેપુર તાલુકામાં અલ્પસાક્ષરતા કન્યા વિદ્યાલય અને મોડેલ સ્કૂલ ચાલે છે જેમાં આઠ હજાર જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને રહેવા જમવાની સુવિધા વાળી હોસ્ટેલ આવેલી છે આદિવાસી વિસ્તાર માં કન્યાઓને સારું શિક્ષણ મળે અને ભોજન સારું મળે તે માટે આદિજાતિ વિભાગ દ્વારા કરોડો રૂપિયા ગ્રાન્ટ ફાળવવામાં આવે છે છોટાઉદેપુર જિલ્લામાં આ શાળાઓનું સંચાલન આદિજાતી વિભાગ દ્વારા કરવામાં આવે છે જ્યારે છોટાઉદેપુર જિલ્લા પ્રાયોજના વહીવટદાર ની નિગરાની માં ચાલતી સ્કૂલો માં ૧૯ કરોડ ના ભોજન નો કોન્ટ્રાકટ વગર ટેન્ડરે યુવરાજ કેટરિંગ ને આપવામાં આવેલ છે પરંતુ યુવરાજ કેટરિંગ ના સંચાલકો બાળકો ને આપવામાં આવતા ભોજન માં ગંભીર બેદરકારી રાખતા હોવાની ફરિયાદ કવાંટ તાલુકા પંચાયત ના કારોબારી અધ્યક્ષ અને ભાજપ ના નેતા પીન્ટુભાઈ વિજયભાઈ રાઠવા ને મળતા તેઓ કવાંટ તાલુકાના ગોજારિયા ગામે આવેલી અલ્પસાક્ષરતા કન્યા વિદ્યાલય - મોગરા , સેડીવાસણ , છોડવાણી અને મોડેલ સ્કૂલ અને આદર્શ નિવાસી શાળા આ શાળાઓ ગોજારિયા ના કેમ્પસ માં ચાલે છે.

### ઇન્દિરા ગાંધી માધ્યમિક શાળા, ડાંગરિયા ખાતે વિદ્યાર્થી સંઘની ચૂંટણી

દેવગઢ બારીયા, તા.૧૦

ઇન્દિરા ગાંધી માધ્યમિક શાળા, ડાંગરિયા ખાતે આજે લોકશાહી પર્વના ભાગરૂપે લોકશાહીના પર્વના ભાગ રૂપે વિદ્યાર્થીઓમાં જ્ઞાન વધે અને નેતૃત્વના ગુણોનું વિસ્તરણ થાય તે હેતુસર શાળા પંચાયતની ચૂંટણી આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓએ વર્ગ પ્રતિનિધિ, જી.એસ., એલ. આર. અને અન્ય હોદ્દાઓ માટે ઉત્સાહભેર ઉમેદવારી નોંધાવી. મતદાતા તરીકે અન્ય વિદ્યાર્થીઓએ પોતપોતાના મતાધિકારનો ઉપયોગ કરતાં પોતાનાં મનપસંદ ઉમેદવારને વિજેતા બનાવી. શાળાના પ્રિન્સિપાલ હિતેશભાઈ પરમાર દ્વારા વિદ્યાર્થીઓને લોકશાહીનું મહત્વ તથા એક મતની કીમત વિશે સરળ અને પ્રેરણાદાયક ભાષામાં સમજ અપાઈ. આ યોજનાથી વિદ્યાર્થીઓમાં પ્રજાસત્તાક જીવનશૈલી અંગે જાગૃતિ વધવાની સાથે નેતૃત્વ અને જવાબદારી જેવી મૂલ્યોની પણ ભણતર મળી હતી.

### હાલ આ બ્રિજ ભારે વાહનો માટે બંધ કરવામાં આવે એવી પણ માગ કરવામાં આવી

# બોડેલી ઓરસંગ બ્રિજ જર્જરિત થતાં કોંગ્રેસ દ્વારા બ્રિજ નવો બનાવવા માગ કરવામાં આવી

### તંત્ર પ્રિ-મોન્સૂન કામગીરીમાં નિષ્ફળ રહેતાં પ્રજાને ખૂબ જ હાલાકી વેઠવી પડી રહી છે

બોડેલી, તા.૧૦

છોટાઉદેપુર જિલ્લામાં વધુ પડતા બ્રિજ ખખડધજ અવસ્થામાં છે જેને લઈ હાલ છોટાઉદેપુર ની પ્રજાને ખૂબ જ હાલાકી નો સામનો કરવો પડે છે જ્યારે તંત્ર પ્રીમોનસૂન કામગીરી માં નિષ્ફળ થયું જોવા મળે છે એવું લાગી રહ્યું છે કે કેટલીક જગ્યાએ તો પ્રીમોનસુન કામગીરી કરવામાં આવી જ નથી જેથી કરીને દરેક બ્રિજ ઉપર મોટા મોટા ખાડાઓ પડી ગયા છે અને આમ પ્રજા હાહાકાર મચાવી રહી છે જેથી કરીને એમ કહીએ તો ચાલે કે છોટાઉદેપુર જિલ્લામાં રોડ રસ્તા ને લઈ ખૂબ જ મોટા ભ્રષ્ટાચાર ચાલે છે



જ્યારે ગઈકાલ બનેલ ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં અંદાજિત ૧૪ થી ૧૫ લોકોનું મૃત્યુ થયું છે જેથી કરીને દરેક વિભાગના લોકો હાલ હરકતમાં આવ્યા છે કે કોઈ બીજો બનાવ આ રીતના ના બને, જ્યારે આ બાબતને લઈ હાલ છોટાઉદેપુર જિલ્લા કોંગ્રેસ સમિતિ પણ પોતાનો વિરોધ પ્રદર્શન શરૂ કરી દીધો છે અનેક જગ્યાઓ પર ખાડાઓ પુરાવાની કામગીરી માટેની માંગણીઓ કરવામાં આવી જેને લઈ તંત્ર દ્વારા કેટલીક જગ્યાએ ખાડા પૂરવામાં પણ આવ્યા આજરોજ જ્યારે ઓરસંગ બ્રિજ ઉપર કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું તે જ સમયે તંત્ર દ્વારા પાણી ભરેલા ખાડાઓમાં ડામર નાખીને ખાડા પૂરવામાં આવી રહ્યા હતા જ્યારે તેમનું એવું કહેવું હતું કે પાણી અને ડામરને વેર હોય છે તો આ બાબત નું ધ્યાન નેશનલ હાઈવે ઓથોરિટી ના ઉચ્ચકક્ષાના એન્જિનિયરો ને નથી જો હોય તો પછી આ રીતની કામગીરી કેમ કરવામાં આવે છે સાથે સાથે તેમની માંગ હતી કે વ્યવસ્થિત રૂપે ખાડા પૂરવામાં આવે અને વહેલી તકે આ બ્રિજની કેપેસિટી ટેસ્ટ કરી નવો બ્રિજ બનાવવા માટે ની કામગીરી શરૂ કરવામાં આવે.

### પોલીસની નાકાબંધી દરમિયાન

# ખંગેલા ચેકપોસ્ટ પાસે વાહનમાં લઈ જવાતો ૨૨ લાખનો દારૂ પકડાયો

### પ્રોહિબિશનનો ગુનો નોંધી કાર્યવાહી

દાહોદ, તા.૧૦

દાહોદ તાલુકાના ખંગેલા ચેકપોસ્ટ પાસે પોલીસની નાકાબંધી દરમ્યાન એક આઈસર ગાડીની પોલીસે તલાસી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે આઈસર ગાડીમાંથી રૂા.૨૨,૩૭,૦૪૦ના પ્રોહી જથ્થા સાથે આઈસર ગાડીની કિંમત મળી કુલ રૂા.૩૨,૪૨,૫૪૦ના મુદામાલ સાથે આઈસર ગાડીના ચાલકની પોલીસે અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

દાહોદના કતવારા પોલીસને મળેલ બાતમીનમાં આધારે પોલીસ દાહોદની ખંગેલા ચેકપોસ્ટ પર નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં ત્યારે બાતમીમાં દર્શાવેલ એક આઈસર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને આઈસર ગાડી નજીક આવતાંની સાથે આઈસર ગાડીના ચાલક રાજેન્દ્રભાઈ મહેન્દ્રભાઈ પટેલની પોલીસે પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો જેથી પોલીસે આઈસર ગાડીની તલાસી લેતાં તેમાં મીણીયાના થેલાની આડમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો હતો. પોલીસે આઈસર ગાડીમાંથી વિદેશી દારૂની પેટીઓ નંગ.૪૫૩ જેમાં બોટલો નંગ.૧૭,૨૦૮ કિંમત રૂા.૨૨,૩૭,૦૪૦ના પ્રોહી જથ્થા સાથે આઈસર ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૩૨,૪૨,૫૪૦ના મુદામાલ સાથે ઉપરોક્ત આઈસર ગાડીના ચાલક વિરૂધ્ધ કતવારા પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### દાહોદ પાલિકાની ચૂંટણીને આડે હવે સાત થી આઠ મહિના બાકી રહ્યા છે ત્યારે

# વિવાદોના અંતે પાલિકામાં વિવિધ સમિતિઓના ચેરમેનોની નિમણૂક

### પાલિકામાં ભાજપની સત્તા છતાં આંતરિક વિવાદના કારણે પાલિકાના સત્તાપક્ષના સભ્યોમાં બે ભાગલા પડી ગયા હતા

દાહોદ, તા.૧૦

આજે તારીખ ૧૦ના રોજ યોજાયેલી દાહોદ નગરપાલિકાની સામાન્ય સભામાં કુલ ૩૯ કામો રજૂ કરાયા હતા. તેમાં નગરપાલિકાની ૧૯ સમિતિઓના ચેરમેનો નિર્વિરોધ ચૂંટાયા હતા. જોકે ભાજપ દ્વારા ઉપસ્થિત સભ્યોને ત્રણ લાઈનનો વ્હીપ આપવામાં આવ્યો હતો. આ વ્હીપ ઘણું બધું કહી જાય છે. જોકે પ્રમુખ દ્વારા એક પછી એક ચેરમેનોના નામની જાહેરાત કરાતા સભ્યોએ પાટલી થપથપાવી સહર્ષ સ્વીકારી લીધી હતી. યોજાયેલી સામાન્ય સભામાં પાલિકાના પાંચ કર્મચારીઓની નિવૃત્તિ થતા તે અંગેના ઠરાવ પણ રજૂ કરાયા હતા. સામાન્ય સભામાં માજી પ્રમુખ હાજર રહ્યા ન હતા તેમજ ભાજપના અન્ય એક તથા કોંગ્રેસના બે સભ્યો પણ ગેરહાજર રહ્યા હતા. નગરપાલિકાની સામાન્ય સભા નિર્વિરોધ સંપન્ન થઈ હતી. અત્રે નોંધનીય છે કે દાહોદ નગરપાલિકાની ચૂંટણીને આડે હવે સાતથી આઠ માસ જેટલો સમય રહ્યો છે. પરંતુ ગઈકાલ સુધી નગરપાલિકાના વિવિધ સમિતિઓના ચેરમેનોની કોઈને કોઈ કારણસર નિમણૂક ઠેલાતી આવી હતી. દાહોદ પાલિકામાં ભાજપની સત્તા છે. કારણ કે કુલ ૩૯ કાઉન્સિલરોમાંથી ૩૨ જેટલા ભાજપના છે. પરંતુ કોઈ આંતરિક વિવાદના કારણે નગરપાલિકાના સત્તા પક્ષના સભ્યોમાં બે ભાગલા પડી ગયા હતા. જેમાંના એક ભાગના પાલિકાના માજી પ્રમુખ અને વોર્ડ નંબર ૨ ના કાઉન્સિલર રાજેશ શહેતાઈએ પોતાના સભ્ય પદેથી રાજીનામું ધરી દીધું હતું. આ



અગાઉ પોતાના વોર્ડના કામો થતા નથી, અને પ્રમુખ અમારું સાંભળતા નથી અને અમારા ફોન રિસીવ કરતા નથી તેવો બળાપો કેટલાક કાઉન્સિલરો જાહેરમાં કાઢતા પણ જોવા મળ્યા હતા. શાસક પક્ષના અંદરો અંદરના ગજગ્રાહને કારણે અવારનવાર ઠેલાતી રહેલી વિવિધ સમિતિના ચેરમેનોની વરણીની પ્રક્રિયાનુ અનેકાનેક અટકળો બાદ આજે મુહૂર્ત આવ્યું અને વિવિધ સમિતિના ચેરમેનોની વરણીની પ્રક્રિયા નિર્વિઘ્ને પાર પડી હતી. દાહોદ નગરપાલિકાના સભાખંડમાં બપોરના સાડા બાર કલાકે પાલિકાની સામાન્ય સભા દાહોદ પાલિકા પ્રમુખ નીરજ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. તે એજન્ડાના કુલ ૩૯ કામો સર્વાનુમતે મંજૂર કરાયા હતા. એજન્ડામાં વિવિધ ૧૯ જેટલી સમિતિઓના ચેરમેનોની જાહેરાત કરવામાં આવી હતી. તે પૂર્વે ભાજપ દ્વારા સૌ પાલિકા સભ્યોને શહેર પાર્ટી પ્રમુખ અર્પિત શાહ દ્વારા વ્હીપ આપવામાં આવ્યો હતો. અને સૌને ત્રણ લાઈનનો વ્હીપ મળ્યો કે નહીં તેની ખરાઈ કરવામાં આવી હતી. ત્યારબાદ એક પછી એક સમિતિઓ ના ચેરમેનોની જાહેરાત કરાતા સભ્યોએ વધાવી લીધી હતી. અને અભિનંદનનો દોર શરૂ થઈ ગયો હતો. સામાન્ય સભામાં પાંચ પાલિકા કર્મચારીઓની નિવૃત્તિ થતા તે અંગેના કામ પણ રજૂ કરાયા હતા.

#### દાહોદ પાલિકાના નવનિયુક્ત ચેરમેનોના નામ

બાંધકામ સમિતિ-સુજાનભાઈ કિશોરી, પાણી પુરવઠા સમિતિ-તુલસીભાઈ જેઠવાણી, આરોગ્ય સમિતિ-નૂપેન્દ્ર ભાઈ દોશી, સ્ટ્રીટ લાઈટ સમિતિ-ફાતેમાબેન કપૂર, કાયદા (લીગલ) સમિતિ-જેનબબેન લીમડીવાલા, નગર રચના-બીજલભાઈ ભરવાડ, એસ્ટાબ્લીસમેન્ટ- સંતોષ બેન ખંડેલવાલ, ફાયર સમિતિ- કાઈદભાઈ ચુનાવાલા, બાગ બગીચા સમિતિ- પ્રેમીલાબેન ક્ષત્રિય, શોપ સમિતિ- લક્ષ્મીબેન ભાટ, લાઈબ્રેરી સમિતિ- કિંજલબેન પરમાર, સમાજ કલ્યાણ સમિતિ- યોગેશભાઈ સંગાડીયા, રમત ગમત સમિતિ- રાકેશભાઈ નાગોરી, મેન્ટેનન્સ સમિતિ- લલિતભાઈ પ્રજાપતિ, પાર્કિંગ સમિતિ- હંસાબેન વહોનિયા, સ્ટોલ એન્ડ વહીવટી સમિતિ-વાસીફભાઈ પઠાણ.

પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ પદેથી શક્તિસિંહ ગોહિલે રાજીનામું આપ્યા બાદ પ્રમુખનું કોકડું ગુંચવાયું છે ત્યારે

# ગુજરાત કોંગ્રેસના નેતાઓને અચાનક દિલ્હીનું તેડું

## ગુજરાતના નેતાઓ સાથે ચર્ચા કરાયા બાદ ટૂંક સમયમાં નવા પ્રદેશ પ્રમુખની જાહેરાતની શક્યતા

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ પદેથી શક્તિસિંહ ગોહિલે રાજીનામું આપ્યા બાદ ગુજરાત કોંગ્રેસ ધણી ધોરી વિનાની હોય એવું ચિત્ર ઉપસી રહ્યું છે. ત્યારે આજે કોંગ્રેસના મોવડી મંડળે ગુજરાત કોંગ્રેસના નેતાઓને દિલ્હી બોલાવ્યા છે. જેમાં પ્રદેશ પ્રમુખને લઈને તેમની સાથે ચર્ચા કરવામાં આવી છે. દિલ્હીમાં મોવડી મંડળ દ્વારા ગુજરાતના નેતાઓ સાથે ચર્ચા કરાયા બાદ આગામી ટૂંક સમયમાં ગુજરાતના નવા પ્રદેશ પ્રમુખ ના નામની જાહેરાત કરવામાં આવી શકે તેવી સંભાવના બળવતર બની છે.

ગુજરાત કોંગ્રેસમાં આગામી દિવસોમાં મોટા ફેરફારની સંભાવના વધુ બળવત્તર બની છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓને આજે અચાનક દિલ્હી દરબારમાંથી તેડું આવ્યુ છે. જેના કારણે ગુજરાત કોંગ્રેસના નેતાઓએ દિલ્હી દોડી ગયા છે. દિલ્હીમાં રાહુલ ગાંધી, મહાસચિવ કે. સી. વેણુગોપાલ આજે ૧૦ જનપથ ખાતે ગુજરાતના પ્રભારી મુકુલ વાસનિક, શક્તિસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા, કાર્યકારી પ્રમુખો ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, લલિત કગથરા અને જિગ્નેશ મેવાણી ઉપરાંત પરેશ ધાનાણી, સુખરામ રાઠવા, ભરતસિંહ સોલંકી, અમી રાવલ, શૈલેષ પરમાર, જગદીશ ઠાકોર, ગેનીબેન ઠાકોર, તુષાર ચૌધરી અને લાલજી દેસાઈ સાથે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને મહાસચિવ કે. સી વેણુગોપાલ બેઠક યોજી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત કોંગ્રેસમાં હાલ સુકાની જ નથી. ધણીધોરી વગરના ગુજરાત કોંગ્રેસમાં આ કાંટાળો તાજ કોણ પહેરશે તેના પર મોટો પ્રશ્નાર્થ છે. આંતરિક સૂત્રો એમ પણ કહે છે કે,




કેટલાક નેતા પ્રદેશ પ્રમુખ બનવા માટે તૈયાર નથી. તેમાં પણ વિસાવદર અને કડીની પેટાચૂંટણીમાં હાર બાદ હવે કોણ જવાબદારી લેશે તે મોટો સવાલ છે. આ દરમિયાનમાં ગુજરાત કોંગ્રેસમાં પાટીદાર પ્રદેશ પ્રમુખની પણ માંગ ઉઠી છે. પાટીદાર નેતાઓ પોતાના સમાજના નેતાને પ્રમુખ પદ મળે તે માટે છેક દિલ્હી સુધી રજૂઆત કરી ચૂક્યા છે. પાટીદાર નેતાઓ આ માટે લોબિંગ કરી રહ્યાં છે. ત્યારે હવે દિલ્હીની બેઠકમાં શું નિર્ણય લેવાય છે અને કોનું નામ પસંદ કરાય છે તે સસ્પેન્સ બન્યું છે.


આ ઉપરાંત ગુજરાત કોંગ્રેસના સંગઠનમાં પણ મોટાપાયે ફેરફાર થાય તેવી ચર્ચા છે. કારણ કે, છેલ્લા કેટલાક સમયથી લગ્નના ઘોડા અને રેસના ઘોડાની ટિપ્પણીને લઈને વિવાદ વકર્યો છે. આવામાં સંગઠનમાં પણ ફેરફાર થવાની ચર્ચાએ જોર પકડ્યું છે. પ્રમુખપદેથી શક્તિસિંહ ગોહિલના રાજીનામા બાદ ગુજરાત કોંગ્રેસમાં નવું નેતૃત્વ અને સંગઠનાત્મક ફેરફારો કરવામાં આવે તેવી સંભાવના વ્યક્ત થઈ છે. કારણ કે, ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પાર્ટીએ સંગઠનને મજબૂત કરવા માટે પહેલેથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ બેઠક ગુજરાત કોંગ્રેસના ભાવિ માટે એક નિર્ણાયક પગલું ગણાય રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ગેનીબેન ઠાકોર અને પરેશ ધાનાણીએ પ્રભારી વાસનિક અને શક્તિસિંહની પસંદ રહી છે. જ્યારે ધારાસભ્ય જિગ્નેશ મેવાણી અને લાલજી દેસાઈ હાઈકમાન્ડની લિસ્ટમાં ટોપ પર છે. જ્યારે ભરતસિંહ સોલંકી જૂથના અમિત ચાવડા પણ પ્રદેશ પ્રમુખની રેસમાં ટોચ પર રહ્યા છે.

# શ્રાવણ માસમાં સોમનાથ દર્શન માટે અમદાવાદથી વોલ્વો બસ સેવા શરૂ કરાશે

## અમદાવાદના રાણીપથી સવારે ૬ વાગ્યે બસ ઉપડશે, સાંજે ૪ વાગ્યે પહોંચાડશે

અમદાવાદ, તા.૧૦

૨૫ જુલાઈથી પવિત્ર શ્રાવણ માસની શરુઆત થઈ રહી છે, ત્યારે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (જીએસઆરટીસી) દ્વારા શ્રદ્ધાળુઓ અને ભાવિક ભક્તો માટે વિશેષ એસી વોલ્વો બસ ગત ૨૮ એપ્રિલ, ૨૦૨૫થી દોડાવવામાં આવી રહી છે. ત્યારે હવે શ્રાવણ માસમાં આ બસ સેવાનો લાભ લઈને સોમનાથ દર્શને જઈ શકાશે. ગુજરાત એસટી વિભાગે આ એસી વોલ્વો બસ સેવા અમદાવાદના રાણીપ બસ સ્ટેશનથી શરુ કરી છે. આ બસ વહેલી સવારે ૬:૦૦ વાગે રાણીપ બસ સ્ટેશન (અમદાવાદ) થી ઉપડે છે, જે સાંજે ૪:૦૦ વાગે સોમનાથ પહોંચે છે. બીજા દિવસે સવારે સોમનાથથી ૯:૩૦ વાગે ઉપડશે અને રાત્રે ૧૦:૩૦ વાગે રાણીપ (અમદાવાદ) પહોંચશે. આ બસનું ભાડું






પ્રતિ વ્યક્તિ (જવા-આવવાનું) ૪,૦૦૦ રૂપિયા છે, જ્યારે બે વ્યક્તિ માટે ૭,૦૫૦ રૂપિયા રહેશે. જેમાં અલ્પાહાર અને બે ટાઈમનું ભોજન, હોટલમાં રાત્રિ રોકાણ, ગાઈડ, સોમનાથ ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શો, ત્રિવેણી સંગમ આરતી, ભાલકા તીર્થ, રામ મંદિર અને ગીતા મંદિર દર્શનનો સમાવેશ રહેશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા વિશેષ બસ સેવા અને ટુર પેકેજ શરુ કરવામાં આવ્યું છે. જેમાં શ્રદ્ધાળુઓ આરામદાયક અને સુવિધાજનક રીતે મુસાફરીનો આનંદ માણી શકે અને સોમનાથ દાદાના દર્શન કરી શકે.

૧ થી ૭ સપ્ટેમ્બર દરમિયાન અરવલ્લીની ગિરિમાળાઓ બોલ માડી અંબે..થી ગુંજી ઉઠશે

# ભાદરવી પૂનમના મેળાને લઈને બનાસકાંઠા કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

વડગામ, તા.૧૦

શક્તિ, ભક્તિ અને આસ્થાનાં કેન્દ્ર એવા અંબાજી ખાતે આગામી તા.૧ થી ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન માઁ અંબેના ભક્તિભર્યા સુર ગુંજી ઉઠશે. અરવલ્લીની ગિરિમાળાઓ સ્થિત અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૫નું આયોજન કરાશે. આ આયોજનના ભાગરૂપે જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી, પાલનપુર ખાતે સબંધિત અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેક્ટરશ્રીએ સમગ્ર મેળાના સુચારુ આયોજન અને વ્યવસ્થાઓને લઈને સમીક્ષા કરાઈ હતી. જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલએ વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવતી મેળાની તૈયારીઓનો લાભ છેવાડાના પદયાત્રી સુધી પહોંચી શકે તે મુજબની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. દર વર્ષે ભાદરવી પૂનમના મેળામાં લાખોની સંખ્યામાં ભક્તો આવતા હોય છે ત્યારે આ વર્ષે પણ વિવિધ સુવિધાઓમાં વધારો કરીને યાત્રાળુઓને મેળા દરમિયાન સુખદ અનુભવ થાય તે મુજબના પ્રયાસો કરવા જણાવ્યું હતું. કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, દર વર્ષે મેળાનો વ્યાપ વધતો જાય છે અને એ જ રીતે વિશેષ વ્યવસ્થાઓ પણ ઊભી કરાશે.

વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાને મોરબીના ભાજપના ધારાસભ્ય કાંતિ અમૃતિયાનો પડકાર

# 'ગોપાલ ઈટાલિયા મોરબીથી ચૂંટણી લડીને જીતી બતાવે, હું બે કરોડ આપીશ'

## ઈટાલિયાએ વળતો જવાબ આપતા કહ્યું : સૂરા બોલ્યા ફરે નહીં, પહેલા પાટીલને પૂછ્યાં વિના રાજીનામું આપો

ગાંધીનગર, તા.૧૦

મોરબીમાં વરસાદના લીધે ઉભી થયેલ પરિસ્થિતિ બાદ હાથ ધરાયેલ કામગીરીનું નિરીક્ષણ કરવા ગયેલા ધારાસભ્ય આપેલા નિવેદનથી રાજકીય ગરમાવો આવ્યો છે. મોરબીના ભાજપના ધારાસભ્ય દ્વારા આપવામાં આવેલા પડકારને છઈં ના વિસાવદરના નવનિર્વાચિત ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા સ્વીકારી છે. બંનેના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે.

ગુજરાતમાં તાજેતરમાં વિસાવદર અને કડી અનામત વિધાનસભાની પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં વિસાવદરમાં આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલિયાની જીત થયા બાદ રાજકીય પક્ષો તરફથી સતત આક્ષેપબાજી અને નિવેદનો આપવામાં આવી રહ્યાં છે. મોરબીના ભાજપના ધારાસભ્ય કાંતિ અમૃતિયાએ જન આંદોલનમાં મીડિયા સમક્ષ આપના ગોપાલ ઈટાલિયાને મોરબીમાંથી ચૂંટણી લડવા અંગે પડકાર ફેંક્યો હતો. જેના અંતર્ગત આઆપના ગોપાલ ઈટાલિયાએ વળતો પડકાર ફેંક્યો છે અને કહ્યું કે, આગામી ૧૨ તારીખે ૧૨ વાગ્યા પહેલા રાજીનામું આપી દે તો હું ચૂંટણી લડવા આવીશ. પડકારને સ્વિકારી સામો પડકાર ફેંકતાં ગુજરાતના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

મોરબીના વીસીપરા, પંચાસર રોડ, નાની કેનાલ રોડ વિગેરે વિસ્તારમાં રાત્રિના સમયે થતી કામગીરીનું નિરીક્ષણ કરવા માટે ધારાસભ્ય કાંતિ અમૃતિયા કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરની સાથે પહોંચ્યા હતા. રાજ્યમાં છેલ્લા દિવસોમાં થયેલ આંદોલનમાં આઆપ ના નવનિર્વાચિત ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા દ્વારા વિસાવદરવાળી કરવાની





વારંવાર ચીમકી ઉચ્ચારવામાં આવી રહી છે. તે અંગેના મીડિયા દ્વારા પ્રશ્ન પૂછાયો હતો તેનો મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતિયાએ જવાબ આપ્યો હતો.

કાંતિ અમૃતિયાએ જણાવ્યું હતું કે, પહેલા મારી પત્નીએ ગોપાલ ઈટાલિયાને જવાબ આપ્યો હતો. અને હવે હું ગોપાલ ઈટાલિયાને પડકાર ફેંકુ છું કે, તેમને મોરબીથી ચૂંટણી લડવી હોય તો હું રાજીનામું આપી દઈશ અને જો તે જીતી જાય તો તેમને રૂપિયા બે કરોડ આપીશ તેમ પણ કાંતિ અમૃતિયાએ કહ્યું હતું. કાંતિ અમૃતિયાએ જણાવ્યું હતું કે, સુરા બોલ્યા ફરે નહીં. ગોપાલભાઈ કયા સાવજ છે, આવી જાય લડવા માટે.

મોરબીના ધારાસભ્યના પડકારને સ્વીકારવા મામલે આપના ગોપાલ ઈટાલિયાને ભાજપના ધારાસભ્ય કાંતિ અમૃતિયાએ વળતો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં એક માત્ર વિસાવદરની બેઠક આવી ત્યાં તો ઉપાડો લીધો છે. હું સોમવારે ૧૨ વાગ્યે રાજીનામુ મુકવા માટે આવીશ. ગોપાલભાઈ પણ રાજીનામુ મુકવા આવી જાય. જો હું બોલ્યો ફરુ તો મારા બાપમાં ફેર હોય અને તે બોલ્યું ફરે તો તેના બાપમાં ફેર હોય. ગોપાલભાઈના નામે ગુજરાતમાં ધમકી ન આપે અને લોકોને ઉશ્કેરવાનું બંધ કરે. હું જીભનો પાક્કો છુંય ૧૯૯૮ માં યાર્ડની જમીન માટે બોલે લો તે કરી બતાવ્યું છે. ગોપાલભાઈ કાંઈ સાવજ છે આવી જાય લડવા માટે મારી તૈયારી છે.

હીરાઉદ્યોગ પર એક પછી એક નવી આફતો હવે ત્રાહિત દેશો પરનાં ટેરિફને લીધે ભાવ વધારાનો ડર

# દક્ષિણ આફ્રિકા પર ૩૦ ટકા ટેરિફથી રફ ડાયમંડ અને થાઈલેન્ડ પર ૩૬ ટકા ટેરિફથી કલરસ્ટોન મોંઘા થશે

સુરત, તા.૧૦

છેલ્લા ત્રણેક વર્ષથી મંદીમાં સપડાયેલા હીરા ઉદ્યોગમાં એક પછી એક નવી નવી અને નહીં કલ્પેલી આફતો આવી રહી હોઈ હીરા ઉદ્યોગમાંથી અનેક ઉદ્યોગપતિઓ હવે વૈકલ્પિક ધંધા રોજગારની શોધમાં પડ્યા છે. દરમિયાન એક નવી આફત એ આવી છે કે અમેરિકાએ ત્રાહિત દેશો પર લાદેલા ઉંચા ટેરિફને કારણે સુરત, મુંબઈ સહિત સમગ્ર દેશનાં હીરા ઝવેરાત ઉદ્યોગકારો, વેપારીઓ ભાવ વધારાની અડફટે ચઢી જશે.

સુરતનાં હીરા ઉદ્યોગકારો સાથે થયેલી ચર્ચા અનુસાર અમેરિકાએ થાઈલેન્ડ પર ૩૬ ટકા ટેરિફ આગામી તા.૧લી ઓગસ્ટથી લાગૂ કરવાની જાહેરાત કરી છે. થાઈલેન્ડ પર હાલમાં ૧૦ ટકા સરેરાશ ટેરિફ લાગૂ છે, જેમાં સીધો ૨૦૦ ટકાથી પણ વધારે વધારો



કરવામાં આવ્યો છે. થાઈલેન્ડ તેના પ્રેસિયસ સ્ટોન્સ જેવા કે રૂબી, સેફાયરના ઉત્પાદન માટે વિશ્વ વિખ્યાત છે. સુરત, મુંબઈ સહિત દેશનાં અનેક વેપારીઓની અમેરિકા ખાતે આવેલી ઓફિસોમાં થાઈલેન્ડથી સીધા જ અમેરિકામાં કલરસ્ટોન તેમજ અન્ય રત્નોની આયાત કરે છે હવે તા.૧લી ઓગસ્ટથી તેમાં ૨૦૦ ટકાનો સીધો વધારો લાગૂ થઈ જવાને કારણે આ સમગ્ર સપ્લાય ચેઈન રૂંધાય જવાની શક્યતા છે.

એવી જ રીતે અમેરિકાએ દક્ષિણ આફ્રિકા પર પણ ૩૦ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. આફ્રિકામાં ડી બીયર્સની રફ ડાયમંડ્સની ખાણો વેનેશિયા તેમજ પેટ્રાની માલિકીની કુલીનન માઈન્સ આવેલી છે. આ ખાણોમાંથી ઉત્પાદિત થતાં રફ ડાયમંડ્ મોટા ભાગે બેલ્જિયમ અને ઈઝરાયેલમાં વેચાણ થાય છે અને એ પછી વાયા દુબઈ સુરતમાં પોલિશ્ડ અર્થે આવતા હોવાનું જાણવા મળે છે. જો કે, આ ડાયમંડ્સનો આંશિક સપ્લાય જ સુરતનાં વેપારીઓનાં કનેક્શનમાં હોઈ તેની ઝાઝી અસર વર્તાશે નહીં. ઉલ્ટાનું જાણકારોનું એવું કહેવું છે કે અમેરિકાએ લાદેલા ટેરિફને કારણે રફ ડાયમંડ્સનો સપ્લાય ભારત તરફ વધશે.

બિલ્ડર દ્વારા ગેરકાયદે પુલિયું બનાવાયું હતું

# વાલક ખાડીમાં પાણીનાં વહેણને અવરોધતાં પુલિયાને તોડી પડાયું

સુરત, તા. ૧૦

સુરત જિલ્લામાંથી આવતી અને શહેરમાંથી પસાર થતી ખાડીમાં સમયાંતરે પૂર આવે છે. આ ખાડી પૂરને કારણે સુરતને કરોડો રૂપિયાનું નુકસાન થાય છે. વાલક પાટિયા પાસેની વાલક ખાડી પર બિલ્ડર દ્વારા બનાવવામાં આવેલું પુલિયું સિંચાઈ વિભાગ દ્વારા દૂર કરવામાં આવ્યું હતું. આ પુલિયાનાં કારણે ખાડીમાં પાણીનાં વહેણ અવરોધાતા હતા. આગામી દિવસોમાં ખાડી પરના અન્ય વિવિધ સાતથી આઠ જેટલા પુલિયાને દૂર કરવામાં આવનાર છે. જે પુલિયું તોડી પાડવામાં આવ્યું તે જે બિલ્ડરે બનાવ્યું હતું તેને શોધી દંડાત્મક



કાર્યવાહી કરવામાં તંત્રને રસ નથી તેવું જણાઈ આવ્યું હતું.

જિલ્લામાંથી આવતી અને શહેરમાંથી પસાર થતી ખાડીમાં પૂરનાં કારણે કરોડો રૂપિયાનું નુકસાન સાથે લાખો લોકો પ્રભાવિત થાય છે. શહેર અને જિલ્લાની ખાડીપુરની સમસ્યાને નિવારવા માટે સર્કિટ હાઉસ ખાતે સી. આર.પાટીલનાં અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી, જે બેઠકમાં ખાડીપુરની સમસ્યાને નિવારવા માટે ટૂંકા અને લાંબાગાળાનાં ઉપાયો મેળવવા જિલ્લા કલેક્ટરની અધ્યક્ષ સ્થાને હાઈપાવર કમિટી બનાવવાનો નિર્ણય લેવાયો હતો, હાઈપાવર કમિટીનો ગત સોમવારે પ્રથમ બેઠક મળી હતી.

ખાડાં માપવા માટે મ્યુ.કમિશનર પાસે જુદી મેઝરટેપ

સમગ્ર શહેરનાં રસ્તાઓ ઉપર પડેલાં ખાડાં મામલે પાલિકાનાં અધિકારીઓએ શાસકોને ઉઠાં ભણાવ્યાં

# શહેરમાં ૪૫૦૦ કિ.મી.નાં રસ્તા પૈકી માત્ર ૦.૫૫ ટકા રસ્તા જ તૂટ્યાં

સુરત, તા.૧૦

સુરત શહેરમાં પડેલા પ્રથમ વરસાદ બાદ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ અને રસ્તા બનાવતા ઈજારદારોની પોલ ઉઘાડી પડી ગઈ હતી. સુરત શહેરના તમામ રસ્તાઓ ચંદ્રની સપાટી જેવા થઈ ગયા હતા અને બ્રિજ સીટી, ટેક્સટાઈલ સિટી, ડાયમંડ સિટી અને સ્વચ્છ સિટી તરીકે ઓળખાતા સુરત શહેરને ખાડાનગરી તરીકેનું નવું બિરુદ પણ લોકોએ

**સ્થાયી સમિતિમાં જુદા જુદા ઝોનમાં તૂટેલાં રસ્તાનો રીપોર્ટ રજૂ કરતાં શાસકો પણ ચોંકી ઉઠ્યાં**

આપ્યું હતું. પાલિકાનાં અધિકારીઓ ઉપર ચોમેરથી માછલાં ધોવાતા પાલિકાએ લૂલો બચાવ કરતા ત્રણ દિવસ પહેલા સુરત શહેરમાં માત્ર ૧૮૦૦ સ્પોટ ઉપર જ ખાડા પડ્યા હોવાની માહિતી આપી હતી. જો કે હવે આજે સ્થાયી સમિતિમાં પણ પાલિકાના અધિકારીઓ દ્વારા શાસકોને ઉઠાં ભણાવવાનો પ્રયાસ કરવામાં આવતો હોય તેમ સુરત શહેરમાં માત્ર

આઈમાતા ફ્લાયઓવર બ્રિજ







કુલ રસ્તાનાં ૦.૫૫ ટકા રસ્તા જ ડેમેજ થયા હોવાનો રીપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે.

સુરત શહેરમાં દરેક ઝોન વિસ્તારમાં મોટાભાગના રસ્તાઓ પર મસ મોટા ખાડામાં પડી ગયા છે. જેના કારણે સુરત શહેરના લોકો ત્રાહિમામ કરી ઉઠ્યા છે. લોકોમાં ભભૂકતા રોષ વચ્ચે સુરત શહેરને ખાડાનગરી તરીકે પણ સંબોધન કરી લોકો કટાક્ષ કરી રહ્યાં છે ત્યારે પાલિકાના અધિકારીઓ અને રસ્તા બનાવતા ઈજારદારો સામે પણ સવાલો ઉઠવા પામ્યા હતા. પાલિકા દ્વારા રજૂ કરવામાં આવેલા રિપોર્ટ બાદ શાસકોએ પણ પૂરતું ધ્યાન ન આપતા કહેતા ભી દીવાના, સુનતા ભી દીવાના જેવો ઘાટ જોવા મળ્યો હતો. મનપા તંત્ર દ્વારા દાવો કરાયો છે કે, શહેરનાં કુલ ૪૫૦૦ કિ.મી. રસ્તાની લંબાઈ છે તે પૈકી આજદિન સુધીમાં કુલ ૨૪.૯૦ કિ.મી એટલે કે, કુલ રસ્તાની લંબાઈનાં માત્ર ૦.૫૫ ટકા રસ્તા ડેમેજ થયા છે. અને તે પૈકીના ૨૧.૮૮ કિ.મી એટલે કે, ૮૭.૮૨ ટકા રસ્તાની રીપેરીંગ કામ કરાયું છે. એટલે કે, ડેમેજ થયેલા રસ્તાઓ પૈકી માત્ર ૩.૦૨ કિ.મી રસ્તા એટેન્ડ થવાના બાકી છે. તેમજ કુલ ૯.૭૫ કિ.મી રસ્તાનું રીસરફેસિંગ કરવાનું થાય છે. જે પૈકી ૩.૯૫ કિ.મી રસ્તાનું રીસરફેસિંગ કરી દેવાયું છે અને ૫.૮૦ કિ.મી રસ્તાનું રીસરફેસિંગ બાકી છે. તે ઉપરાંત તંત્ર દ્વારા આજદિન સુધીમાં કુલ ૨૬૯૬ રીપેર કરવાના પોટ હોલ્સ પૈકી ૨૪૬૧ પોટ હોલ્સ રીપેર કરી દીધા છે અને ૨૩૫ પોટ હોલ્સ રીપેરિંગ કરવાના બાકી છે. તેમજ ૨૯૯ રીપેર કરવા જેવા રસ્તા પૈકી ૨૨૪ રસ્તાઓ રીપેર થઈ ચુક્યા છે અને ૭૫ રસ્તાઓ રીપેર કરવાના બાકી છે. ઉલ્લેખનીય છે કે શહેરમાં ગત માસમાં થયેલા દેમાર વરસાદને કારણે શહેરના નાના-મોટા આંતરિક કે મુખ્ય તમામ રસ્તાઓ પર ખાડાઓ થઈ ગયા છે. જેને કારણે વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે. દર વર્ષે ચોમાસા દરમિયાન ખાડાઓની સમસ્યા રહેતી હોય છે અને ખાડા પડે ત્યારે રસ્તાઓની ડિફેક્ટ લાયેબિલિટી પીરિયડ અને અન્ય બાબતોની વાતો થાય છે ત્યારબાદ તંત્ર બધુ ભુલી જતું હોય તેવી પ્રતીતિ થઈ રહી છે. હાલ શહેરમાં રસ્તાઓના ખાડાઓને લઈ તંત્ર દ્વારા રાઉન્ડ ધ ક્લોક રસ્તા રીપેર અભિયાન ઉપાડાયું છે. રસ્તા રીપેરિંગની કામગીરી થઈ રહી છે તેમ છતાં શહેરમાં હજી પણ ઘણા રસ્તાઓ પર ખાડાઓ છે.

માત્ર ૦.૫૫ ટકા રસ્તા તૂટ્યાં છે તો મ્યુ.કમિશનર અકળાયાં કેમ

## અધિકારીઓ સામે પગલાં લેવાની કમિશનરે ચીમકી આપતાં જ કોન્ટ્રાક્ટરોને નોટિસ અને દંડ ફટકારાયો

સુરત, તા.૧૦

શહેરમાં ચોમાસાની શરૂઆત સાથે જ રસ્તાઓ પર પડેલા ખાડાઓને કારણે મ્યુ.કમિશનર ઉપર ભારે માછલાં ધોવાયા હતા એટલું જ નહીં મુખ્યમંત્રીએ પણ કોન્ટ્રાક્ટરો સામે પગલાં લેવા સુચના આપતાં તેની અસર આજે દેખાઈ હતી. અકળાયેલા મ્યુ. કમિશનર શાલીની અગ્રવાલે ડીએલપીનાં તૂટેલાં રસ્તાઓ બાબતે કોન્ટ્રાક્ટરો સામે પગલાં નહીં ભરાયાં તો અધિકારીઓ સામે પગલાં લેવાની ચીમકી આપતાં આજે વિવિધ ઝોનનાં અધિકારીઓએ કોન્ટ્રાક્ટરોને નોટિસો ફટકારવા ઉપરાંત હજારો રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આજે યોજાયેલી બેઠકમાં ક્ષતિગ્રસ્ત રોડ રિપેરિંગ કામગીરીનો રિવ્યુ કરવામાં આવ્યો હતો. કમિ.એ ફક્ત કાગળ પર કામગીરી નહીં ડીએલપી હેઠળના તૂટેલા રસ્તાઓ બાબતે ઈજારદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની તાકીદ કરી હતી. એટલું જ નહીં, ત્રણ દિવસમાં દરેક ઝોન, આરડીડી વિભાગ દ્વારા આ અંગે કાર્યવાહીનો રિપોર્ટ રજુ કરવા તાકીદ કરી હતી. જો કોન્ટ્રાક્ટરો સામે કડકાઈથી કામ નહી લેવાશે તો તમને શો-કોઝ આપી દઈશ.

# MOVIE time!

## શ્રાવણ મહિનો શરૂ થાય એ પહેલાં જ કાવડયાત્રાને લઈને શરૂ થયેલો વિવાદ શું છે?

યુપીના મુઝફ્ફરનગરમાં, કેટલીક સંસ્થાઓના લોકો દુકાનદારોની ઓળખ બળજબરીથી કરી રહ્યા છે અને આ માટે તેમના કપડાં પણ ઉતારવામાં આવી રહ્યા હોવાના આરોપો છે. ૧૧ જુલાઈથી દેશના વિવિધ ભાગોમાં કાવડ યાત્રા શરૂ થવા જઈ રહી છે, પરંતુ યાત્રા શરૂ થાય તે પહેલા જ વિવાદો શરૂ થઈ ગયા છે. આ યાત્રા શ્રાવણ મહિનામાં થાય છે જ્યારે દિલ્હી અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના ઘણા હિન્દુ યાત્રાળુઓ ઉત્તરાખંડમાં પગપાળા ગંગાજળ એકત્રિત કરવા જાય છે અને પછી ત્યાંથી ગંગાજળ લાવીને શિવ મંદિરોમાં અર્પણ કરે છે. દેશના અન્ય ભાગોમાં પણ, પવિત્ર નદીઓનું પાણી એ જ રીતે કાવડમાં લાવીને શિવ મંદિરોમાં અર્પણ કરવામાં આવે છે.

યુપી અને ઉત્તરાખંડ સરકારે સૂચનાઓ જારી કરી છે કે કાવડ માર્ગો પર ખુલ્લામાં માંસાહારી ખોરાકના વેચાણ પર કડક પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત, બધા વિક્રેતાઓ તેમના નામ, સરનામાં અને મોબાઈલ નંબર સ્પષ્ટપણે દર્શાવશે. સૂચનાઓ અનુસાર, શોભાયાત્રાના માર્ગો પર પ્રતિબંધિત પ્રાણીઓના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે અને ખાદ્ય ચીજોના ભાવ નક્કી કરવામાં આવશે જેથી ભક્તો પાસેથી મનસ્વી રીતે વસૂલાત ન થાય. ગયા વર્ષે પણ દુકાનો આગળ નામ પ્લેટો લગાવવાનો આદેશ જારી કરવામાં આવ્યો હતો અને સરકારના આ નિર્ણયની આકરી ટીકા થઈ હતી. આ મામલો સુપ્રીમ કોર્ટ સુધી પણ પહોંચ્યો હતો અને સુપ્રીમ કોર્ટે સરકારને ઠપકો આપ્યો હતો અને તે નિર્ણય તાત્કાલિક રોકી દીધો હતો અને આવી સૂચનાઓ આપતી રાજ્ય સરકારોને નોટિસ ફટકારી હતી. પરંતુ આ વખતે ફરી યાત્રા શરૂ થાય તે પહેલાં આ સૂચનાઓ જારી કરવામાં આવી છે.

મુઝફ્ફરનગર જિલ્લાનો મોટો ભાગ પણ કંવર રૂટ પર આવે છે. અહીં, સ્વામી યશવીર નામના મહંતના સમર્થકોએ તાજેતરમાં એક ઝુંબેશ ચલાવી હતી જેમાં દુકાનદારોની ઓળખ કરવામાં આવી રહી હતી. આ અંતર્ગત, તેમની ટીમે દિલ્હી-દહેરાદૂન રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સ્થિત એક ઢાબા પર કર્મચારીઓ પાસેથી આધાર કાર્ડ માંગ્યા હતા. એવા આરોપો છે કે ઢાબાનો માલિક મુસ્લિમ સમુદાયનો હોવાથી, ત્યાંના એક કર્મચારીને બળજબરીથી એક રૂમમાં લઈ જવામાં આવ્યો હતો અને તેનું પેન્ટ કાઢવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જ્યારે સ્વામી યશવીરની ટીમ દુકાનદારો અને ત્યાં કામ કરતા લોકોની શોધ કરી રહી હતી, ત્યારે કેટલાક સ્થાનિક પત્રકારો પણ ત્યાં હાજર હતા. આ ઘટના પછી ઘણો હોબાળો થયો હતો અને જ્યારે મામલો વધુ વકર્યો ત્યારે પોલીસે કેટલાક લોકોને નોટિસ પણ ફટકારી હતી, પરંતુ હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને મધ્ય પ્રદેશ સરકારોને નોટિસ ફટકારી હતી અને પૂછ્યું હતું કે દુકાનદારોની વ્યક્તિગત માહિતી જાહેર કરવી શા માટે જરૂરી છે. કોર્ટે તેને ગોપનીયતાના અધિકાર સાથે જોડીને ગંભીર ચિંતા પણ વ્યક્ત કરી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટના વચગાળાના સ્ટેના બે મહિના પછી, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ બીજો આદેશ જારી કર્યો. આ વખતે રાજ્યભરના તમામ રેસ્ટોરાં અને ખાણીપીણીના સ્થળોએ માલિકો, મેનેજરો અને કર્મચારીઓના નામ અને સરનામાં દર્શાવવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું હતું. સીસીટીવી પણ ફરજિયાત બનાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, તમામ કર્મચારીઓનું પોલીસ વેરિફિકેશન ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. હવે ૨૦૨૫માં કાવડ યાત્રા પહેલા ફરીથી સૂચનાઓ જારી કરવામાં આવી છે.

- તંત્રી

### પારસી નામ ફરહાન હતું, પાછળથી ફિલ્મો માટે જ્હોન નામ અપનાવ્યું : પિતા મલયાલી છે અને માતા પારસી

# મોડલિંગમાં સફળતા બાદ બોલિવૂડમાં સફળ એક્શન સ્ટાર : જ્હોન અબ્રાહમ



બોલિવૂડના ફિટનેસ આઇકન તરીકે જાણીતા જ્હોન અબ્રાહમ એક અભિનેતા, ફિલ્મ નિર્માતા અને ભૂતપૂર્વ મોડેલ છે. તેમની કારકિર્દી ભલે મોડેલિંગથી શરૂ થઈ હોય, પરંતુ તેમણે પોતાની મહેનત અને પસંદગીના વિષયો દ્વારા બોલિવૂડમાં એક અલગ સ્થાન બનાવ્યું છે. જ્હોન અબ્રાહમનો જન્મ ૧૭ ડિસેમ્બર, ૧૯૭૨ના રોજ મુંબઈમાં થયો હતો. તેમના પિતા મલયાલી છે અને માતા પારસી છે. તેમનું પારસી નામ ફરહાન હતું, પરંતુ પાછળથી તેમણે ફિલ્મો માટે જ્હોન નામ અપનાવ્યું. તેમણે મુંબઈ યુનિવર્સિટીની જય હિંદ કોલેજમાંથી અભ્યાસ કર્યો અને NMIMS, મુંબઈમાંથી એમબીએની ડિગ્રી પણ મેળવી.

જ્હોને પોતાની કારકિર્દીની શરૂઆત મોડેલિંગથી કરી હતી અને ટૂંક સમયમાં જ તેઓ એક સફળ મોડેલ બની ગયા હતા. તેમની શાનદાર ફિઝિક અને આકર્ષક વ્યક્તિત્વએ તેમને બોલિવૂડમાં પ્રવેશ માટેનો માર્ગ મોકળો કર્યો.



**સ્ટાર સ્ટોરિઝ**
**દિગ્વિજય પાઠક**

જ્હોન અબ્રાહમે ૨૦૦૩માં થ્રિલર ફિલ્મ જિસ્મથી બોલિવૂડમાં અભિનયની શરૂઆત કરી. આ ફિલ્મ એક હિટ સાબિત થઈ. જોકે, શરૂઆતમાં જિસ્મ અને પાપ જેવી બોલ્ડ કન્ટેન્ટ ધરાવતી ફિલ્મોને કારણે તેમની સી ગ્રેડના કલાકાર તરીકેની છબી બની હતી. જોકે, જ્હોન હંમેશા એક્શન હીરો બનવા માંગતા હતા અને તેમણે ધીમે ધીમે પોતાની ઈમેજ બદલવાનું શરૂ કર્યું.

૨૦૦૪માં આવેલી એક્શન ફિલ્મ ધૂમે તેમને વિલન તરીકે પણ ઓળખ અપાવી અને તે પછી તેમને એક્શન ફિલ્મોની ઓફર મળવા લાગી. તેમણે ગરમ મસાલા (૨૦૦૫), ટેક્સી નંબર ૯૨૧૧ (૨૦૦૬), અને દોસ્તાના (૨૦૦૮) જેવી કોમેડી ફિલ્મોમાં પણ કામ કર્યું.


એક અભિનેતા તરીકે તેમણે વોટર, કાબુલ એક્સપ્રેસ, ન્યૂ યોર્ક, ફોર્સ-૨, હાઉસફૂલ-૨ જેવી વિવિધ ફિલ્મોમાં ભૂમિકાઓ ભજવી. તેમની એક્શન ફિલ્મો જેવી કે શૂટઆઉટ એટ વડાલા, સત્યમેવ જયતે, મુંબઈ સાગા, અને પઠાણ જેમાં તેમણે વિલનનો રોલ કર્યો હતો ખૂબ જ સફળ રહી છે.

અભિનય ઉપરાંત, જ્હોન અબ્રાહમ એક સફળ નિર્માતા પણ છે. તેમની નિર્માણ કંપની જે.એ. એન્ટરટેઈનમેન્ટ દ્વારા તેમણે ૨૦૧૨માં વિકી ડોનર જેવી વિશિષ્ટ વિષયવાળી ફિલ્મ બનાવી, જેને શ્રેષ્ઠ લોકપ્રિય ફિલ્મનો નેશનલ એવોર્ડ મળ્યો. ત્યારબાદ તેમણે મદ્રાસ કેફે (૨૦૧૩), પરમાણુ: ધ સ્ટોરી ઓફ પોખરણ (૨૦૧૮) અને બાટલા હાઉસ (૨૦૧૯) જેવી પ્રયોગશીલ અને વિવેચનાત્મક રીતે પ્રશંસા પામેલી ફિલ્મોનું નિર્માણ કર્યું.

જ્હોન અબ્રાહમ તેમના અંગત જીવનને હંમેશા લાઈમલાઈટથી દૂર રાખવાનું પસંદ કરે છે. તેઓ તેમના શાંત અને નિજી સ્વભાવ માટે જાણીતા છે. જ્હોન અબ્રાહમ અને અભિનેત્રી બિપાશા બાસુનો સંબંધ બોલિવૂડમાં ખૂબ ચર્ચાયો હતો. તેઓ લગભગ ૯ વર્ષ સુધી રિલેશનશિપમાં હતા અને ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું, જેમાં 'જિસ્મ', 'એતબાર', 'મદહોશી' અને 'ગોલ'નો સમાવેશ થાય છે. તેમના સંબંધો લાંબા સમય સુધી ચાલ્યા પછી, ૨૦૧૪માં તેમનું બ્રેકઅપ થયું હતું. બિપાશા સાથેના બ્રેકઅપ બાદ, જ્હોને ૨૦૧૪માં લોસ એન્જલસમાં પ્રિયા રૂંચલ સાથે ગુપ્ત રીતે લગ્ન કર્યાં. પ્રિયા એક રોકાણ બેંકર છે અને તે લાઈમલાઈટથી સંપૂર્ણપણે દૂર રહે છે. જ્હોન ઘણીવાર કહી ચૂક્યા છે કે તેમને અને તેમની પત્નીને આ ફેક દુનિયાથી દૂર રહેવું ગમે છે અને તેમને હાલ જે લાઈફ જીવી રહ્યા છે તે શ્રેષ્ઠ લાગે છે. જ્હોન અબ્રાહમ ફિટનેસ પ્રત્યે ખૂબ જ જાગૃત છે અને જિમ તેમની પેશન છે. તેઓ મોડે સુધી જાગવું કે ખોટી કોન્ટ્રોવર્સીમાં રહેવાનું પસંદ કરતા નથી. તેઓ ઈન્ડિયન સુપર લીગ ફૂટબોલ ટીમ નોર્થઈસ્ટ યુનાઈટેડ એફસીના સહ-માલિક પણ છે, જે ફૂટબોલ પ્રત્યેના તેમના પ્રેમને દર્શાવે છે.

જ્હોન અબ્રાહમ બોલિવૂડના એવા કલાકારોમાંથી એક છે જેમણે મોડેલિંગમાંથી અભિનયમાં સફળતાપૂર્વક સંક્રમણ કર્યું છે અને પોતાની પસંદગીના વિષયો સાથે નિર્માતા તરીકે પણ ઉચ્ચ સ્થાને પહોંચ્યા છે. તેમની ફિટનેસ, શિસ્ત અને અંગત જીવનને લાઈમલાઈટથી દૂર રાખવાના સ્વભાવને કારણે તેઓ ચાહકોમાં લોકપ્રિય છે. ભલે થોડા વિવાદો તેમની કારકિર્દીમાં આવ્યા હોય, પરંતુ તેમણે હંમેશા પોતાની કામગીરી અને પસંદગીના પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

digvijay.pathak@gmail.com







# બોલિવૂડની ચમકધમક હેઠળ છૂપાયેલી વરવી વાસ્તવિકતા

બોલિવૂડની દુનિયા જેટલી ચમકધમકવાળી, પ્રસિદ્ધિ મળે તેવી છે એટલી જ દર્દનાક અને સંઘર્ષો ભરેલી છે. પડદા પર ખુશ અને સંતુષ્ટ દેખાતા કલાકારો પડદાની પાછળ અને શારીરિક અને માનસિક આરોગ્યની ગંભીર સમસ્યાઓથી ઝઝૂમતા હોય છે. બોલિવૂડના ગ્લેમરના પડદાની પાછળ એક સત્ય અને કડવી હકીકત છુપાયેલી છે અને એ છે આરોગ્યની સમસ્યા. ઘણા કલાકારો હિંમતપૂર્વક પોતાના રોગ કે સામસ્યા અંગે ખુલાસા પૂર્વક ચર્ચા કરે છે જેનાથી લાખો લોકોને હિંમત મળે છે. ઘણા નાજુક હૃદય વાળા કલાકારો પોતાની સમસ્યા શેયર ન કરતા ડિપ્રેશનનો ભોગ બને છે અને તે તેમને આપઘાત જેવા પગલાં ભરવા મજબૂર કરે છે.

હાલમાં કાંટા લગા ગર્લ શેફાલી જરીવાલાનું કાર્ડિયાક એરેસ્ટથી થયેલું મૃત્યુ ઘણું આઘાતજનક હતું. વેપાલી જરીવાલા એ ફક્ત નૃત્યાંગના કે અભિનેત્રી નહી પરંતુ એક બહાદુર મહિલા હતી. જેણે માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સાથે ઘણો લાંબો સંઘર્ષ કર્યો હતો. માત્ર ૧૫ વર્ષની ઉંમરે એપિલેપ્સી રોગ આવતા તેણે પોતાનો આત્મવિશ્વાસ ગુમાવ્યો હતો. શેફાલી ડિપ્રેશન, એન્ઝાઈટી જેવી માનસિક સમસ્યાથી પણ પીડાતી હતી. જ્યારે તેનો મૃત્યુ થયુ તે દિવસે ઉપવાસ કરીને તેણે એન્ટી એજિંગ ડ્રીપ, વિટામીન સી જેવા ઇન્જેક્શનનો ભૂખ્યા પેટે લીધા હતા. જેનું પરિણામ સૌની સામે છે. મેડિકલ રિપોર્ટ પણ એમ કહે છે કે ખાલી પેટે લેવાયેલ દવાઓની આડઅસર શેફાલીના એટેકનું પરિણામ હોઈ શકે.

બોલિવૂડમાં ફિટ રહેવું, સુંદર દેખાવુ એ દરેક અભિનેત્રીની ખ્વાહિશ અને જરૂરિયાત બંને હોય છે. એના ચક્કરમાં પ્રોટીન ઇન્ટેક વધી જાય, વિટામિનના ડોઝ લેવા, ખૂબ વધુ કસરતો, કીટો ડાયટ જેવા નુસખા અપનાવતી હોય છે. પરંતુ તે જ જીવનશૈલી તેમના જીવનને જોખમમાં મૂકતા હોય છે.

અભિનેત્રી સોનાલી બેન્દ્રે હોય કે મનીષા કોઈરાલા કે જેમણે કેન્સર સામે જીવનભર યુદ્ધ આપ્યું. વાત કરીએ બધીભાશાળી ઈરફાન ખાનની કે જેને દુર્લભ ન્યૂરોએન્ડ્રોકાઈન ટ્યુમરથી જીવન ગુમાવવું પડ્યું હતું. આ પરથી કહી શકાય કે સ્વાસ્થ્ય સાથેના ચેડા તમારા સ્વાસ્થ્ય માટે ખતરા સમાન બની જાય છે પછી ભલેને તમે બોલિવૂડ સ્ટાર કેમ ન હોવ?



**ઓફ ધ સ્ક્રીન**
**ખ્યાતિ શાહ (સિદ્ધયતિ)**

ગ્લેમરસ જીવનમાં જીવતા સ્ટાર કરતા કદાચ સામાન્ય માનવીની જીવનમાં તકલીફ ઓછી હશે એમ કહીએ તો ખોટું નથી. કેમકે ગ્લેમરસ જીવન પાછળ સતત દબાણ, અનિયમિત લાઈફ સ્ટાઈલ, અતિ ડાયટિંગ અને પ્રાઈવેસી નો અભાવ કલાકારો માટે તણાવનું કારણ બની જાય છે.

અનુષ્કા શર્મા, શાહરુખ ખાન હોય કે પછી રણવીર સિંહ એ કલાકારોએ પણ ડિપ્રેશન એન્ઝાઈટી જેવી બીમારીઓના પડકાર સ્વીકાર્યા જ છે. સુશાંત સિંહ રાજપુતનું મૃત્યુ કહો કે સ્યુસાઈડ, સમગ્ર દેશમાં માનસિક સ્વાસ્થ્યને લઈને મોટો મુદ્દો બની ગયુ હતો. એની ચમકતી દુનિયામાં ક્યાંક તો ખાલીપણાએ ઘર કરેલું હશે કે જેનાથી સુશાંતને સુસાઈડ જેવો પગલું ભરવું પડ્યું હતું. પરંતુ આજના સમયમાં કેટલાક સકારાત્મક પરિવર્તનો પણ જોવા મળે છે. યોગા, ધ્યાન, થેરાપી અને ખુલ્લી ચર્ચા દ્વારા હવે બોલિવૂડ પણ આરોગ્ય વિષયક જાગૃતતા ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. માત્ર મનોરંજન નહીં પણ પ્રેરણાનું પણ માધ્યમ બની રહ્યું છે બોલિવૂડ. છેલ્લે બોલિવૂડ માત્ર કાલ્પનિક દુનિયા નથી અહીં પણ લોકો છે, ભય છે, દુઃખ અને નબળાઈઓ પણ છે. પરંતુ એકલતા ને ટાળો યોગ ધ્યાન કરો એવા પોઝિટિવ વલણથી તમે તમારું જીવન સુખમય બનાવી શકો છો. બોલિવૂડ સ્ટાર્સ સારો ભાવ દેખાડી જો પોતે જ પોતાની સમસ્યાને લોકો સાથે શેયર કરશે તો એ કદાચ અન્ય લોકોને પણ એટલું જ મદદરૂપ બનશે.

khyati.maniyar8099@gmail.com

**ફિલ્મી સિતારાઓની આ ચમકતી દુનિયામાં ક્યાંક તો ખાલીપણાએ ઘર કરેલું હશે જેનાથી સુશાંતને સુસાઈડ જેવું પગલું ભરવું પડ્યું હતું**

# ઓટીટી અપડેટ ગઝબની સ્ટોરીનો ગ્લેમરસ કન્ટેટ થાળ




મુંબઈનો નજારો જોવાની મજા તો વરસાદમાં આવે. અમુક વિસ્તારો તળાવ બની જાય તો મુખ્ય રસ્તાના કિનારે શેકેલી મકાઈ ખાવાની પણ એક મજા છે. વરસાદ પછીનો ઉઘાડ જાણે મુંબઈ શહેરમાં રંગ ભરતું હોય એવું લાગે. આજે તો ૨૪માં ફ્લોર પરથી મુંબઈના પરેલ વિસ્તારની જુદી જુદી સાઈટના ફોટો ક્લિક કરવાની મજા પડી ગઈ. ફોટોગ્રાફર કેલકરે તો એક અઠવાડિયાનું અસાઈમેન્ટ લઈ લીધું. મોનસુન ઈન મુંબઈ એટલે આહા...અલગ રંગ અને શહેરનો જ એક નવો અવતાર. બાબ રાહુલે કોન્ફરન્સ રૂમમાં આખા સ્ટાફ સામે વાતોના વડા કરવાનું શરૂ કરી દીધું. આજે મિટિંગ હતી એટલે કેમેરામેન સહિત સૌ કોઈ કોન્ફરન્સ રૂમમાં ભેગા થયા હતા. સૌ કોઈ એડિટર સમીરભાઈની રાહ જોતા હતા.



**મૂવી મિક્સ**
**વિરલ રાઠોડ**

ગુડ મોર્નિંગ....સોરી ટુ ઓલ. હું ૫ મિનિટ મોડો પડ્યો છું. આના પછી આઉટડોર સ્ટાફની મિટિંગ છે. કેલકર તમે બસજો. બધાના સ્ટોરી આઈડિયા તૈયાર છે? સમીરભાઈએ પોતાની વાત કરી. કોઈએ સમીરભાઈ સામે ડોકું ધુણાવ્યું કોઈએ ઈશારામાં હા પાડી. રાહુલે શરૂઆત કરી. આમ તો બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં છેલ્લા કેટલાક વર્ષોથી સ્ટોરીલાઈન અને વિષયવાર્તાની રીતસરની અછત ઊભી થઈ છે. સત્યઘટનાને બાદ કરતા ખાસ કોઈ ફિલ્મ ઈમ્પેક્ટ ફૂલ રહી નથી. બીજી તરફ ઓટીટી પ્લેટફોર્મ પર ટક્કર મારે એવું કોન્ટેટ પીરસાઈ રહ્યું છે. જે સમાજના યુવને કનેક્ટ કરે છે. લોહીની પિચકારી થતાં શોટ, એક્શન અને વિચારતા કરી દે એવા રહસયો, બીજી તરફ હિંસાની ચરમસીમા પણ ક્યાંક ચિંતાનો વિષય છે. ખેર, જે રીતે 'મિર્ઝાપુર', 'ફેમિલીમેન', 'ક્રિમિનલ જસ્ટિસ', 'પંચાયત', 'સ્વિડ ગેમ' જેવી સીરિઝે કરોડોમાં રોકડી કરી સાથે સાથે સફળતા પણ પ્રાપ્ત કરી છે. આ આખું વર્ષ ઓટીટી પર સીરિઝથી ભરપુર છે. કોન્ટેટ પણ જબરદસ્ત છે.

'સ્પેશયલ ઓપ્સ ૨' - હિંમતસિંહના પાત્રને જોરદાર ન્યાય આપ્યા બાદ કે. કે. મેનન સ્પેશયલ ઓપ્સની બીજી સીઝન લઈને આવી રહ્યા છે. જેમાં વાત દેશના એક જાણીતા અને મોટા વિજ્ઞાનીને બચાવવાની થઈ રહી છે. ઓપરેશન બીજા પણ હોઈ શકે છે પણ સસ્પેન્સ અને વાર્તા સાયબર વોર પર લઈ ગયા છે. મસ્ટવોચ સીરિઝ છે. આ પહેલા હિંમતસિંહે પોતે કેવી રીતે આ ફિલ્ડના પાસાને ટ્રેસ કર્યું અન પોતાના એજન્ટનું નેટવર્ક ઊભું કર્યું એની વાર્તા છે. 'ફેમિલીમેન' ત્રીજાભાગનું ટ્રેલર જ સસ્પેન્સ છે. અગાઉના એપિસોડનું મિક્સિંગ કરીને કંઈક નવી સ્ટોરીની માત્ર ફ્લેશ આપી છે. પણ જોવાની મજા એ આવશે કે, પરિવાર સાથે પેશનને વળગી રહેલા મનોજ વાજપેયનું આ વખતેની સીઝનમાં કેવું બેલેન્સડ છે.

દિલ્હી દુષ્કર્મકાંડની સત્યઘટના પરથી શરૂ થયલી 'દિલ્હી ક્રાઈમ'ની ત્રીજી સીઝન આવે છે. પહેલી સીઝનમાં આખી ઘટના છે. સાથે સાથે કેસ ઈન્વેસ્ટિગેશન છે. બીજાભાગમાં દુષ્કર્મ કેસની સાથે બીજા ક્રાઈમ કેસ છે. હવે ત્રીજાભાગમાં પણ બે સત્યઘટનાને ખૂબ નજીકનું રૂપ આપવામાં આવ્યું છે. ત્રીજાભાગમાં હ્યુમન ટ્રાફિકિંગની સ્ટોરી છે પણ વિષય કંઈક બીજો પણ છે. એક્શન અને સસ્પેંસનો ડોઝ હેવી થઈ ગયો હોય તો રીયલમેન જોવાજેવી છે. ટ્રેલર જ કોમેડી છે એટલે સીરીઝ પણ જોવાની મજા આવશે.

નવાઝનો તદ્દન નવો અવતાર જોવા મળશે 'કાસ્ટો'માં. કસ્ટમ ઓફિસરની સામે બદલાતી પરિસ્થિતિમાં એક સમયે એ પોતે જ ભ્રષ્ટાચારીઓની ઝાળમાં ફસાય છે. મસ્ત ટ્રેલર અને છેક સુધી બેસાડી રાખે એવી સીરિઝ. રાજસ્થાનના અનએક્સપ્લોર લોકેશન અને અદભૂત ડ્રોનશૂટ, ન કોઈ ગંદકી અને ન કોઈ હાઈફાઈ કેસ. તેમ છતાં મોજ કરાવી દેતી સ્ટોરી એટલે 'કુલ'.

એકતા કપૂરના ડાયરેક્શનમાં રજવાડી ઠાઠ તો જોવા મળશે પણ સમજી શકાય એવી રાજનીતિ પણ છે. મોર્ડનની સાથે મોલેસ્ટ. એકવાર ખાસ જોવાજેવી. 'સિસ્ટર મીડનાઈટ' ટ્રેલર જોઈને જ અક્કલ કામ નહીં કરે. ડાર્ક કોમેડી સાથેની ડાર્ક સ્ટોરી. એકથી એક મુંબઈના મસ્ત લોકેશન અને છેલ્લે એવો ઝટકો એક સિનમાં અંદાજ ન આવે.

હોલિવૂડ સ્ટોરી પસંદ હોય અને થોડું થોડું અંગ્રેજી સમજતા આવડે તો મર્ડરબોટ જોવાજેવી છે. એકથી એક સીન ચડિયાતા અને સ્ટોરી પણ બહેતરીન. સાઉથ ઈન્ડિયાના સિટીની એક અનોખી સ્ટોરી જે જાણીને નવાઈ લાગશે આ સ્ટોરી એટલે 'અક્કા'. રાધીકા આપ્ટે અને કીર્તિ સુરેશ. મસ્ત એક્ટિંગ ક્વિનની દમદાર પેશકશ. આ સિવાય વાણી કપૂર અને કરીના પણ એક વેબસીરિઝમાં એન્ટ્રી કરવાના છે. પ્રોજેક્ટ શરૂ થઈ ચૂક્યો છે પણ નામ સામે નથી આવ્યું.

viralrathod353@gmail.com


**મેનન સ્પેશિયલ ઓપ્સની બીજી સીઝન લઈને આવી રહ્યા છે, જેમાં વાત દેશના એક જાણીતા અને મોટા વિજ્ઞાનીને બચાવવાની થઈ રહી છે**

### આઉટ ઓફ ધ બોક્સ

સમગ્ર એશિયામાં સૌથી વધારે જોવાતું ઓટીટી હોય તો એ હોટસ્ટાર છે. બીજા ક્રમે સોનીલીવ. વ્યૂઅરશીપ સર્વેમાંથી આ વાત સામે આવી છે.

ફિલ્મી ટિટબિટ્સ
રજની


## માતૃત્વનો દંડ અને પિતૃત્વના ફાયદા જેવી સ્થિતિ છે : કોંકણા સેન શર્મા



અનુરાગ બાસુની લોકપ્રિય ફિલ્મ 'લાઇફ ઇન મેટ્રો'ની સિક્વલ 'મેટ્રો ઇન દિનો..' આવી રહી છે, જેમાં વિવિધ શહેર અને ઉંમરનાં લોકો વચ્ચેની લવ સ્ટોરી જોવા મળશે. ત્યારે આ ફિલ્મ પહેલાં તેણે એક ઇન્ટરવ્યુમાં મધરહૂડ, વર્કલાઇફ બેલેન્સ અને પંકજ ત્રિપાઠી સાથે કામ કરવાના અનુભવ વિશે વાત કરી હતી. આ ફિલ્મમાં પંકજ ત્રિપાઠી અને કોંકણા સેન ઉંમરના મધ્યાહ્ને પહોંચી ગયેલાં એક કપલનો રોલ કરે છે. આ અંગે કોંકણાએ કહ્યું, લગ્નના દસ-બાર વર્ષ પછી, જયારે તમારે બાળકો હોય, હપ્તા હોય, બાળકોની સ્કૂલની ફી ભરવાની હોય, તમારી નોકરીઓ હોય અને ત્યારે તમે ઘરની જવાબદારીઓ અને તેના પગલે આવતી મુશ્કેલીઓથી ઘેરાઈ જાવ છો.ઘણા દંપતિ આ પડકારોનો સામનો કરે છે. ૧૦-૧૨ વર્ષ પછી શરૂઆતનો ઉત્સાહ, રોમાંચ ગાયબ થઈ જાય છે. પરિસ્થિતિ બદલાઈ જાય છે. અનુરાગે આ વાતને ઘણી સંવેનશીલતા અને હળવાશથી બતાવી છે. ઘણા કપલ તેનાથી પોતાની જાતને જોડી શકશે. વર્ક લાઇફ બેલેન્સ અંગે વાત કરતા કોંકણાએ કહ્યું કે આજના દિવસોમાં અને આ ઉંમરે, દરેક ઇન્ડસ્ટ્રીમાં માતૃત્વના દંડ જેવી સ્થિતિ છે, માત્ર એન્ટરટેઇન્મેન્ટ ઇન્ડસ્ટ્રીમાં નહીં. "તેને ફાધરહૂડ પ્રીમિયમ અને મધરહૂડ પેનલ્ટી કહેવાય છે." ઇન્ડસ્ટ્રીમાં કે ઇન્ડસ્ટ્રીની બહાર વર્કલાઇફ બેલેન્સ અંગે કોંકણાએ કહ્યું, "મને ખરેખર લાગે છે કે આજકાલ લગભગ દરેક ઇન્ડસ્ટ્રીમાં કેટલીક મધરહૂડ પેનલ્ટી છે. તેને મધરહૂડ પેનલ્ટી અને ફાધરહૂડ પ્રીમિયમ કહેવાય છે.


## 'હેરાફેરી-૩' માટે અક્ષય સિવાય કોઈ સાથે કોઈ લેવાદેવા નથી : પ્રિયદર્શન

હેરા ફેરી ફ્રેન્ચાઇઝ માટે ચાહકોની રાહ ફરી એકવાર તીવ્ર બની ગઈ છે. હવે દિગ્દર્શક પ્રિયદર્શને લાંબા સમયથી રાહ જોવાતી 'હેરા ફેરી ૩' અંગે પોતાનું મૌન તોડ્યું છે. ફિલ્મ વિશેની બધી અટકળો અને અફવાઓ વચ્ચે, પ્રિયદર્શને સ્પષ્ટ કર્યું છે કે તે આ પ્રોજેક્ટ માટે ફક્ત અક્ષય કુમાર માટે પ્રતિબદ્ધ છે. પ્રિયદર્શને એચટી સિટી સાથેની એક મુલાકાતમાં જણાવ્યું હતું કે તે આ પ્રોજેક્ટ સાથે જોડાવા માટે ખુશ છે પરંતુ તેનું સંપૂર્ણ ધ્યાન ફક્ત અભિનેતા અક્ષય કુમાર પર છે. તેણે કહ્યું, 'હું દક્ષિણ ભારતમાં રહું છું, જ્યારે પણ ફિલ્મ સાઈન થશે, ત્યારે હું શૂટિંગ માટે જઈશ. હું ફક્ત અક્ષય કુમાર માટે પ્રતિબદ્ધ છું. મારે બીજા કોઈ સાથે કોઈ લેવાદેવા નથી.'



અગાઉ, અભિનેતા પરેશ રાવલે પોતે પુષ્ટિ કરી હતી કે તે 'હેરા ફેરી ૩'માં જોવા મળશે. ત્યારથી, એવા અહેવાલો આવી રહ્યા છે કે ફિલ્મમાં અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને પરેશ રાવલની મૂળ ત્રિપુટી ફરી એકવાર સાથે આવશે. તે જ સમયે, સુનીલ શેટ્ટીએ પણ અગાઉ સ્વીકાર્યું હતું કે ફિલ્મને લઈને ત્રણેય વચ્ચે કેટલાક મુદ્દાઓ હતા, પરંતુ હવે તે ઉકેલાઈ ગયા છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું, 'મેં અત્યાર સુધી આ મુદ્દા પર એક પણ નિવેદન આપ્યું નથી. હું સિનેમાના રાજકારણમાં માનતો નથી. અક્ષય, સુનીલ અને પરેશ મારા સારા મિત્રો છે. તેમની વચ્ચે જે મતભેદ હતા તે હવે દૂર થઈ ગયા છે. મને નથી લાગતું કે આમાં બીજું કોઈ સામેલ છે.'

## મેડોકના સ્ત્રી યુનિવર્સની હોરર કૉમેડીમાં હવે રણવીર સિંહની એન્ટ્રી



મેડોકનું હોરર કોમેડી યુનિવર્સ ધીરે ધીરે મોટું થઈ રહ્યું છે, જેમ રોહિત શેટ્ટીના કોપ યુનિવર્સ અને યશરાજનું સ્પાય યુનિવર્સ છે, તેમ હવે સ્ત્રીનું હોરર કોમેડી યુનિવર્સ પણ દેશમાં ઘણું લોકપ્રિય થઈ રહ્યું છે. હવે તેમાં રણવીર સિંહ પણ જોડાયો છે.હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે રણવીર માટે દિનેશ વિજાન વધુ એક હોરર કોમેડી પ્રોડ્યુસ કરી રહ્યા છે. હોરર કોમેડી યુનિવર્સમાં રણવીરની આ પહેલી એન્ટ્રી છે આ અહેવાલોથી જ મેડોક અને રણવીરના ફેન્સ ખુશ થઈ ગયાં છે. મેડોકની આગળની ફિલ્મ 'સ્ત્રી', 'રૂહી', 'ભેડિયા' અને 'મુંજ્યા'ની જેમ આ ફિલ્મમાં પણ થ્રિલ અને કોમેડી બંને હશે.છેલ્લે ૨૦૨૩માં રણવીરની 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' આવી હતી, આમ તેની કોઈ ફિલ્મ જોવા મળી હોય અને બે વર્ષ થઈ ગયાં છે, જો કે વચ્ચે તેની એક ઝલક 'સિંઘમ અગેઇન'માં મળી હતી. પરંતુ તે હિરો હોય એવી ફિલ્મને બે વર્ષ થઈ ચૂક્યા છે. એવું લાગે છે કે તે કોઈ મોટા પ્રોજેક્ટ સાથે જોડાવા જઈ રહ્યો છે. રણવીર સિંહ પહેલાંથી જ આદિત્ય ધરની 'ધુરંધર'માં કામ કરી રહ્યો છે. આ અંગે સુત્રના જણાવ્યા અનુસાર, "રણવીર મહેબુબ સ્ટુડિયોમાં કોઈ સ્પેશિયલ પ્રોજેક્ટ માટે કામ કરી રહ્યો છે." જોકે, સુત્રએ આ ઉપરાંત કોઈ માહિતી આપી નહીં. રણવીર સાથે ધુરંધરમાં અર્જૂન રામપાલ, સંજય દત્ત, અક્ષય ખન્ના અને આર માધવન પણ છે.

## મોંઘા ઉત્પાદનો વાપરવા છતાં વાળની સંભાળ રાખવામાં અસમર્થ : હિના ખાન



'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ'માં તેની ભૂમિકા માટે પ્રખ્યાત હિના ખાન, સ્તન કેન્સરના ત્રીજા તબક્કા સામે લડી રહી છે. અભિનેત્રી બહાદુરીથી કેન્સર સામે લડી રહી છે અને સમયાંતરે તેના ચાહકોને તેના સ્વાસ્થ્ય સાથે સંબંધિત દરેક નાની-મોટી અપડેટ આપતી રહે છે. તાજેતરમાં તેણીએ તેના જીવનમાં એક નવા અધ્યાયમાં પ્રવેશ કર્યો છે. ૪ જૂન, ૨૦૨૫ ના રોજ, હિના ખાને તેના લાંબા સમયના બોયફ્રેન્ડ રોકી જયસ્વાલ સાથે લગ્ન કર્યા. અભિનેત્રીએ હવે એક નવો ખુલાસો કર્યો છે, જેમાં તેણીએ દાવો કર્યો છે કે કેન્સરની સારવારને કારણે, તેણીને તેના ઘણા મોંઘા વાળ સંભાળ ઉત્પાદનો ફેંકવા પડ્યા હતા. હિના ખાને તેની ઇન્સ્ટાગ્રામ વાર્તાઓ પર એક વિડિઓ શેર કર્યો છે, જેમાં તેણીએ જણાવ્યું છે કે કેવી રીતે તેણીને તેના ઘણા વાળ સંભાળ ઉત્પાદનો ફેંકવા પડ્યા હતા જે કેન્સરને કારણે તેનો ઉપયોગ કરી શકતી ન હોવાથી સમાપ્ત થઈ ગયા હતા.



# જુરાસિક વર્લ્ડ

## માઇકલ ક્રાઇટનનું કલ્પિત અનંત વિશ્વ

**શૂટિંગમાં વપરાતું ૨૦ફૂટ ઊંચું એનિમેટ્રોનિક મોડેલ જેનું વજન ૧૨,૦૦૦પાઉન્ડ હતું તે શૂટિંગ દરમિયાન ખરાબી આવવાને કારણે જમીનમાં ઊંડે સુધી ખૂંપી ગયું હતું**

હોલિવૂડ હોરાઇઝન
મનિષ શેઠ

મહાકાય ડાયનોસોર, જેની ગર્જના - જેની દહાડ હજી આ જે પણ લોકોને ડરાવી રહી છે. ભયાનક એક્શન, ગ્રાઉન્ડબ્રેકિંગ વિઝ્યુઅલ અફેક્ટ્સ અને જીવંત ડાયનોસોર્સની શાશ્વત આકાર - આ સઘળું આજે પણ લોકોને કંપાવે છે.

સ્ટીવન સ્પીલબર્ગનાં અદ્દભૂત ક્રાંતિકારી સર્જનોમાંથી એક...૧૯૯૩માં જુરાસિક પાર્ક સાથે શરૂ થયેલી યાત્રા, સમય સાથે વિકાસ પામી જુરાસિક વર્લ્ડનાં સ્વરૂપે રૂપાંતરિત થઈ. છેલ્લા ત્રણ દાયકાઓમાં, આ સાગાએ છ બ્લોકબસ્ટર ફિલ્મો, સ્પિન-ઓફ્સ, એનિમેટેડ શ્રેણીઓ અને થીમ પાર્ક્સ સાથે ફિલ્મ ઇતિહાસમાં પોતાનું સ્થાન મજબૂત કર્યું છે અને દરેક દાયકામાં બ્લોકબસ્ટર સિનેમાની વ્યાખ્યાને બદલી - નવા આયામ સ્થાપિત કર્યા છે. માઇકલ ક્રાઇટનના કલ્પિત વિશ્વ અને તેના ફ્રેન્ચાઇઝીની એકંદર ખાસિયતો

- અત્યાધુનિક લાઇટ્સ અને ટેકનોલોજીની મદદથી ઑસ્કર વિજેતા સ્પેશિયલ ઇફેક્ટ્સ

માઇકલ ક્રાઇટનના કલ્પિત વિશ્વનાં પડદા પાછળની યાદગાર પળો

પ્રથમ ફિલ્મ : જુરાસિક પાર્ક- સ્ટીવન સ્પીલબર્ગના નિર્દેશનમાં ૩ ઓસ્કાર્સ (બેસ્ટ વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, સાઉન્ડ અને સાઉન્ડ એડીટિંગ માટે) સાથે ૧.૦૪ બિલિયન ડોલરનું બૉક્સ ઑફિસ કલેક્શન.

ટી. રેક્સમાં ખામી - વરસાદમાં શૂટિંગ

૨૦ ફૂટ ઊંચું એનિમેટ્રોનિક મોડેલ જેનું વજન ૧૨,૦૦૦ પાઉન્ડ હતું તે શુટિંગ દરમિયાન ખરાબી આવવાને કારણે જમીનમાં ઊંડે સુધી ખુપી ગયું હતું.

ક્રિએટેડ નહિ પણ વાસ્તવિક કુદરતી વરસાદમાં શુટિંગ : વાસ્તવિક વરસાદ અને મહાકાય પાણીના ફુવારા જેવા ઉપકરણો સાથે શુટિંગ કરતી વખતે વરસાદમાં ભીનું થતા એ બગડ્યું, આકસ્મિક અને અણધારી રીતે ધ્રુજવા લાગ્યું. ક્રૂ સભ્યોનાં કહેવા મુજબ સૌ ડરી ગયા. જાણે ટી-રેક્સ જીવંત થઈ ગયું અને હમણા જ કોઈનો કોળીયો કરી જશે. પણ સ્ટીવને શુટિંગ ચાલુ જ રાખ્યું. આ કુદરતી રીતે સર્જાયેલ ડરામણી પરિસ્થિતિનું જ ફિલ્માંકન કરી એને વાસ્તવિક અનુભૂતિનું જ ફિલ્માંકન કરી અદ્દભૂત ઓપ આપ્યો અને એક યાદગાર સીન કેપ્ચર કરાયો.

ફિલ્મમાં રેપ્ટર્સની ભૂમિકા અભિનેતાઓએ સુટ પહેરીને જ ભજવી હતી. અને તેમના શ્વાસના અવાજ કાચબાઓના મેટીંગનાં સમયના અવાજમાંથી લેવાયા હતા.

૨. ધ લોસ્ટ વર્લ્ડ: જુરાસિક પાર્ક (૧૯૯૭) સ્ટીવન સ્પીલબર્ગનાં જ નિર્દેશનમાં એક હજી બ્લોકબસ્ટર - બોક્સ ઓફિસ કલેક્શન $૬૧૮ મિલિયન.

ટ્રેલર ક્લિફ સીન વાસ્તવિક ડ્રોપ - માત્ર ૧૦ ફૂટનો હતો, પરંતુ સિનેમેટોગ્રાફીની કમાલ એ કે એ જમ્પને એ એન્ગલ થી કેપ્ચર કરાયું કે તે જીવલેણ ડેડલી ફોલ લાગે. જેફ ગોલ્ડબ્લમનું રિએક્શન- બની ગયો સંવાદ ડાયનાસોરના ગોબર સેટ જોયા પછી અનાયાસ જ તેમનાં મુખમાંથી શબ્દો સરી પડ્યા "That's one big pile of shit" તે આઇકોનિક લાઇન બની ગઈ.

૩. જુરાસિક પાર્ક ૩ (૨૦૦૧) જોઈ જોનસ્ટનનાં નિર્દેશનમાં ૩૬૮ મિલિયન ડોલરનું બોક્સ ઓફીસ કલેક્શન. ધ ટેરોડેક્ટીલ બર્ડ કેજ સીન શરૂઆતના ટેકમાં કલાકારોને કોઈ સલામતી જાળ વિના ખરેખર ૫૦ ફૂટ હવામાં લટકાવવામાં આવ્યા હતા.

૪. જુરાસિક વર્લ્ડ (૨૦૧૫) કોલિન ટ્રેવોરોનાં નિર્દેશનમાં બોક્સ ઑફિસ કલેક્શન ૧.૬૭ બિલિયન ડોલર. બ્રાયસ ડલ્લાસ હોવર્ડે ડબલ માટેનાં પડી અને હિલ્સમાં પોતે જ દોડી. જે પછી એક મજાક નો મુદ્દો બની ગયો.

હાઇબ્રિડ ડાયનોસોરની ચીસોને બેલુગા વ્હેલ, ડુક્કરની ચીસો અને વાઘની ગર્જનાને એકબીજામાં ઉમેરી ક્રિએટ કરવામાં આવી હતી.

૫. જુરાસિક વર્લ્ડઃ ફોલન કિંગડમ (૨૦૧૮), જે.એ.બેયોના નાં નિર્દેશનમાં બોક્સ ઑફિસ કલેક્શન ૧.૩ બિલિયન ડોલર. જેફ ગોલ્ડબ્લમનો ૫ મિનીટનો કેમિયો શૂટ કરવામાં ૨ દિવસ લાગ્યા કેમકે એ દરેક ટેક માં ઈમ્પ્રોવાઈઝેશન થતું ગયું અને બીજે દિવસે કમને ઈમ્પ્રોવાઈઝેશન થવાનું રોકી 'ટેક' ઓકે કરવામાં આવ્યો.

૬. જુરાસિક વર્લ્ડઃ ડોમિનિયન (૨૦૨૨) કોલિન ટ્રેવોરોનાં નિર્દેશનમાં બોક્સ ઑફિસ કલેક્શન ૧ બિલિયન ડોલર. જુરાસિક સિરીઝ માત્ર ડાયનોસોરોનું મનોરંજક પુનર્જીવન નથી એ કલ્પનાનું વિશ્વ, વૈજ્ઞાનિક અને ભાવનાત્મક ઘટનાઓ અને તકનિકી કૌશલ્યનો અદભુત આકાર છે. સ્પિલબર્ગની કલ્પનાની શરૂ થયેલી આ યાત્રા દરેક દાયકામાં નવા દ્રષ્ટિકોણ, નવા નાયક અને નવા જોખમો, નવા એન્ગલ્સ સાથે આગળ વધે છે.


**સિગ્નેચર**

જુરાસિક - એ કાલ્પનિક વિશ્વની ગર્જના આજે પણ લોકો એટલી જ આતુરતાથી સાંભળે છે - થર થર કાંપે છે. છતાં એ અનુભૂતિની પ્રશંસા કરે છે, ક્યારેક વિવાદ જગાવે છે પણ સિક્વલ બનતા બનતા એ કાલ્પનિક વિશ્વના વારસાને જીવંત રાખે છે.

manbhavee@gmail.com.

# રસોઈથી ડિજિટલ દુનિયા સુધી

## નિશા મધુલિકાનું પ્રેરણાદાયક સફરનામું



ઇન્ફ્લૂએન્સર્સ
મયૂરી જાદવ શાહ

ભારતની પ્રખ્યાત વેજીટેરિયન રેસીપી ક્રિએટર અને યુટ્યુબરની વાત કરીએ અને તેમાં નિષા મધુલિકાનું નામ ન આવે એ શક્ય નથી. ઘરગથ્થું અને સરળ ભાષામાં રસોઈ શીખવતા નિષાબેન આજે દેશ અને દુનિયાની કરોડો મહિલાઓ માટે પ્રેરણાસ્રોત બની ગઈ છે. રસોઈની કલાને માત્ર રસોઈઘરમાં જ નહિ, પરંતુ યુટ્યુબની સ્ક્રીન પર એક અભૂતપૂર્વ ઓળખ આપી છે.

નિષા મધુલિકાનું જન્મ ૨૫ ઑગસ્ટ, ૧૯૫૯ના રોજ ઉત્તર પ્રદેશમાં એક મધ્યમવર્ગીય પરિવારમાં થયો હતો. બાળપણથી જ તેમને રસોઈનો શોખ હતો. પરણ્યા બાદ તેઓ નોઈડા ખાતે સ્થાયી થયા અને પતિના વ્યવસાયમાં પણ સહાય કરતા રહ્યા. શિક્ષિકા તરીકે પણ તેમનો ટૂંકો સમયગાળો ભાવનાત્મક કારકિર્દી રહ્યો. પણ સાચો બદલાવ ત્યારે આવ્યો જ્યારે તેમણે ૨૦૦૭માં બ્લોગિંગ શરૂ કર્યું અને પોતાના રસોઈના અનુભવ અને રેસીપી લોકો સુધી પહોંચાડવાનું નક્કી કર્યું. અહીંથી શરૂ થયો એક એવા સફરનો શુભારંભ જેણે તેમને દેશની ટોચની મહિલા યુટ્યુબર બનાવ્યા.

**નિશા મધુલિકાએ ખાસ કરીને મહિલાઓને રસોઈના માધ્યમથી આત્મનિર્ભર બનવામાં સહાયરૂપ થયાં**

યુટ્યુબ પર એક મોટું પગલું: ૨૦૧૧માં નિષા મધુલિકાએ પોતાની યુટ્યુબ ચેનલ શરૂ કરી, જેમાં તેઓ સાવ સરળ ભાષામાં ભારતીય વેજીટેરિયન રેસીપી શીખવતા હતા. તેમની સાદગી, વાતચીતનો શિષ્ટ ઢંગ અને ઘરેલુ રીત તેવા હતા કે લોકો તરત જ જોડાતા ગયા. આજે તેમના ચેનલ પર ૧.૪૫ કરોડથી વધુ સબ્સ્ક્રાઈબર્સ છે અને બિલિયનથી વધુ વ્યૂઝ મળ્યા છે. તેમણે ખાસ કરીને મહિલાઓને રસોઈના માધ્યમથી આત્મનિર્ભર બનવામાં સહાયરૂપ થવાનું કામ કર્યું છે.

એક બહુમુખી મિશન: નિષા મધુલિકા માત્ર એક શેફ નથી, પણ એક મિશન સાથે જોડાયેલ વ્યક્તિ છે - "હર ઘરમાં આનંદ અને એકતાની ખાટલીઓ ખીલે એવી તંદુરસ્ત અને સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી શકાય." તેમની દરેક રેસીપીની પાછળ જે ભાવના હોય છે, એ છે સદભાવના, માતૃત્વ, અને પોષણ - આજે જ્યારે ફાસ્ટ ફૂડ અને પેકેજડ ખોરાકનો જમાનો છે, ત્યારે નિષાબેન જેવી વ્યક્તિઓ ભારતીય રસોઈને જીવંત રાખી રહી છે. જો તમારું રસોઈપ્રેમી દિલ છે અને તમે ભારતીય વાનગીઓના શુદ્ધ સ્વાદની શોધમાં છો - તો નિષા મધુલિકાનો ચેનલ તમારા માટે એક ખજાનો છે.

jadavvmayuri@gmail.com



# સ્વસ્થ જીવન માટે કામના કલાકો નક્કી કરેલા હોવા જોઈએ : શ્રીયા પિલગાંવકર

**મને લાગે છે કે કામના કલાકો અંગેના નિયમોનું પાલન એટલું કડક રીતે કરવામાં આવતું નથી જેટલું હોવું જોઈએ**

મોટાભાગના સ્ટાર કિડ્સ તેમના માતાપિતાના નામથી ઓળખાય છે, પરંતુ શ્રિયા પિલગાંવકરે ઉદ્યોગમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. તેના માતાપિતા સચિન પિલગાંવકર અને સુપ્રિયા પિલગાંવકર ઉદ્યોગમાં મોટા નામ હોવા છતાં, શ્રેયાએ ક્યારેય તેને સફળતાની ગેરંટી માન્યું નહીં. અહીં તેની સાથેનો એક વિશિષ્ટ ઇન્ટરવ્યુ છેઃ

**તમે મોટાભાગે થ્રીલર શૈલીના પ્રોજેક્ટ્સમાં કામ કર્યું છે, શું તમને ફક્ત થ્રીલર શૈલી જ ગમે છે કે પછી તમને ઇન્ડસ્ટ્રીમાં આવી જ ઓફરો મળી રહી છે?**

ખરેખર, મને રોમેન્ટિક લવ સ્ટોરીઝ ખૂબ ગમે છે, પણ એક અભિનેત્રી તરીકે મને મોટાભાગે થ્રિલર ફિલ્મોની ઓફર થઈ છે, તો મારે શું કરવું જોઈએ? હું ખરેખર રોમેન્ટિક કોમેડીઓ કરવા માંગુ છું, લવ સ્ટોરીઝ કરવા માંગુ છું, હું થોડી કોમેડી કરવા માંગુ છું, પણ મને તે કરવાની બહુ તક મળી નથી. મને લાગે છે કે ઇન્ડસ્ટ્રીમાં એક એવો તબક્કો આવે છે, જ્યારે કોઈ શૈલીને વધુ મહત્વ આપવામાં આવે છે, તેથી મને લાગે છે કે હાલમાં રોમેન્ટિક કોમેડીઓ અને કોમેડી કરતાં વધુ થ્રિલર અને નાટકો બની રહ્યા છે. પરંતુ હું ખુશ છું કે જે રીતે મને અલગ અલગ પાત્રો ભજવવાની તક મળી છે, પછી ભલે તે વકીલ, સેક્સ વર્કર કે પોલીસ ઓફિસરના હોય, મને તેમાંથી ઘણું શીખવાની તક મળે છે.



**તમે જે પણ ભૂમિકાઓ ભજવી છે તેમાં તમે એક મજબૂત મહિલા રહ્યાં છો. તમારા અંગત જીવનમાં તમે કેટલાં મજબૂત છો?**

કેટલાક દિવસો એવા હોય છે જ્યારે હું ખૂબ જ મજબૂત અનુભવું છું, કેટલાક દિવસો એવા હોય છે જ્યારે હું મજબૂત નથી અનુભવતો, પરંતુ મને લાગે છે કે તાકાત તમારી નબળાઈઓ અને શક્તિઓ બંનેને સ્વીકારવામાં રહેલી છે. અલબત્ત, મારી પાસે એક ભાવનાત્મક શક્તિ છે જ્યાં મને લાગે છે કે હું મજબૂત છું અને હું આત્મવિશ્વાસ ધરાવું છું. પરંતુ દરેક વ્યક્તિ હંમેશા આવી હોતી નથી.


એક અભિનેતા તરીકે, મને લાગે છે કે ક્યારેક આપણે ફક્ત એક જ શબ્દથી પાત્રને વ્યાખ્યાયિત કરીએ છીએ, જ્યારે તે પાત્રોમાં ઘણું બધું હોય છે, જે એક શબ્દથી વ્યાખ્યાયિત કરી શકાતું નથી.

**આજકાલ ફિલ્મઉદ્યોગમાં કામના કલાકો વિશે ઘણી ચર્ચા થઈ રહી છે. આ મુદ્દો હવે દીપિકા પાદુકોણને કારણે સામે આવ્યો છે, પરંતુ તેની ચર્ચા પહેલા પણ થઈ ચૂકી છે. આ વિશે તમારો શું વિચાર છે?**

ખરેખર, દીપિકાના કિસ્સામાં આવું કહેવાનું કારણ એકદમ અલગ બાબત છે. મને લાગે છે કે કામના કલાકો અંગેના નિયમોનું પાલન એટલું કડક રીતે કરવામાં આવતું નથી જેટલું હોવું જોઈએ. હું હજુ સુધી તે તબક્કે પહોંચી નથી જ્યાં હું કહી શકું કે હું આટલા કલાકો સુધી કામ કરીશ અથવા આટલા કલાકો સુધી કામ નહીં કરું. પરંતુ હું સમજું છું કે ખાસ કરીને ડિલિવરી પછી અને જ્યારે તમે માતા હોવ, ત્યારે તે ક્ષણોને જીવવા માટે આટલો સમય કાઢવો મહત્વપૂર્ણ છે. અહીં કોઈ સાચો જવાબ નથી, પરંતુ સ્વસ્થ અને વ્યાવસાયિક જીવન માટે સમય મર્યાદા હોવી મહત્વપૂર્ણ છે. આપણા ઉદ્યોગમાં આ અંગે કોઈ નિયમો અને નિયમો નથી અને પ્રમાણિકપણે, મને નથી લાગતું કે આવી વસ્તુ શક્ય બનશે. તે તમે કયા સ્તરના સ્ટાર છો તેના પર આધાર રાખે છે. દરેક માટે કોઈ વૈભવી નિયમો નથી. મને લાગે છે કે દીપિકા પાદુકોણે જે કહ્યું છે તે ખોટું નથી. તે તેના જીવનની પરિસ્થિતિ અને જરૂરિયાત મુજબ યોગ્ય છે, તેને એક પુત્રી છે.

ઘણા સમયથી સ્ટાર કિડ્સ વિશે ઘણી ચર્ચા થઈ રહી છે. શું તમને તેનાથી કોઈ ફાયદો થયો છે, તમે તેના વિશે શું વિચારો છો?

જો તમે સ્ટાર કિડ છો, તો તમને વિશેષાધિકાર મળે છે એમાં કોઈ શંકા નથી. પણ એ મદદ સફળતાની ગેરંટી નથી. હું બીજા સ્ટાર કિડ્સની સફર પર કોઈ ટિપ્પણી નહીં કરું. પણ એનો અર્થ એ નથી કે કોઈ વિશેષાધિકાર નથી, સ્ટાર કિડ હોવું મારા માટે પણ એક વિશેષાધિકાર છે, મારા પિતા અને માતાનો અનુભવ મને મદદ કરે છે, પણ અંતે તમારે પોતાને સાબિત કરવું પડશે. આજે શાહરુખ ખાન, ઇરફાન ખાન, અભય વર્મા, જયદીપ અહલાવત, આ બધા કલાકારોએ કોઈ ફિલ્મી પૃષ્ઠભૂમિ વિના પોતાનું નામ બનાવ્યું છે. પછી ઇન્ડસ્ટ્રીના સ્ટાર કિડ્સ પણ છે.



**તમારી વેબસિરીઝ 'છલ કપાટ' વિશે કહો?**

આ એક મર્ડર મિસ્ટ્રી શૈલીની વેબ સિરીઝ છે. મને બાળપણથી જ આ શૈલી ખૂબ ગમે છે. હું પહેલી વાર પોલીસ અધિકારીની ભૂમિકા ભજવી રહી છું. અને જ્યારે તમે તે યુનિફોર્મ પહેરો છો, ત્યારે તમને એક અલગ પ્રકારની જવાબદારીનો અનુભવ થાય છે, તમને એક શક્તિનો અનુભવ થાય છે. કારણ કે આ વાર્તા બતાવે છે કે લગ્ન ઘરમાં હત્યા થઈ છે, તેમાં મિત્રોની વાર્તા પણ છે, તેમની વચ્ચે તણાવની વાર્તા પણ છે, અને તે જ સમયે, મારી દેવિકા રાઠોડની વાર્તા પણ બતાવવામાં આવી છે.

**૧૮ વર્ષ જૂના ફોટામાંથી પેઇન્ટિંગ બનાવ્યું : MCCનો લોર્ડ્સ પોર્ટ્રેટ પ્રોગ્રામ છેલ્લા ૩૦ વર્ષથી ચાલી રહ્યો છે**

# લોર્ડ્સના MCC મ્યુઝિયમમાં સચિનનું પેઇન્ટિંગ

## સચિન તેંડૂલકરે કહ્યું- આ મારા માટે સન્માનની ક્ષણ : એવું લાગે છે કે મારી સફર હવે પૂર્ણ થઇ



લંડન, તા.૧૦

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રીજી ટેસ્ટ મેચ શરૂ થાય તે પહેલાં લોર્ડ્સ ખાતેના પ્રખ્યાત મેરીલેબોન ક્રિકેટ ક્લબ મ્યુઝિયમમાં ક્રિકેટના દિગ્ગજ ખેલાડી સચિન તેંડુલકરના એક ખાસ પેઇન્ટિંગ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પેઇન્ટિંગ આર્ટિસ્ટ સ્ટુઅર્ટ પીયર્સન રાઈટ દ્વારા બનાવવામાં આવ્યું છે, જે એક ફોટોના આધારે તૈયાર કરવામાં આવ્યું છે. તેમણે આ ફોટો લગભગ ૧૮ વર્ષ પહેલાં સચિનના ઘરે લીધો હતો. આ પેઇન્ટિંગ આ વર્ષના અંત સુધી MCC મ્યુઝિયમમાં રહેશે, ત્યારબાદ તેને લોર્ડ્સના ઐતિહાસિક પેવેલિયનમાં સ્થાપિત કરવામાં આવશે..

આ પ્રસંગે તેંડુલકરે કહ્યું, આ મારા માટે ખૂબ જ સન્માનની વાત છે. જ્યારે ભારતે ૧૯૮૩માં વર્લ્ડ કપ જીત્યો, ત્યારે મેં પહેલીવાર લોર્ડ્સ જોયું. મેં આપણા કેપ્ટન કપિલ દેવને ટ્રોફી ઉપાડતા જોયા, અને ત્યાંથી મારી ક્રિકેટ સફર શરૂ થઈ. આજે જ્યારે લોર્ડ્સના પેવેલિયનમાં મારું પેઇન્ટિંગ સ્થાપિત થાય છે, ત્યારે એવું લાગે છે કે મારી સફર હવે પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે હું મારી કારકિર્દીને યાદ કરું છું, ત્યારે મારા ચહેરા પર સ્મિત આવી જાય છે. આ ક્ષણ ખૂબ જ ખાસ છે.

આ પેઇન્ટિંગની ખાસ વાત એ છે કે તે પહેલાના પેઇન્ટિંગ્સની જેમ પૂર્ણ-લંબાઈનું નથી; તેના બદલે તે ફક્ત સચિનના માથા અને ખભા પર બનાવવામાં આવ્યું છે., MCC ઈચ્છતું ન હતું કે આ પેઇન્ટિંગ પહેલાની જેમ હોય, તેથી મેં એક નવી પદ્ધતિ અપનાવી. મેં સચિનના ચહેરા પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને પેઇન્ટિંગને મોટું બનાવ્યું જેથી તે 'હીરો જેવો' દેખાય. તેમણે વધુમાં કહ્યું કે મેં હંમેશા પૃષ્ઠભૂમિ સરળ રાખી છે જેથી ધ્યાન ફક્ત વ્યક્તિ પર જ રહે. આ પેઇન્ટિંગ સચિન તેંડુલકરની લાંબી અને ભવ્ય કારકિર્દી માટે છે.

રિવેટેડ એલ્યુમિનિયમમાંથી બનાવેલું છે પેઇન્ટિંગ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે જેમ જેમ પેઇન્ટિંગ પર કામ આગળ વધતું ગયું, આર્ટિસ્ટે તેમાં ફેરફાર કર્યા અને અંતે તેને ઘર્ષક એલ્યુમિનિયમ પર તેલ ચિત્ર તરીકે તૈયાર કરવામાં આવ્યું. તેની પૃષ્ઠભૂમિ અમૂર્ત છે, જે સચિનની જૂની બેટિંગ દર્શાવે છે. રાઈટ અગાઉ કપિલ દેવ, બિશન સિંહ બેદી અને દિલીપ વેંગસરકરના ચિત્રો બનાવી ચૂક્યા છે.

MCCનો "લોર્ડ્સ પોર્ટ્રેટ પ્રોગ્રામ" છેલ્લા ૩૦ વર્ષથી ચાલી રહ્યો છે, પરંતુ ક્લબે ૧૯૫૦ના દાયકામાં જ કલા અને ઐતિહાસિક વસ્તુઓનો સંગ્રહ કરવાનું શરૂ કર્યું. ક્લબ મ્યુઝિયમ યુરોપનું સૌથી જૂનું સ્પોર્ટ્સ મ્યુઝિયમ છે. "લોંગ રૂમ ગેલેરી" રમતગમતની દુનિયામાં સૌથી ઐતિહાસિક ગેલેરી માનવામાં આવે છે. ક્લબ પાસે લગભગ ૩,૦૦૦ ફોટોગ્રાફ્સ છે, જેમાંથી લગભગ ૩૦૦ પોર્ટ્રેટ છે.

**ન્યૂ ઇંગ્લેન્ડ માટે કાર્લેસે એકમાત્ર ગોલ કર્યો**

# મેજર લીગ ફૂટબોલમાં ઇન્ટર મિયામીએ સતત ચોથી મેચ જીતી : મેસ્સીના બે ગોલ



નવીદિલ્હી, તા.૧૦

લિયોનેલ મેસ્સીના ૨ ગોલથી ઈન્ટર મિયામીએ મેજર લીગ સોકર (MLS)માં ચોથી જીત નોંધાવવામાં મદદ કરી. બુધવારે રાત્રે USના જિલેટ સ્ટેડિયમ ખાતે ઈન્ટર મિયામીએ ન્યૂ ઈંગ્લેન્ડ રિવોલ્યુશન સામે ૨-૧થી જીત મેળવી.આ બે ગોલ સાથે, મેસ્સી MLS ઈતિહાસમાં સતત ચાર લીગ મેચમાં બે ગોલ કરનાર પ્રથમ ખેલાડી બન્યો છે. ઈન્ટર મિયામીએ આ ચારેય મેચ જીતી છે. હવે મેસ્સીએ આ સીઝનમાં 15 MLS મેચમાં ૧૪ ગોલ કર્યા છે. ગોલ્ડન બૂટની રેસમાં તે નેશવિલના સેમ સુરીજ (૧૯ ગોલ) થી પાછળ છે.મેસ્સીએ ૨૭મી મિનિટે ન્યૂ ઈંગ્લેન્ડના ડિફેન્સની ભૂલથી હેડર ફેરવીને પહેલો ગોલ કર્યો. ૧૧ મિનિટ પછી, મેસ્સીએ બીજો ગોલ કર્યો, જે મેચનો નિર્ણાયક ગોલ સાબિત થયો. તેના જૂના બાર્સેલોના સાથી ખેલાડી સર્જિયો બુસ્કેટ્સે એક શાનદાર પાસ આપ્યો, જેને મેસ્સીએ યોગ્ય સમયે દોડીને ગોલમાં રૂપાંતરિત કર્યો.૭૮મી મિનિટે, ન્યૂ ઈંગ્લેન્ડના કાર્લ્સ ગિલે એક પાવરફૂલ શોટથી ગોલ કર્યો. આ પછી, ઈન્ટર મિયામીએ ન્યૂ ઈંગ્લેન્ડને કોઈ તક આપી નહીં. ટીમના ગોલકીપર ઓસ્કાર ઉસ્તારીએ શાનદાર બચાવ કર્યા. જોકે ઈન્ટર મિયામીને ૧૩-૧૯ (ટાર્ગેટ ૩-૯ પર) શોટના સંદર્ભમાં પાછળ રહેવું પડ્યું, તેઓએ તકોનો સારો લાભ લીધો.આ જીત સાથે, ઈન્ટર મિયામીના MLSમાં ૧૦ જીત, ૩ હાર અને ૫ ડ્રો સાથે કુલ ૩૫ પોઈન્ટ છે

**આરોપઃ આ પ્રથા શિક્ષણમાં લિંગ-આધારિત ભેદભાવ સામે ફેડરલ રક્ષણનું ઉલ્લંઘન**

# મહિલા રમતોમાં ટ્રાન્સ એથ્લેટ્સને મંજૂરી આપવા બદલ યુએસએ કેલિફોર્નિયા પર દાવો દાખલ કર્યો



કેલિફોર્નિયા, તા.૧૦


ટ્રમ્પ વહીવટીતંત્રે ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને મહિલા રમતોમાં ભાગ લેવાની મંજૂરી આપવા બદલ કેલિફોર્નિયા પર દાવો કર્યો, આરોપ લગાવ્યો કે આ પ્રથા શિક્ષણમાં લિંગ-આધારિત ભેદભાવ સામે ફેડરલ રક્ષણનું ઉલ્લંઘન કરે છે.

ટ્રમ્પ વહીવટીતંત્રે કેલિફોર્નિયા પર ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને મહિલા રમતોમાં ભાગ લેવાની મંજૂરી આપવા બદલ કેસ કર્યો, આરોપ લગાવ્યો કે આ પ્રથા શિક્ષણમાં લિંગ-આધારિત ભેદભાવ સામે ફેડરલ રક્ષણનું ઉલ્લંઘન કરે છે. દાવો રાજ્યની શાળા પ્રણાલીમાં મહિલા રમતોમાં ટ્રાન્સજેન્ડર છોકરીઓ દ્વારા ભાગ લેવા પર પ્રતિબંધ મૂકવા માટે કાયમી મનાઈ હુકમની માંગ કરે છે. ન્યાય વિભાગનો આરોપ છે કે આ પ્રથા ટાઈટલ IX તરીકે ઓળખાતા ફેડરલ કાયદાનું ઉલ્લંઘન કરે છે.આ દાવો રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કાર્યસ્થળ સુરક્ષા હટાવવા અને સશસ્ત્ર દળોમાંથી ટ્રાન્સ અમેરિકનોને પ્રતિબંધિત કરવા સહિત ટ્રાન્સ અધિકારોને પાછી ખેંચવાના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે. યુએસ સુપ્રીમ કોર્ટે આ મહિને તે નક્કી કરવા સંમતિ આપી હતી કે રાજ્યો શાળાઓની મહિલા એથ્લેટિક ટીમોમાંથી ટ્રાન્સજેન્ડર છોકરીઓ અને મહિલાઓ પર પ્રતિબંધ મૂકી શકે છે કે નહીં, અને ગયા મહિને ટેનેસીના કાયદાને સમર્થન આપ્યું હતું જે ટ્રાન્સ સગીરો માટે લિંગ-પુષ્ટિ કરતી સંભાળને ગેરકાયદેસર ઠેરવે છે."ટાઈટલ IX ના સમાન તકના આદેશ હોવા છતાં, પ્રતિવાદીઓએ એવી નીતિઓ અપનાવી અને અમલમાં મૂકી છે જે છોકરીઓને છોકરાઓ સામે સ્પર્ધા કરવા દબાણ કરે છે - જાતિઓ વચ્ચે વાસ્તવિક શારીરિક તફાવતો હોવા છતાં - જો છોકરો દાવો કરે છે કે તે છોકરી છે," ન્યાય વિભાગે કેલિફોર્નિયાના સાન્ટા એનામાં ફેડરલ કોર્ટમાં દાખલ કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું. નવો મુકદમો કેલિફોર્નિયા અને ટ્રમ્પ વહીવટીતંત્ર વચ્ચેનો નવીનતમ કાનૂની સંઘર્ષ પણ છે, જેણે લોસ એન્જલસમાં નેશનલ ગાર્ડ અને મરીન્સ તૈનાત કર્યા છે અને ગેરકાયદેસર ઈમિગ્રેશન પર રાષ્ટ્રવ્યાપી કાર્યવાહીના ભાગ રૂપે "અભયારણ્ય શહેર" નીતિઓની ટીકા કરી છે.

**અરજી ટ્રેડમાર્ક એક્ટ, ૧૯૯૯ માટે જરૂરી કાનૂની શરતોને પૂર્ણ કરવામાં નિષ્ફળ**

# 'કેપ્ટન કૂલ' પર ટ્રેડમાર્ક મુદ્દે વિવાદઃ દિલ્હીના એક વકીલ દ્વારા ધોનીની અરજીને પડકારવામાં આવી

## કેસમાં જૂના અખબારના લેખો અને ક્રિકેટ કવરેજ પણ પુરાવા તરીકે રજૂ કરવામાં આવ્યા



નવી દિલ્હી, તા.૧૦

'કેપ્ટન કૂલ' શબ્દ સાંભળતા જ જે વ્યક્તિનો ચહેરો યાદ આવે છે તે ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની છે. ધોની ઈચ્છે છે કે આ નામ તેની સાથે હંમેશા માટે જોડાયેલું રહે. કદાચ એટલા માટે જ તેણે 'કેપ્ટન કૂલ' પર ટ્રેડમાર્ક માટે અરજી કરી છે. પરંતુ, હવે દિલ્હીના એક વકીલ દ્વારા તે પણ યોગ્ય દલીલો સાથે. તેની અરજીને પડકારવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર દિલ્હી સ્થિત વકીલ આશુતોષ ચૌધરીએ 'કેપ્ટન કૂલ' પર ટ્રેડમાર્ક માટે અરજીને પડકાર ફેંક્યો છે. તેમનો દાવો છે કે, 'આ એક ખૂબ જ સામાન્ય શબ્દ છે. આથી એકલા ધોનીના આ શબ્દ પર એકાધિકાર નથી. વર્ષોથી ઘણા ખેલાડીઓના નામ સાથે આ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.'


આશુતોષ ચૌધરીએ એક એવી પણ દલીલ કરી હતી કે આ અરજી ટ્રેડમાર્ક એક્ટ, ૧૯૯૯ માટે જરૂરી કાનૂની શરતોને પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય છે. તેમણે કહ્યું કે, 'માત્ર લોકપ્રિયતા જ કાનૂની મર્યાદાને પૂરી કરતી નથી. આ માટે બીજી ઘણી જરૂરી શરતો છે.'

જોકે, ટ્રેડ માર્ક્સ રજિસ્ટ્રીએ ધોનીની ઔપચારિક અરજીને મંજૂરી આપી છે. તે એક સત્તાવાર જર્નલમાં પણ છાપવામાં આવી છે. ધોનીએ ક્લાસ-૪૧ હેઠળ અરજી કરી હતી, જેમાં શિક્ષણ, મનોરંજન, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સંબંધિત ટ્રેડમાર્ક આપવામાં આવ્યા છે.

રિપોર્ટ અનુસાર આ કેસમાં જૂના અખબારના લેખો અને ક્રિકેટ કવરેજ પણ પુરાવા તરીકે રજૂ કરવામાં આવ્યા હતા. જે દર્શાવે છે કે ધોની પહેલા પણ ઘણા આંતરરાષ્ટ્રીય ક્રિકેટર માટે 'કેપ્ટન કૂલ' શબ્દનો ઉપયોગ થતો હતો. આશુતોષ ચૌધરીએ કહ્યું કે, 'કેપ્ટન કૂલ' શબ્દ એક સામાન્ય અને પ્રશંસનીય શબ્દ છે. જે ઐતિહાસિક રીતે શ્રીલંકાના અર્જુન રણતુંગા સહિત ઘણા અન્ય ક્રિકેટરને પણ કહેવામાં આવે છે.

**લંડન પાર્ટીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ**

# શુભમન ગિલ અને સારા તેંડૂલકર લંડનમાં એક છત નીચે જોવા મળ્યાં



લંડન, તા.૧૦

ટીમ ઈન્ડિયાના યુવા બેટ્સમેન શુભમન ગિલ અને સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકર ફરી એકવાર સમાચારમાં છે. આ વખતે કારણ કોઈ અફવા નથી, પરંતુ એક વાયરલ વીડિયો છે. ૮ જુલાઈના રોજ લંડનમાં યુવરાજ સિંહના કેન્સર ફાઉન્ડેશન ડ્રૅ઼ીઝહહ માટે એક ચેરિટી ડિનર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બ્રાયન લારા, કેવિન પીટરસન, વિરાટ કોહલી અને કોચ ગંભીર જેવા વિશ્વભરના ક્રિકેટ દિગ્ગજો અને ભારતીય ટીમના તમામ ખેલાડીઓ હાજર રહ્યા હતા. સારા તેંડુલકર પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તે તેના પિતા સચિન અને માતા અંજલિ તેંડુલકર સાથે પહોંચી હતી. શુભમન ગિલ પણ ભારતીય ટીમ સાથે આ કાર્યક્રમનો ભાગ બન્યો હતો.આ પાર્ટીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે, જેમાં ટીમ ઈન્ડિયાના બધા ખેલાડીઓ ઈવેન્ટ વેન્યુમાં પ્રવેશતાની સાથે જ લોકો તાળીઓ પાડીને તેમનું સ્વાગત કરે છે .

**ડિફેન્ડિંગ ચેમ્પિયન MI કેપ ટાઉન ઓપનિંગ મેચમાં ડર્બન સામે ટકરાશે; નવા વર્ષના પહેલા દિવસે પણ મેચ**

# સા. આફ્રિકાની ફ્રેન્ચાઇઝ SA ૨૦ની ચોથી સીઝનનું શિડ્યૂલ

## ડર્બન સુપર જાયન્ટ્સનું હોમ ગ્રાઉન્ડ કિંગ્સમીડ નવા વર્ષના સપ્તાહમાં ધૂમ મચાવશે



કેપટાઉન, તા.૧૦

સાઉથ આફ્રિકાની ફ્રેન્ચાઈઝ ક્રિકેટ ટુર્નામેન્ટ SA20ની ચોથી સીઝનનું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન MI કેપ ટાઉન ૨૬ ડિસેમ્બરે ઓપનિંગ મેચમાં ડર્બન સુપરજાયન્ટ્સનો સામનો કરશે. આ મેચ ન્યુલેન્ડ્સ સ્ટેડિયમ ખાતે રમાશે. ટુર્નામેન્ટની ફાઈનલ ૨૫ જાન્યુઆરીએ યોજાશે. પ્લેઓફ મેચોના સ્થળો જાહેર કરવામાં આવ્યા નથી.

સીઝનનો પહેલો ડબલ-હેડર શનિવાર, ૨૭ ડિસેમ્બરના રોજ રમાશે. પ્રિટોરિયા કેપિટલ્સ અને જોબર્ગ સુપર કિંગ્સ સેન્ચુરિયન ખાતે એક ખાસ ડર્બી મેચમાં ટકરાશે, જ્યારે પાર્લ રોયલ્સ અને સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપ બોલેન્ડ પાર્ક ખાતે બીજા મુકાબલામાં ટકરાશે. ડર્બન સુપર જાયન્ટ્સનું હોમ ગ્રાઉન્ડ કિંગ્સમીડ નવા વર્ષના સપ્તાહમાં ધૂમ મચાવશે કારણ કે તે ૨૮ ડિસેમ્બરે MI કેપ ટાઉન અને ૩૦ ડિસેમ્બરે જોબર્ગ સુપર કિંગ્સનું આયોજન કરશે.

૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ચાહકોને નવા વર્ષનું સ્વાગત કરવાની તક મળશે, જ્યારે કેબેરહા અને કેપ ટાઉન વધુ એક રોમાંચક ડબલ-હેડરનું આયોજન કરશે. બે વખતના ચેમ્પિયન સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપ સેન્ટ જ્યોર્જ પાર્ક ખાતે પાર્લ રોયલ્સનું આયોજન કરશે, જ્યારે રૈ કેપ ટાઉન અને પ્રિટોરિયા કેપિટલ્સ રાત્રે ૯ વાગ્યે ન્યુલેન્ડ્સ ખાતે ટકરાશે.

નવા વર્ષના પહેલા દિવસે, ૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ, જોબર્ગ સુપર કિંગ્સ અને ડર્બન સુપર જાયન્ટ્સ ૨૦૨૬ની શરૂઆત વાન્ડરર્સમાં જીત સાથે કરવા માંગશે. બંને ટીમ તેમના પ્રથમ ટાઈટલની રાહ જોઈ રહી છે.

ટુર્નામેન્ટની ફાઈનલ ૨૫ જાન્યુઆરીએ યોજાશે, જેમાં ક્વોલિફાયર ૧ (૨૧ જાન્યુઆરી), એલિમિનેટર (૨૨ જાન્યુઆરી) અને ક્વોલિફાયર ૨ (૨૩ જાન્યુઆરી) રમાશે. ફાઈનલ અને પ્લેઓફના સ્થળોની જાહેરાત પછીથી કરવામાં આવશે.ગ્રીમ સ્મિથે કહ્યું કે ફ્રેન્ચાઈઝી તેમની ટીમને મજબૂત બનાવવામાં વ્યસ્ત છે. ૯ સપ્ટેમ્બરે યોજાનારી હરાજીમાં ટીમને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. સ્મિથે કહ્યું, "અમે શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ખેલાડીઓને અમારા પ્લેટફોર્મ પર લાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ."નવા વર્ષના પહેલા દિવસે, ૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ, જોબર્ગ સુપર કિંગ્સ અને ડર્બન સુપર જાયન્ટ્સ ૨૦૨૬ની શરૂઆત વાન્ડરર્સમાં જીત સાથે કરવા માંગશે. બંને ટીમ તેમના પ્રથમ ટાઈટલની રાહ જોઈ રહી છે.

**અજબ ગજબ** **પ્લાસ્ટિકનાં ઢાંકણાં પોલિથિલીન ટેરેફ્થાલેટ એટલે કે PET માંથી બનાવવામાં આવે છે**

# પ્લાસ્ટિક બોટલનાં ઢાંકણમાં રબર કેમ હોય છે? મહત્વપૂર્ણ કારણ છે!





થોડા વર્ષો પહેલા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Quora પર એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. લોકોએ પૂછ્યું હતું કે પ્લાસ્ટિક બોટલના ઢાંકણની અંદર રબર ડિસ્ક કેમ હોય છે. ઘણા લોકોએ અલગ અલગ દલીલો આપી હતી. આપણી આસપાસ ઘણી બધી વસ્તુઓ છે જેનો આપણે લગભગ દરરોજ ઉપયોગ કરીએ છીએ પણ આપણે તેના વિશે બધું જ જાણતા નથી. ઠંડા પીણાંનું ઉદાહરણ લો. ઘણા લોકો એવા છે જે દરરોજ ઠંડા પીણાં પીતા રહે છે. કેટલાક લોકો ઓછું પીતા હશે પણ તેમના જીવનના કોઈક તબક્કે તેમણે પીધું હશે. આ બધા લોકો તે પ્લાસ્ટિક બોટલો સાથે સંબંધિત કોઈ ખાસ વાત જાણતા નહીં હોય. એટલે કે, પ્લાસ્ટિક બોટલના ઢાંકણની અંદર એક ગોળ રબર ડિસ્ક હોય છે. આ ફક્ત ડિઝાઈન માટે કરવામાં આવતું નથી, તેની પાછળ એક ખૂબ જ મહત્વપૂર્ણ કારણ છે. આજે અમે તમને આ કારણ જણાવવા જઈ રહ્યા છીએ.સોશિયલ મીડિયા પ્લેટફોર્મખાલીપરંતુ થોડા વર્ષો પહેલા એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. લોકોએ પૂછ્યું હતું કે પ્લાસ્ટિક બોટલના ઢાંકણની અંદર રબર ડિસ્ક કેમ હોય છે. ઘણા લોકોએ અલગ અલગ કારણો આપ્યા. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ રેડિટ પર પણ લોકોએ ઢાંકણનો ફોટો પોસ્ટ કર્યો અને પૂછ્યું કે તેનું કાર્ય શું છે. જો આપણે તેનો જવાબ એક જ લાઈનમાં આપવો હોય, તો આપણે કહીશું કે તેનો ઉપયોગ અંદરના પ્રવાહીને લીક થવાથી રોકવા માટે થાય છે.પરંતુ આ રબરનું એકમાત્ર કામ નથી. ફૂડ સેફ્ટી વર્ક્સ વેબસાઈટ અનુસાર, સૌ પ્રથમ આ રબર રિંગ બોટલને યોગ્ય રીતે સીલ કરવામાં મદદ કરે છે. તે બોટલને હવા-ટાઈટ બનાવે છે જેથી અંદરની વસ્તુઓ બહાર ન આવે. તેમાં રાસાયણિક પ્રતિકારક ગુણધર્મ પણ છે. આ ઉપરાંત, આ રબરનો ઉપયોગ ઠંડા પીણાની બોટલોમાં પણ થાય છે કારણ કે ક્યારેક તાપમાનમાં ફેરફારને કારણે તે બોટલોની અંદર દબાણ વધી જાય છે. આ રબર રિંગ તે દબાણનો સામનો કરે છે. પ્લાસ્ટિક બોટલના ઢાંકણની અંદર રબર ડિસ્ક કેમ હોય છે. ઘણા લોકોએ અલગ અલગ કારણો આપ્યા. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ રેડિટ પર પણ લોકોએ ઢાંકણનો ફોટો પોસ્ટ કર્યો અને પૂછ્યું કે તેનું કાર્ય શું છે. જો આપણે તેનો જવાબ એક જ લાઈનમાં આપવો હોય, તો આપણે કહીશું કે તેનો ઉપયોગ અંદરના પ્રવાહીને લીક થવાથી રોકવા માટે થાય છે.તમને જણાવી દઈએ કે આ પ્લાસ્ટિકના ઢાંકણા પોલિઈથિલિન ટેરેફથાલેટ એટલે કે PET માંથી બનાવવામાં આવે છે. જ્યારે તે સૂર્યપ્રકાશમાં આવે છે, ત્યારે પ્રતિક્રિયાને કારણે તેના કણો ઠંડા પીણામાં ભળી શકે છે. આ રીતે તે તેને દૂષિત પણ કરી શકે છે. ઉપયોગમાં લેવાતા રબરને કારણે આનું જોખમ ઓછું થાય છે.

### જર્જરીત બ્રીજ ઉપર સુત્રોચાર કરતા સમયે પોલીસે ૨૩ લોકોની અટકાયત કરી

# આમોદ - જંબુસર વચ્ચે જર્જરિત બનેલા ઢાઢર નદીના બ્રીજને લઈને કોંગ્રેસનો ભારે વિરોધ

### વહીવટી તંત્રની આંખો ખોલવા માજી ધારાસભ્યની આગેવાનીમાં આશ્ચર્ય જનક કાર્યક્રમ

ભરૂચ, તા.૧૦

આમોદ જંબુસર વચ્ચે પસાર થતો ઢાઢર નદીનો બ્રીજ અત્યંત જર્જરીત બનતા કોંગ્રેસે ગતરોજ સવારે વહીવટી તંત્રની આંખો ખોલવા ઢાઢર નદીના બ્રીજ ઉપર આશ્ચર્યજનક કાર્યક્રમ આપ્યો હતો. કોંગ્રેસના કાર્યક્રમને લઈ નાયબ પોલીસ અધિક્ષક પી.એલ.ચૌધરી આમોદ પોલીસ ઈન્સ્પેકટર રાજુ કરમટિયા સહિતના પોલીસ કાફલો ઢાઢર નદી ઉપર પહોંચી ગયો હતો. આમોદ - જંબુસરના કોંગ્રેસી કાર્યકરોએ વહીવટી તંત્રની આંખો ખોલવા માટે ઠાઠડી બનાવી જર્જરિત બનેલા ઢાઢર નદીના બ્રીજ ઉપર આવી ગંભીરા બ્રીજની દુર્ઘટનાને લઈ મુખ્યમંત્રી તેમજ ગૃહમંત્રી રાજીનામુ આપે તેવી માંગ કરતા સુત્રોચાર કર્યા હતાં. તેમજ ઢાઢર નદી ઉપર નવો બ્રીજ બનાવવા માંગ કરી હતી અને આ જર્જરીત બનેલાં બ્રીજ ઉપર ભારદારી વાહનોના પ્રતિબંધની માંગ કરી હતી. તેમજ ઠાઠડી લઈ ' હાય રે ભાજપ હાય હાય' ના સુત્રોચાર પોકાર્યા હતાં. ઠાઠડીને ઢાઢર નદીમાં પધરાવી દીધી હતી.કોંગ્રેસી આગેવાનોએ ઠાઠડી ઉંચકી 'ભ્રષ્ટાચારી એ સરકાર નહીં ચલેગી નહીં ચલેગી' જેવા સુત્રોચાર કર્યા હતાં. તેમજ કોંગ્રેસના આશ્ચર્યજનક કાર્યક્રમથી ઢાઢર નદીના બંને છેડે ટ્રાફિક જામ થઈ ગયો હતો. પોલીસે વિરોધ પ્રદર્શન કરતા માજી ધારાસભ્ય સંજયસિંહ સોલંકી, જંબુસરના તાલુકા કોંગ્રેસ પ્રમુખ શરદસિંહ રાણા, જંબુસર નગરપાલિકાના વિરોધપક્ષના નેતા સાકીર મલેક, આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્ર પટેલ ઉર્ફે કાજી,જંબુસર વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ કેતન મકવાણા, આમોદના કોંગ્રેસી આગેવાન મહેબૂબ કાકૂજી,સાજીદ રાણા સહિત ૨૩ લોકોની અટકાયત કરી હતી. આ બાબતે માજી ધારાસભ્ય સંજયસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે ઢાઢર નદીનો બ્રીજ અત્યંત જર્જરીત બનેલો છે ભારદારી વાહનો ઉપર તાત્કાલીક પ્રતિબંધ મૂકવામાં આવે તેવી અમારી માગણી છે જે બાબતે મે મુખ્યમંત્રીને પણ રજુઆત કરી છે.

**તમામ બ્રીજનું સમારકામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે**

ગંભીરા બ્રીજ તૂટવાનાં ગોઝારા બનાવ બાદ આમોદ જંબુસર વચ્ચે આવેલો ઢાઢર નદીનાં બ્રીજ ઉપર અનેક પ્રકારના સવાલો ઊઠવા પામ્યાં હતાં જ્યારે કોંગ્રેસે પણ લોકોના હિત માટે ખખડધજ બનેલાં ઢાઢર નદીનાં જર્જરીત બ્રીજને લઈને તંત્ર અને સરકાર પર અનેક સવાલો ઉઠાવ્યા હતા.ત્યારે આજ રોજ આમોદ - જંબુસરના ધારાસભ્ય ડી.કે.સ્વામીએ મિડીયા સમક્ષ આવ્યા હતા અને જંબુસર ભરૂચ વચ્ચે ચાર માર્ગીય રસ્તાનુ નવીનીકરણ થશે અને જંબુસર ભરૂચ વચ્ચે આવેલ ઢાઢર નદીનો બ્રીજ, નહિયેરની ખાડીનો બ્રીજ તેમજ કેલોદ ગામ નજીક આવેલ ભુખી ખાડીના બ્રીજનું ટૂંક સમયમાં જ નવીનીકરણ થશે તે અંગે થોડા સમય અગાઉ જ સરકારમાં પ્રોપજલ મુકાઈ ગયું છે તેમજ આખા ગુજરાત ભરમાં અત્યંત બિસ્માર બનેલા રસ્તાઓને લઈ સરકાર પણ અત્યંત ચિંતિત છે જેને લઈ ટૂંક સમયમાં જ રસ્તાઓનું સમારકામ પણ હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

### જીઆઈડીસીના રહેણાક વિસ્તારમાં રખડતા ઢોરોનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે

# અંકલેશ્વરમાં રખડતા ઢોરે બાઈક સવાર દંપતીને અડફેટે લેતા સગર્ભા ઈજાગ્રસ્ત

### વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈ પગલાં ભરવામાં આવ્યા નથી

અંકલેશ્વર, તા.૧૦

અંકલેશ્વર જીઆઈડીસીના રહેણાક વિસ્તારમાં રખડતા ઢોરોનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે,અને ક્યારેક સાંઢ યુદ્ધ તો ક્યારેક નિર્દોષ નાગરિકો ઢોરોનો ભોગ બની રહ્યા છે.જલધારા ચોકડી પાસે એક બાઈક સવાર દંપતીને ઢોરે અડફેટમાં લેતા મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી હતી,અને આ મહિલા ગર્ભવતી હોવાનું પણ જાણવા મળ્યું છે.

હાલ મહિલા ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અંકલેશ્વરના કોસમડી નજીક રહેતા દિલીપ અશોક ભદાને પોતાની ગર્ભવતી પત્ની ઈન્દુ દિલીપ ભદાનને રસી મુકાવવા માટે અંકલેશ્વર લઈ જતા હતા, ત્યારે જલધારા ચોકડી પાસે બાઈકને અચાનક રખડતા ઢોરે અડફેટે લીધા હતા.આ અથડામણમાં ગર્ભવતી ઈન્દુબેન રોડ પર ફંગોળાઈ જતા તેમના મોઢા અને કમરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અને સ્થાનિક લોકો દ્વારા સારવાર માટે તાત્કાલિક ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા,જ્યાં તબીબોએ માતા અને ગર્ભમાં રહેલા બાળક બંનેને બચાવી લીધા હતા.

આ ઘટનાની જાણ થતા જ અંકલેશ્વર હાઉસિંગ એસોસિએશનના ચેરમેન અતુલ માકડીયા સહિતની ટીમ આ ગરીબ પરિવારને મદદરૂપ બન્યા અને તેમની યોગ્ય સારવાર સુનિશ્ચિત કરી હતી.જોકે, અંકલેશ્વર હાઉસિંગ એસોસિએશન દ્વારા રખડતા ઢોર અંગે અગાઉથી અધિકારીઓને વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈ પગલાં ભરવામાં આવ્યા નથી.

સ્થાનિક લોકોના આક્ષેપ છે કે આવા ઢોરના માલિકો સામે કાયદેસર કાર્યવાહી ન થવાથી રોડ પર ચાલતા વાહનચાલકો અને રાહદારીઓના જીવ જોખમમાં મુકાય રહી રહ્યા છે. ત્યારે બેદરકાર ઢોર માલિકોને કડક સજા થાય અને રસ્તાઓ સુરક્ષિત બને તેવી માંગ સ્થાનિક લોકોમાં ઉઠવા પામી છે.



### ઉચ્ચ શિક્ષણમાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ૫૦ ટકા સુધી પહોંચાડવાનો સરકારનો મુખ્ય હેતુ

# નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ના પાંચ સંકલ્પ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે માર્ગદર્શક સિદ્ધાંતો બની રહેશે



રાજપીપળા, તા.૧૦

નર્મદા જિલ્લાના એકતાનગર સ્થિત ટેન્ટ સિટી-૨ ખાતે કેન્દ્રિય યુનિવર્સિટીઓના કુલપતિઓની બે દિવસીય કોન્ફરન્સનો આજથી પ્રારંભ થયો હતો.જેમાં દેશભરની ૫૦ થી વધુ યુનિવર્સિટીઓના કુલપતિઓએ ભાગ લીધો છે.એનઈપી-૨૦૨૦ની અમલવારીની સમીક્ષા, મૂલ્યાંકન અને આયોજન થકી 'વિકસિત ભારત-૨૦૪૭'ના સંકલ્પને પરિપૂર્ણ કરવાનો આ કોન્ફરન્સનો મુખ્ય મુદ્દો રહ્યો છે. ભારત સરકારના કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આ કોન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો હતો.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કોન્ફરન્સના ઉદઘાટન પ્રસંગે જણાવ્યું કે, છેલ્લા દાયકામાં ભારતનું ઉચ્ચ શિક્ષણ પરિપ્રેક્ષ્ય મૂળભૂત રીતે બદલાયું છે. આજે તેમાં વધુ સરળતા, આંતરવિષયક અભિગમ, સમાવેશી શિક્ષણ સાથે નવીનતા પણ છે.દેશભરમાં વર્ષ ૨૦૧૪-૧૫ પછી વિદ્યાર્થીઓના નામાંકનમાં ૩૦ ટકા નો વધારો થયો છે.જેમાં દીકરીઓના નામાંકનમાં ૩૮ ટકાનો વધારો થયો છે. જેમાં મહિલા ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો હવે પુરૂષોના કરતાં વધુ છે.ધર્મેન્દ્ર પ્રધાને કુલપતિઓને કહ્યું કે "વિદ્યાર્થી પ્રથમ"નો અભિગમ અપનાવો, વિદ્યાર્થીઓના કલ્યાણને કેન્દ્રસ્થાને રાખી ભવિષ્ય માટે તેમના માટે રોજગાર સર્જન, સામાજિક ઉત્થાન અને નૈતિક જવાબદારી માટે તૈયાર કરીએ. તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ટેક્નોલોજી, ભારતીય જ્ઞાન સિસ્ટમ અને ભાષા આધારિત અભ્યાસક્રમોને એનઈપી-૨૦૨૦ના ધારા-ધોરણો મુજબ નવા અભ્યાસક્રમોમાં સમાવિષ્ટ કરવાની જરૂરિયાત પર ખાસ ભાર મૂક્યો હતો.

### નશાકારક દવાઓનો દૂરપયોગ અને ગેરકાયદે વેચાણ ડામવા આમોદના મેડીકલ સ્ટોર ઉપર પોલીસનું ચેકીંગ



ભરૂચ, તા.૧૦

રાજયમાં નશાકારક દવાઓના દૂરપયોગ અને ગેરકાયદે વેચાણને રોકવાના આશયથી આમોદમા ગત રોજ ત્રણ મેડીકલ સ્ટોર ઉપરથી નશાકારક દવાઓનો જથ્થો આમોદ પોલીસે જપ્ત કર્યો હતો. એસ.ઓ.જી.ની નશાકારક દવાઓ પકડાવા માટે સ્પેશિયલ ડ્રાઈવ હોય આમોદ પોલીસે આદર્શ મેડીકલ સ્ટોર, શિફા મેડીકલ સ્ટોર તેમજ દલાલ દલાલ સ્ટોરમાં દરોડા પાડી ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં આમોદ પોલીસે ત્રણેય મેડીકલ સ્ટોરમાંથી ફીટિ - દ્રાટ, ીટિ ફેન્સર જર્ઓ, 'કૃદિકૃર્દૃર્ય'ફ્રુફ્રી ના જથ્થા સાથે ૨૯ નંગ બોટલો ૩૯૫૫ ટેબલેટ મળી કુલ રૂ.૧૯,૯૦૪/- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આમોદ પોલીસે ત્રણેય મેડિકલ સ્ટોર સામે કેસ બનાવી કાર્યવાહી હાથ ધરી હતી. ફૂડ એન્ડ ડ્રગ કચેરી ભરૂચના ડ્રગ વિભાગના અધિકારી નાકરાણીએ જણાવ્યું હતું કે પોલીસે જે દવાઓનો જથ્થો ઝડપ્યો છે તેની તપાસ કરવામાં આવશે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે લોકોએ ડોકટરના અભિપ્રાય અને જરૂરત પ્રમાણે દવાઓ લેવી જોઈએ આડેધડ દવાઓના સેવનથી શારીરિક અને માનસિક નુકશાન થઈ શકે છે.

### ભારત સરકારના નાણા મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગ દ્વારા

# નાણાકીય સમાવેશ અને સામાજિક સુરક્ષા યોજના અંતર્ગત આયોજિત જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન




વડોદરા,તા.૧૦

ભારત સરકારના નાણા મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગ દ્વારા ૦૧.૦૭ ૨૦૨૫થી ૩૦.૦૯.૨૦૨૫ સુધી શરૂ કરાયેલા ત્રણ મહિનાના નાણાકીય સમાવેશ અને સામાજિક સુરક્ષા યોજના અંતર્ગત આયોજિત જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનની પ્રગતિ અને ઉદ્દેશ્યો વિશે મીડિયાને માહિતી આપવા માટે આજે બેંક ઓફ બરોડા, અમદાવાદમાં એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.પત્રકાર પરિષદને સંબોધતા અશ્વિની કુમાર, કન્વીનર ગુજરાત અને અગ્રણી જિલ્લા પ્રબંધક, બેંક ઓફ બરોડા દ્વારા કરવામાં જણાવવામાં આવ્યું હતુ કે આ અભિયાનનો રાજ્ય સ્તરીય પ્રારંભ ૦૧ જુલાઈ ૨૦૨૫ના રોજ ગુજરાતના ગાંધીનગર જિલ્લાના પુંધરા ગામમાં યોજાયો હતો. તેનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને ગુજરાતના નાણામંત્રી કનુભાઈ દેસાઈ, તમામ ૩૩ જિલ્લા કલેક્ટરો અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયું હતું, જેઓ ભૌતિક અને વર્ચ્યુઅલી બંને રીતે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન એસએલબીસી ગુજરાત દ્વારા બેંક ઓફ બરોડાના કન્વીનરશિપ હેઠળ કરવામાં આવ્યું હતું.તેમણે અભિયાનના ઉદ્દેશ્યો અમલીકરણ વ્યૂહરચના વિશે વિગતવાર સમજ આપી હતી. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો હતો કે આ અભિયાન ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ફેલાયેલા તમામ ખાનગી બેંકો સહકારી બેંકો, ગ્રામીણ બેંકોનો સામૂહિક પ્રયાસ દ્વારા ૧૪૬૧૦ ગ્રામ પંચાયતોને આવરી લેવાનો છે.

# ગુજરાત વિધાનસભાની ખાતરી સમિતિ સ્ટેચ્યૂ ઓફ યુનિટી એકતાનગરની મુલાકાતે

રાજપીપળા, તા.૧૦

ગુજરાત વિધાનસભા સચિવાલય દ્વારા રચાયેલી ખાતરી સમિતિ ૧૦ મી, જુલાઈના રોજ સમિતિના પ્રમુખ કિરીટસિંહ રાણાની આગેવાની હેઠળ સમિતિના સભ્ય કિરીટ પટેલ, સુખાજી ઠાકોર, હાર્દિક પટેલ, કિરીટસિંહ ડાભી અને ભગાભાઈ બારડે સ્ટેચ્યૂ ઓફ યુનિટી (SOU) પરિસરની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે પ્રતિમાની અનોખી ભવ્યતાને નિહાળતા અધ્યક્ષ કિરિટસિંહ રાણાએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ નિર્માણ પામનાર સ્ટેચ્યુ ઓફ યુનિટી ભારત દેશનું ગૌરવ છે, આ પ્રતિમા આવનાર પેઢીને પ્રેરણા આપશે.આજે વિશ્વભરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીને કારણે ભારતનો ડંકો વાગ્યો છે.સમિતીના સભ્ય હાર્દિક પટેલે જણાવ્યુ કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી માત્ર પ્રતિમા નથી પણ ભારત દેશના સ્વાભિમાનનું સ્થાન છે, સરદાર પટેલનો શ્રેષ્ઠ ભારતનો સંકલ્પ સ્ટેચ્યુ ઓફ યુનિટીના માધ્યમથી સમગ્ર ભારતમાં પ્રસર્યો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રદર્શનમાં સરદાર પટેલે કરેલા સંઘર્ષની હકીકત બતાવવાનો પ્રયાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યો છે. આજે વિશ્વસ્તરે સુંદર મુર્તિ તેઓએ બનાવી છે.લોખંડી પુરુષ સરદાર પટેલે સમગ્ર ભારતને એકતાંતણે જોડયો હતો, તેમનું યોગદાન લોકોના દિલ અને દિમાગમાં રહે તે માટે પ્રદર્શન કક્ષમાં સુંદર વ્યવસ્થા કરી છે તેમને અભિનંદન આપુ છે અને ખાસ કરીને જે લોકોને આ વિચાર આવ્યો હોય તેમનો આભાર માનું છુ. મહેમાનોને SOU પરિસરમાં ચાલી રહેલા વિકાસકાર્યો, વ્યવસ્થાપન અને મુલાકાતીઓ માટેની સુવિધાઓ અંગે વિગતવાર માહિતી સ્ટેચ્યુ ઓફ યુનિટીના પીઆરઓ રાહુલ પટેલ અને ગાઈડ પાસેથી મેળવી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટી (ઓથોરિટી) તરફથી અધિક કલેકટરશ્રી ગોપાલ બામણીયાના હસ્તે સરદાર સાહેબની પ્રતિકૃતિ ભેટ આપવામાં આવી હતી.

### અનેક વખત લેણદાર કોઈ ને કોઈ કારણસર લોનના હપ્તા ભરવાનું ચૂકી જાય છે

# વારંવાર EMI Bounce કરનારાઓની હવે ખેર નથી, RBIએ લાલ આંખ કરી

### લોન લેનારાને ઈએમઆઈ બાઉન્સ થવાની ઘટનામાં જેલ જવું પડી શકે એવી સ્થિતિ




નવી દિલ્હી,તા.૧૦

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા હવે ઈએમઆઈ બાઉન્સ (EMI Bounce)ની લઈને નવી ગાઈડલાઈન બહાર પાડી છે અને આ ગાઈડ લાઈન્સને કારણે જ લોન લેનારાઓમાં ખળભળાટ મચી ગયો છે. આ નવી ગાઈડલાઈન્સને કારણે લોન લેનારાને ઈએમઆઈ બાઉન્સ થવાની ઘટનામાં જેલ જવું પડી શકે એવી સ્થિતિ પેદા થાય છે. આ પગલું એટલા માટે લેવામાં આવ્યું છે કે જેથી લોન લેનારને પોતાના હપ્તા ચૂકવવા માટે પ્રોત્સાહિત કરી શકાય અને ફાઈનાન્શિયલ સંસ્થાઓને તેમની થાપણની સુરક્ષિતતાની ખાતરી મળી શકે.

આરબીઆઈની નવી ગાઈડલાઈન્સ અનુસાર વારંવાર ઈએમઆઈ બાઉન્સ થવાની સ્થિતિમાં કડક પગલાં લેવામાં આવી શકે છે. આ પગલાં લેવાનું મુખ્ય કારણ ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યૂટ્સના તેમના પૈસાની સુરક્ષા માટે ઉચિત પગલાં લેવાઈ શકે. જો કે, ઈએમઆઈ બાઉન્સ થવાના કિસ્સામાં લેણદારને જેલ મોકલવાનો નિર્ણય અંતિમ ઉપાય તરીકે જ લેવામાં આવશે, જ્યારે બાકીના તમામ ઉપાયો નિષ્ફળ થઈ જશે.

# ભરૂચ નન્નુમિયાં નાળુ અકસ્માત જોન ન બને તે માટે કોંગ્રેસીઓનું વિરોધ પ્રદર્શન

ભરૂચ. ભરૂચ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ નન્નુમિયાં પાસે રોડને પહોળો કરવાની કામગીરી થઈ રહી છે. જોકે નન્નુમિયાં નાળાની કામગીરી ધારાધોરણ પ્રમાણે ન થતી હોવાને લઈ ભરૂચ શહેર કોંગ્રેસ અને વિરોધપક્ષે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ભરૂચ શહેર કોંગ્રેસ પ્રમુખ સલીમ અમદાવાદીએ જણાવ્યું હતું કે નન્નુમિયા વિસ્તારમાં પ્રોટેક્શન વૉલમાં ભારે ગોબાચારી થઈ છે નિયમ અને ધારાધોરણ મુજબ કોન્ટ્રાક્ટરે કામગીરી કરી નથી તેમજ નન્નુમિયાં નાળુ પણ પહોળું કરવામાં આવ્યું નથી જેથી આ રોડ એક અકસ્માત જોન બને તેવી શક્યતાઓ રહેલી છે. ત્યારે કોન્ટ્રાક્ટરની કામગીરીથી દેખાઈ આવે છે કે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે જેને લઈ પાલિકા તંત્રની આંખ ઉઘડવા માટે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. ભરૂચ શહેરમાં જ્યાં ભ્રષ્ટાચારી કામગીરી થશે ત્યાં કોંગ્રેસ વિરોધ કરી ભ્રષ્ટાચાર ઉજાગર કરશે.

**સૂચના**

ફોન કરો: શાખા મુખ્ય નં.: 9023790224 / 9773464935
વિસ્તાર મુખ્ય નં.: 7297073107
HO: 8668090629

**Asirvad Micro Finance Ltd.**
(Subsidiary of Manappuram Finance Limited)

**ધી કર્મચારી કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.વડોદરા.**
ગજાનન કોમ્પ્લેક્ષ,સરકારી પ્રેસની સામેની ગલી ,રામજી મંદિરની પોળ,પુના બોર્ડિંગ હાઉસ પાસે, સલાટવાડા, વડોદરા.રજી.નં. સે /૨૮૨૨ તા.૩૦ - ૦૭ -૧૯૭૯.

**- : વાર્ષિક સાધારણ સભા : -**

આથી સોસાયટીના સર્વે સભાસદ ભાઈ બહેનોને ખબર આપવામાં આવે છે કે આ સોસાયટીની વાર્ષિક સાધારણ સભા તા. ૨૬-૦૭-૨૦૨૫ ને શનિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે "વાકળ સેવા કેન્દ્ર" ભીમનાથ રોડ, રાજશ્રી ટોકીઝ પાસે, પેરેડાઈઝ કોમ્પ્લેક્ષ સામે, સયાજીગંજ,વડોદરામાં મળશે. તો સર્વે સભાસદોને સમયસર હાજર રહેવા તેમજ તા.૨૨-૦૭-૨૦૨૫ સુધીમાં જે સભાસદોને વાર્ષિક અહેવાલ ન મળે તો તેઓએ સોસાયટીના કાર્યાલય માંથી મેળવી લેવા વિનંતી છે.

સહી/- અવાચ્ય શ્રી રજનીકાન્ત પી. પટેલ (મંત્રી શ્રી) | સહી/- અવાચ્ય શ્રી ડૉ. બીજયસિંહ જી.રાઠોડ (ઉપાધ્યક્ષ શ્રી) | સહી/- અવાચ્ય શ્રી સુરેશભાઈ કે. પટેલ (અધ્યક્ષ શ્રી)

**જાહેર ચેતવણી**

આથી અમો જેલ્તા જોસેફ જ્યોર્જ જોસેફ, ઉ.વ.- ૨૪, રહે; વડોદરાના આથી જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમો જીતેન્દ્રસિંહ માનકસિંહ રાજપુરોહિત, ઉ.વ.-૩૬, સાથે એક વર્ષ અગાઉ મિત્રતા ધરાવતા હતા અને છેલ્લા એક વર્ષથી અમો એક બીજાને મળેલા નથી કે, એકબીજાના સંપર્કમાં નથી અને છેલ્લા એક વર્ષથી મિત્રતાના સબંધ પણ ધરાવતા નથી અને જીતેન્દ્રસિંહ માનકસિંહ રાજપુરોહિત ના કોઈપણ વ્યવહાર થી અમો માહિતગાર નથી કે, તેઓ સાથેના કોઈપણ વ્યક્તિના વ્યવહારથી અમારે કોઈ લેવા દેવા નથી કે, અમારે કોઈ સબંધ પણ નથી જે હાલની જાહેર ચેતવણીથી જાહેર કરીએ છીએ. જેની નોંધ લેશો.

**ફરહાનઅલી આર.સૈયદ** એડવોકેટ 97227 86217

**ટાઈટલ ક્લીયરન્સ અંગે જાહેર નોટીસ**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા અને સબ-ડીસ્ટ્રીક્ટ વાઘોડીયા ના મોજે ગામ: વાઘોડીયા, તા.વાઘોડીયા, જી. વડોદરાની સીમમાં આવેલ બ્લોક/સર્વે નં. ૧૫૯૯, ૧૬૦૦, ૧૬૦૬, જેનો પ્લોટ નં. ૭૨૩, જેનું કુલ ક્ષેત્રફળ: ૨૦૨૦ ચો.મી.વાળી બિનખેતી જમીન/મિલકતના માલિક તથા કબજેદાર (૧) રિતેશ મફતભાઈ ચૌહાણ (૨) યોગેશ અરવિંદભાઈ મિસ્ત્રી નાઓ હોય, અને તેઓ અમારા અસીલને સદરહું મિલકત વેચાણ કરવા માંગતા હોય, જેથી અમારા અસીલે અમો પાસેથી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ હોય, જેથી ઉપરોક્ત મિલકતમાં જે કોઈ વ્યક્તિ, સંસ્થા, બેન્ક, પેઢી વિગેરેનો કોઈપણ પ્રકારનો લાભ, ભાગ, હક્ક, હિત, સબંધ, અલાખો, ચાર્જ, લીયન, બાનાખત, વાંધો, ભરણપોષણનો હક્ક, દાવો હોય તો નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન- ૧૦ માં અમોને અમારી નીચે જણાવેલી ઓફિસના સરનામે વાંધા અરજી રજી.પોસ્ટ એડી દ્વારા તમામ દસ્તાવેજી પુરાવાઓ સાથે મોકલી આપવા. સદર મિલકત અંગે ઉપર જણાવેલ મુદતમાં કોઈપણ વાંધા નહીં આવે તો સદરહું મિલકતનું ટાઈટલ ચોખ્ખું છે તેમ માની ટાઈટલ સર્ટીફીકેટ આપીશું. સદર મુદત વિત્યા બાદ કોઈપણ પ્રકારના વાંધા ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં જેની નોંધ લેવી. તા.૧૧-૦૭-૨૦૨૫. સ્થળ: વડોદરા.

ઓફિસ: ૧૬, અમનનગર સોસાયટી, કેનાલ પાછળ, છાણી રોડ, છાણી, વડોદરા
**દેવરાજ પી.મકવાણા** 98982 59828
**અલ્પેશ એમ.કાછડ** એડવોકેટ્સ ગુજરાત હાઈકોર્ટ

**WESTERN RAILWAY - VADODARA DIVISION**

**જાહેરાતના કરારો માટે ઈ-હરાજી**

"જાહેરાત" કરારો માટે ઈ-હરાજી 24.07.2025 ના રોજ યોજાશે. ઈ-હરાજી 24.07.2025 ના રોજ 11:00 વાગ્યે શરૂ થશે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:
કોન્ટ્રાક્ટનો પ્રકાર: જાહેરાત (ભાડા સિવાયની આવક)
કોન્ટ્રાક્ટનો સમયગાળો: ૫ વર્ષ

| કેટલોગ નંબર | લોટ નં. |
|---|---|
| ADVT-BRC-240725 | ADVT-BRC-AKV-OSN-268-24-1 (સ્ટેશન પરિસરમાં જાહેરાત (નોન-ડિજિટલ)) |
| | ADVT-BRC-BH-OSN-269-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસરમાં જાહેરાત (નોન-ડિજિટલ)) |
| | ADVT-BRC-VDA-OSN-271-24-1 (સ્ટેશન પરિસરમાં જાહેરાત (નોન-ડિજિટલ)) |
| | ADVT-BRC-GER-OSN-270-24-1 (સ્ટેશન પરિસરમાં જાહેરાત (નોન-ડિજિટલ)) |
| | ADVT-BRC-BRC-OSN-297-25-1 (સ્ટેશન પરિસરમાં જાહેરાત (નોન-ડિજિટલ)) |
| | ADVT-BRC-VS-OH-92-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ) |
| | ADVT-BRC-EKNR-OH-21-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ) |
| | ADVT-IntExt-86019-24-2 (જાહેરાત - ટ્રેનનો આંતરિક અને બાહ્ય ભાગ) |
| | MSS-BRC-EKNR-THDPK-44-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - મુસાફરી સહાય ડેસ્ક/યાત્રીઓની માહિતી અને પ્રમોશનલ કિઓસ્ક) |

કૃપા કરીને www.ireps.gov.in ની મુલાકાત લો. BRC101
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**અમદાવાદ વિભાગમાં પાર્કિંગ અને NFR કરાર**

હરાજી યાદી ક્રમાંક નં. - પાર્કિંગ-ADI-4-2 | હરાજી શરૂ - 21-07-25 12:30:00

| ક્રમાંક નં. | લોટ નંબર/શ્રેણી | વર્ણન | પ્રવાસ/દિવસ | લોટ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| AA/1 | પાર્કિંગ-ADI-MAN-MX-53-25-1 (પાર્કિંગ - મિશ્ર) | અમદાવાદ ડિવિઝનના મણિનગર રેલવે સ્ટેશન પર ૧૯૮૦ ચોરસ મીટરના મિશ્ર પાર્કિંગ પ્લોટ માટે ઇ-હરાજી | 1096 | 21-07-25 13:00:00 |
| AA/2 | પાર્કિંગ-ADI-MSH-MX-48-25-1 (પાર્કિંગ - મિશ્ર) | મહેસાણા રેલવે સ્ટેશન (પશ્ચિમ બાજુ) પર ૨૪૯૯ ચોરસ મીટરના ટુ વ્હીલર્સ, થ્રી વ્હીલર્સ અને ફોર વ્હીલર્સ માટે પાર્કિંગ પ્લોટ | 1096 | 21-07-25 13:10:00 |
| AA/3 | પાર્કિંગ-ADI-SBIB-MX-44-25-3 (પાર્કિંગ - મિશ્ર) | સાબરમતી રેલવે સ્ટેશન (ધરમનગર) પર ૧૭૦૬ ચોરસ મીટરના ટુ વ્હીલર્સ, થ્રી વ્હીલર્સ અને ફોર વ્હીલર્સ માટે પાર્કિંગ પ્લોટ | 365 | 21-07-25 13:20:00 |
| AB/1 | પાર્કિંગ-ADI-VTA-RT-52-25-1 (પાર્કિંગ - રેડિયો ટેક્સી) | વટવા (VTA) સ્ટેશન પર વટવા (VTA) સ્ટેશન પર LC ગેટ નં. ૩૦૫ તરફ ૧૧૧.૪૮ ચોરસ મીટરની નિયુક્ત જગ્યામાં રેડિયો ટેક્સી (એપ આધારિત કેબ/ઓટો/બાઇક સેવાઓ) માટે 03 વર્ષના સમયગાળા માટે ઇ-હરાજી. સ્કેચ આ સાથે જોડાયેલ છે. | 1826 | 21-07-25 13:30:00 |

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ વિભાગ - પશ્ચિમ રેલવે, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદ - 382345 ADI103
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



## દરિયાપુરના પઢિયાર પરિવારની ૬ વ્યક્તિઓના મોતથી ગામમાં માતમનો માહોલ

# બે માતાનો આક્રંદ ...

## મને મારો દીકરો લાવી આપો...

### બગદાણા દર્શન અર્થે જઈ રહેલા પરિવારનો માળો વિખેરાઈ ગયો

### પરિવારમાં ચાર દીકરી પછી દીકરાનો જન્મ થયો હતો

પઢિયાર પરિવારમાં રમેશભાઈ અને સોનલબહેનને ચાર દીકરીઓ હતી ત્યાર બાદ બાપાની બાધા રાખી હતી અને તેઓના ઘરે દીકરાનું અવતરણ થયું હતું. દીકરો બે વર્ષનો થયો હતો અને તેઓ ગુરુપૂર્ણિમાના દર્શન કરવા અને બાધા પૂર્ણ કરવા માટે બગદાણા જઈ રહ્યા હતા. પરંતુ માર્ગમાં જ તેઓને કાળ ભરખી ગયો. આ પરિવારમાં હવે કમાનાર કોઈ રહ્યું નથી અને આખોયે પરિવાર નિરાધાર થઇ ગયો છે.



### પરિવાર નિરાધાર થઇ ગયો

### દીકરીઓ કેવી રીતે મોટી થશે તેની ચિંતા

ઘરના મોભી રમેશભાઈ પઢિયારનું મૃત્યુ થયું છે. તેઓના પિતા વયોવૃદ્ધ છે. આખી જિંદગી તેઓએ કડિયાકામ તો કર્યું પરંતુ પોતાનું પાકું મકાન બનાવી શક્યા ન હતા. ગામમાં તેઓનું કાચું મકાન આવેલું છે. રમેશભાઈ ખાનગી કંપનીમાં કોન્ટ્રાક્ટમાં કામ કરતા હતા. તેઓના મૃત્યુ બાદ હવે ઘરમાં કમાવવા વાળું કોઈ રહ્યું નથી. હવે દીકરીઓ કેવી રીતે ભણીને મોટી થશે તે એક મોટો પ્રશ્ન છે. પરિવારજન જગમાલસિંહ પઢિયારે જણાવ્યું હતું કે અમારા દરિયાપુરા ગામના પરિવારના ત્રણ સભ્ય અને તેમના ત્રણ સંબંધી દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા છે, જેમાં બે જમાઈ અને રમેશભાઈના સાહુનો સમાવેશ થાય છે. રમેશભાઈ ને ત્રણ દીકરી નિરાધાર થઈ ગઈ છે અને રમેશભાઈના પિતા રાવજી ભાઈને બીમારી છે અને બે સ્ટેન્ટ મૂકેલાં છે. રાવજી ભાઈનાં પત્નીની તબિયત સારી રહેતી નથી. સોનલબેનની તબિયત પણ સારી નથી. આ ત્રણ દીકરીનાં જીવન ગુજરાન માટે સરકારે જે રકમ જાહેર કરી છે એ ખૂબ ઓછી છે. અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં એક-એક કરોડ રૂપિયાની સહાય જાહેર થઇ હોય તો એની સામે આ બે-બે લાખ રૂપિયા કંઈ નથી. તો સીએમ સાહેબે થોડી વિચારણા કરીને થોડી વધારે સહાય થાય એવી વ્યવસ્થા કરવી જોઈએ.

વડોદરા, તા. ૧૦

ગંભીરા બ્રિજ તુટતા તેમાં ૧૯ વ્યક્તિઓના મૃત્યુ થયા છે. મુજપુર નજીક આવેલા દરિયાપુર ગામનો પઢિયાર પરિવાર બગદાણા દર્શન અર્થે જઈ રહ્યો હતો અને તેઓની ઈકો કાર પૂલ તૂટી જતા મહીસાગર નદીમાં ખાબકી.. આ દુર્ઘટનામાં પિતા, પુત્ર અને પુત્રી સહિત પરિવારના ૬ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા જ્યારે માતા બચી ગઈ હતી. આ પરિવારે બે દીકરા ખોયા છે. મૃતક રમેશભાઈ પઢિયારના પત્ની અને માતાના આક્રંદે આખા ગામને શોકમગ્ન બનાવી દીધું હતું. બંને માતા એક જ આક્રંદ કરી રહી હતી કે મને મારો દીકરો પાછો લાવી આપો...લોકસત્તા જનસત્તાની ટીમ દરિયાપુર ગામમાં પહોંચી હતી. વડોદરાથી થોડે દૂર, મુજપુર પાસે આવેલું દરિયાપુર ગામ. શાંત, રમણીય અને સંતોષથી ભરેલું. પણ આજે એ ગામ પર શોકનો ગાઢ પડછાયો છવાઈ ગયો હતો. ગંભીરાનો પુલ તૂટ્યો અને સાથે જ તૂટી પડ્યા અનેક સપના, અનેક આશાઓ. ગંભીર પૂલ તૂટ્યો અને ઈકો કાર મહીસાગર નદીમાં ખાબકી. આ દુર્ઘટનામાં



૧૯ નિર્દોષ જીવ ભરખી લીધા, અને એમાં એક હતો પઢિયાર પરિવારનો મોટો હિસ્સો.

પઢિયાર પરિવાર, ભક્તિ અને શ્રદ્ધાથી ભરેલો, બગદાણાના બાપાના દર્શને જવા નીકળ્યો હતો. ઈકો કારમાં બેસી, મનોમન બાપાના દર્શનની આકાંક્ષા સેવી રહ્યા હતા. રસ્તામાં, ગંભીરાનો પુલ આવ્યો. કાળની થપાટ એવી લાગી કે, પુલ તૂટ્યો અને એમની ગાડી સીધી મહીસાગરના ઊંડા જળમાં સમાઈ ગઈ. એક પળમાં ખુશીનો માહોલ શોકમાં ફેરવાઈ ગયો. પિતા રમેશભાઈ, એમના બે પુત્રો અને એક પુત્રી સહિત પરિવારના છ સભ્યો કાળનો કોળિયો બની ગયા.

માતા, જે આ આઘાતમાંથી ચમત્કારિક રીતે બચી ગઈ હતી, એના હૃદયફાટ રુદને આખા ગામને હચમચાવી દીધું. ગામના ચોરે, શેરીઓએ અને ઘરોમાં એક જ વાત હતી - પઢિયાર પરિવાર પર વીતી ગયેલી આ અકલ્પનીય દુર્ઘટના. રમેશભાઈના પત્ની અને એમની વૃદ્ધ માતાનું આક્રંદ આસમાને પહોંચ્યું હતું. બંને માતાઓ એક જ વિનવણી કરી રહી હતી, મને મારો દીકરો પાછો લાવી આપો... મને મારો દીકરો પાછો લાવી આપો... એમના શબ્દોમાં છુપાયેલું દુઃખ અને વેદના એટલા પ્રબળ હતા કે સાંભળનાર દરેકની આંખો ભીની થઈ જતી. જે ઘરમાં હસવા-રમવાની, ભક્તિભાવની વાતો થતી હતી, આજે ત્યાં માત્ર નિરવ શાંતિ અને શોકના સૂર ગુંજી રહ્યા હતા. દીવાલો પણ જાણે રડી રહી હતી. દરિયાપુર ગામ શોકથી સ્તબ્ધ હતું. ગંભીરા પુલ તૂટ્યો, પણ એણે માત્ર ઈમારત નહીં, અનેક પરિવારોની ખુશીઓને પણ ધ્વસ્ત કરી નાખી. પઢિયાર પરિવારની આ વ્યથા, એ માત્ર એક પરિવારની નહીં, પણ આવા અનેક પરિવારોની લાચારી અને દુઃખનું પ્રતિક બની ગઈ છે. મહીસાગરના જળમાં સમાઈ ગયેલા એ નિર્દોષ જીવોની ચીસો હજુ પણ જાણે હવામાં ગુંજી રહી છે. અને આ ઘટનાના જવાબદારોને કડક સજા થાય તેની રાહ જોઈ રહી છે.

### ચાર લાખની સહાયથી શું આખું જીવન નીકળશે?

મૃતક પરિવારના સગા સંબંધીઓએ સરકાર સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. રમેશભાઈના નજીકના ભાઈ જગમાલ સિંહ પઢિયારે જણાવ્યું હતું કે, રમેશભાઈના પરિવારના ૩ સભ્ય ઘટનામાં મૃત્યુ પામ્યા છે. હવે તેમનાં પત્ની અને આ ત્રણ દીકરી બચી છે. આ ત્રણ છોકરી હવે નિરાધાર થઈ ગઈ છે, તેમનું ભવિષ્ય અંધકારમય થઈ ગયું છે. સરકાર હવે આ દીકરીઓ વિશે કંઈ વિચારે અને તેમના અભ્યાસમાં મદદ કરે તો સારું. સરકાર મોટા લોકોને એક-એક કરોડ રૂપિયા સહાય કરે છે, તો આ તો નિરાધાર દીકરીઓ છે, સરકાર સહાય કરવામાં ભેદભાવ કરી રહી છે. આ તો સરકારની ભૂલને કારણે બ્રિજ પડ્યો છે છતાં પણ ગરીબો માટે સરકાર પૂરતી સહાય કરતી નથી.



- નોકરી પર જતો હતો અને રસ્તા વચ્ચે ગંભીરા બ્રિજ પર અતુલને મોત મળ્યું
- અતુલના પરિવાર અને આખા બામણગામમાં શોકનો માહોલ
- આજે બપોરે અતુલનો મૃતદેહ તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો

### ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર

## ૨૧ વર્ષીય અતુલની અંતિમયાત્રામાં આખું ગામ હિબકે ચઢ્યું

વડોદરા, તા. ૧૦

ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં અત્યાર સુધી ૧૮ લોકોના મોત થયા હોવાના સમાચાર સામે આવ્યા છે. જે પૈકી આણંદના બામણગામના ૨૧ વર્ષના અતુલભાઈનું પણ મોત થયું હતું. આ યુવક નોકરી પર જતો હતો અને ગંભીર બ્રિજ દુર્ઘટનામાં તેનો ભોગ બન્યો હતો. અતુલના મોતને પગલે પરિવારજનોમાં શોકનો માહોલ છવાય ગયો હતો. આજે અતુલની અંતિમવિધિ કરવામાં માટે અતુલની અંતિમયાત્રા નીકળતા અતુલનો પરિવાર અને આખુ ગામ હિબકે ચડ્યું હતું. આણંદ જિલ્લાના ગંભીરા ગામને વડોદરા જિલ્લા સાથે જોડતો મહિસાગર નદી પરનો ૪૦ વર્ષનો જૂનો બ્રિજ ૯ જુલાઈના રોજ વહેલી સવારે અચાનક તૂટી પડ્યો હતો. આ ઘટનામાં બ્રિજ ઉપરથી પસાર થતી ૩ ટ્રક, ૧ રિક્ષા, ૧ ઇકકો, ૧ પિકઅપ ડાલુ સાથે ૨થી ૩ બાઈક બે કાંઠ વહેલતી મહીસાગર નદીમાં ગંભીરા બ્રિજ પરથી નદીમાં ખાબકી હતી. જેથઈ હાલ સુધીમાં ૧૮ લોકોના મોત થયા છે. જેમાં બામણગામના ૨૧ વર્ષીય અતુલ રાઠોડનો પણ સામાવેશ થાય છે. આજે બપોરે અતુલભાઇનો મૃતદેહ તેમના પરિવારજનોને સોપવાાં આવ્યો હતો. મૃતદેહ ઘરે આવતા પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. અતુલની અંતિમ ક્રિયા વિધિવત રીતે કરવામાં આવી હતી. તેમની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, મૃતક અતુલ રાઠોડે બીએસસી સુધીનો અભ્યાસ કરેલો હતો. તે આ બ્રિજને સામે છેડે નજીકમાં આવેલી એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. ગઈકાલે સવારે તે પોતાના અન્ય બે મિત્રો સાથે બાઈક ઉપર નોકરી પર જવા નીકળ્યો હતો. દરમિયાન આ બ્રિજ તૂટી પડ્યો હતો અને આ ત્રણેય મિત્રો બાઈક સાથે નીચે નદીમાં ખાબક્યા હતાં. આ દુર્ઘટનામાં મિત્રોના પણ કરૂણ મોત નીપજ્યા છે.

### ગંભીરા બ્રિજમાં અકસ્માતમાં મૃતકોની યાદી

| નામ | ઉંમર | રહેઠાણ |
|---|---|---|
| રમેશભાઈ રાવજીભાઈ પઢિયાર | ૩૮ | મુજપુર, પાદરા |
| વૈદિકા રમેશભાઈ પઢિયાર | ૪ | મુજપુર, પાદરા |
| નૈતિક રમેશભાઈ પઢિયાર | ૨ | મુજપુર, પાદરા |
| વખતસિંહ મનુંસિંહ જાદવ | ૫૫ | કહાનવા, ભરૂચ |
| હસમુખભાઈ મહીજીભાઈ પરમાર | ૪૦ | મજાતણ, પાદરા |
| રાજેશભાઈ ઈશ્વરભાઈ ચાવડા | ૨૨ | દેવાપુરા, આણંદ |
| પ્રવિણભાઈ રાવજીભાઈ જાદવ | ૩૩ | ઉંદેલ, આણંદ |
| કાનજીભાઈ મેલાભાઈ માછી | ૪૦ | ગંભીરા, આણંદ |
| જશુભાઈ શંકરભાઈ હરિજન | ૬૫ | ગંભીરા, આણંદ |
| પર્વતભાઈ ભગવાનભાઈ વાગડીયા | ૨૦ | સરસવા, પંચમહાલ |
| મેરામણભાઈ પર્વતભાઈ હાથીયા | ૫૧ | આરંભડા, દ્વારકા |
| વિષ્ણુભાઈ ખોડાભાઈ રાવળ | ૨૮ | બામણગામ, આણંદ |
| મોહનભાઈ ભીખાભાઈ ચાવડા | ૫૨ | બામણગામ, આણંદ |
| ભુપેન્દ્રસિંહ રતનસિંહ પરમાર | ૪૨ | દહેવણ, આણંદ |
| અતુલભાઈ જયંતીભાઈ રાઠોડ | ૨૨ | બામણગામ, આણંદ |
| યોગેશ મહેન્દ્રસિંહ ચૌહાણ | ૨૦ | કહાનવા, ભરૂચ |
| યોગેશ પટેલ | ૩૦ | બામણગામ, આણંદ |
| દિલીપ પઢીયાર | -- | --- |

### ગંભીરા બ્રિજમાં અકસ્માતમાં ઈજાગ્રસ્તની યાદી

| નામ | ઉંમર | રહેઠાણ |
|---|---|---|
| નરેન્દ્રભાઈ રતનભાઈ પરમાર | ૪૫ | ગાંધીનગર |
| ગણપતસિંહ ખાનસિંહ રાજપૂત | ૪૦ | રાજસ્થાન |
| રાજુભાઈ દુદાભાઈ હાથીયા | ૩૦ | દ્વારકા |
| દિલીપ રામસિંહ પઢીયાર | ૩૫ | બોરસદ |
| સોનલ રમેશ પઢીયાર | ૪૩ | પાદરા |
| અરવિંદભાઈ પરમાર | ૫૫ | મજાતણ |

### ગંભીરા બ્રિજ દુર્ઘટનાનો કુલ મૃત્યાંક વધીને ૧૮ થયો

# શાબાશ!

## બામણગામ અને મુજપુરના લોકો જ દેવદૂત બન્યા



ગંભીરા પુલની આસપાસનાં ગામનાં લોકો માનવતાના મશાલચી બન્યાં

ગંભીરા બ્રિજ તુટતાની સાથે જ પ્રાથમિક બચાવ કામગીરી માટે આસપાસના ગામના રહીશો તાત્કાલિક દોડી ગયા હતા. માત્ર એક જ કોલમ થોડી જ મિનિટોમાં ૮૦૦ થી ૯૦૦ જેટલા વ્યક્તિઓ મદદ માટે આવી પહોંચ્યા હતા. ગ્રામજનો આ ઘટનામાં દેવદૂત બન્યા હતા. આસપાસના બામણગામ અને મુજપુર ગામના લોકોને જેટલી શાબાશી આપીએ તેટલી ઓછી છે. વડોદરાથી અદૃશ્ય મહીસાગરના જળ પર ભલે ગંભીરા બ્રિજ તૂટી પડ્યો હોય અને અનેક આશાભર્યા જીવનને ભરખી ગયો હોય, પરંતુ એ જ ક્ષણે માનવતાના દીપ પ્રગટાવનારા આસપાસના ગામોના રહીશો - ખાસ કરીને બામણગામ અને મુજપુરના વીરલાઓ - દેવદૂત બનીને ઊભરી આવ્યા હતા. કાળના આ કરાલ નર્તન સમી દુર્ઘટના ઘટતાની સાથે જ, હજુ તો આઘાતનો ઓછાયો પણ સરખો પથરાયો નહોતો, ત્યાં જ માનવસેવાનો અદમ્ય પ્રવાહ ઉમટી પડ્યો. માત્ર એક જ હાકલ, એક જ ફોન કોલ અને ગણતરીની મિનિટોમાં ૮૦૦ થી ૯૦૦ જેટલા ગ્રામજનો પોતાના જીવના જોખમે, અંધકાર અને જળના ઊંડાણમાં ફસાયેલાઓને ઉગારવા દોડી આવ્યા. તેમના ચહેરા પર કોઈ ઓળખાણ નહોતી, કોઈ સ્વાર્થ નહોતો, બસ એક જ ભાવ હતો માનવતાનો. તેમણે પાણીમાં ડૂબેલા, ફસાયેલા નિર્દોષોને બહાર કાઢવામાં, ઈજાગ્રસ્તોને કિનારે પહોંચાડવામાં અને તંત્ર આવે તે પહેલા જ પ્રાથમિક બચાવ કામગીરીનું બીડું ઝડપ્યું. તેમનો સેવાભાવ, સાહસ અને સમયસૂચકતા ખરેખર અનુકરણીય છે. જ્યારે મોટાભાગના લોકો આવી આફતમાં સ્તબ્ધ બની જાય છે, ત્યારે આ ગ્રામજનોએ આપત્તિને અવસરમાં ફેરવી, અનેક જીવન બચાવવામાં નિમિત્ત બન્યા. આ બામણગામ અને મુજપુરના ગ્રામજનોને, જેમણે પોતાની જાનની પરવા કર્યા વિના માનવતાનો મશાલચી બનીને અંધારામાં પ્રકાશ પાથર્યો, તેમને જેટલા શબ્દોમાં બિરદાવીએ તેટલા ઓછા છે. તેમની આ વીરતા અને અદમ્ય ભાવના આપણી સંસ્કૃતિના ઊજળા પાસાને ઉજાગર કરે છે અને ભવિષ્યની પેઢીઓ માટે પ્રેરણાનો સ્રોત બની રહેશે. આ દુર્ઘટનાએ ભલે ૧૬ નિર્દોષ જીવનો ભોગ લીધો હોય, પરંતુ તે જ સમયે માનવતાના ઊજળા પાસાને પણ ઉજાગર કર્યો. ગંભીરા બ્રિજ તૂટતાની સાથે જ આસપાસના ગામો, ખાસ કરીને બામણગામ અને મુજપુરના ગ્રામજનો જે રીતે મદદ માટે દોડી આવ્યા, તે ખરેખર પ્રશંસનીય છે. આ ઘટના બન્યાની ગણતરીની મિનિટોમાં જ, માત્ર એક જ ફોન કોલ પર ૮૦૦ થી ૯૦૦ જેટલા લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેઓએ પાણીમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં, ઈજાગ્રસ્તોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં અને રાહત કાર્યમાં સ્થાનિક તંત્રને સંપૂર્ણ મદદ પૂરી પાડી હતી. આ ગ્રામજનો ખરેખર દેવદૂત બનીને આવ્યા હતા. તેમની સમયસૂચકતા, સાહસ અને નિસ્વાર્થ સેવાભાવે અનેક જીવોને બચાવવામાં મદદ કરી.

### જબરદસ્ત મેનેજમેન્ટઃ મોકડ્રીલની જેમ ગામના લોકોને જ ટ્રેનિંગ આપી રેસ્ક્યૂ ટીમ કેમ ન બનાવી શકાય

દુર્ઘટના સમયે સ્થાનિક રહીશો સૌથી પહેલા દોડી ગયા હતા અને લોકોને નદીની બહાર કાઢવામાં તંત્રને ખુબ મદદ કરી હતી. ત્યારે જિલ્લા પંચાયતના સભ્ય હર્ષદ પઢિયારે જણાવ્યું હતું કે, અસલમાં આ તમામ લોકો નદી કાંઠે રહેતા લોકો છે. જેઓ આવી ઘટનાઓથી હંમેશા વાકેફ જ છે. સરકાર જો આવા ગામમાંથી ૧૦ - ૧૦ યુવાનોની ટુકડી બનાવે અને તેઓને ટ્રેનિંગ આપે તો આ વિસ્તારમાં જ દેવદૂતોની ટિમ ઉભી થઈ જશે. આ ટીમ ગમે તેવી હોનારતમાં ખડેપગે રહેશે. ઉલ્લેખનીય છે કે આમ પણ નદી કિનારે અનેક વખત પૂર જેવી સ્થિતિનું નિર્માણ થતું હોય છે તેવામાં જો આવી રેસ્ક્યુ ટીમ ઉભી કરવામાં આવે તો દુર્ઘટનાના સમયમાં ત્વરિત રાહત મળી શકે તેમ છે.

## ઘટનાના ૨૦ જ મિનિટમાં 900 જુવાનિયાઓ મદદે કેવી રીતે પહોંચ્યાં?



### રશિયા-પાકિસ્તાન સંબંધો ભારતની ચિંતામાં વધારો કરશે

# રશિયાએ મિત્ર પાકિસ્તાનને 'મહત્વપૂર્ણ ભાગીદાર' અને 'કુદરતી સાથી' ગણાવ્યું

### રશિયાના સૌથી મોટા વાર્ષિક ઔદ્યોગિક વેપાર મેળામાં પાક. સામેલ



મોસ્કો, તા.૧૦

રશિયાએ ભારતના કટ્ટર દુશ્મન પાકિસ્તાનને 'મહત્વપૂર્ણ ભાગીદાર' અને 'કુદરતી સાથી' ગણાવ્યું છે. તેનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઓપરેશન સિંદૂર પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ છે. ઈસ્લામાબાદ સ્થિત વિદેશ કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક સત્તાવાર નિવેદન અનુસાર, ગુરુવારે મોસ્કોમાં એક બેઠક દરમિયાન, એક ટોચના રશિયન અધિકારીએ પાકિસ્તાનને આ ક્ષેત્રના આર્થિક અને ઉર્જા વિકાસમાં "મહત્વપૂર્ણ ભાગીદાર" અને "કુદરતી સાથી" ગણાવ્યું છે. પાકિસ્તાને પાકિસ્તાનને "મહત્વપૂર્ણ ભાગીદાર" ગણાવ્યું છે અને બંને દેશોને "કુદરતી સાથી" ગણાવ્યા છે. રશિયા-પાકિસ્તાન સંબંધો ભારતની ચિંતામાં વધારો કરે તેવી અપેક્ષા છે. જોકે, બંને દેશોએ હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી.આ ટિપ્પણીઓ રશિયા વતી નાયબ વડા પ્રધાન એલેક્સી ઓવરચુકે પાકિસ્તાની વડા પ્રધાન શરીફના વિદેશ બાબતોના વિશેષ સહાયક તારિક ફાતામી અને ઉદ્યોગ અને ઉત્પાદન બાબતોના એસએપીએમ હારૂન અખ્તર ખાન સાથેની વાતચીત દરમિયાન કરી હતી. પાકિસ્તાની પ્રતિનિધિમંડળ હાલમાં મોસ્કોમાં છે અને રશિયાના સૌથી મોટા વાર્ષિક ઔદ્યોગિક વેપાર મેળા ઈનોપ્રોમમાં ભાગ લઈ રહ્યું છે. વેપાર મેળામાં ૩૦ થી વધુ દેશોના સરકારી પ્રતિનિધિમંડળો આકર્ષાયા છે.

### કોચિંગસ્થાપક વિકાસ દિવ્યકીર્તિને ફટકાર

# ન્યાયતંત્ર સામે અપમાનજનક અને કટાક્ષપૂર્ણ ભાષાનો ઉપયોગ : કોર્ટે આગામી સુનાવણીએ હાજર રહેવા આદેશ



અજમેર, તા.૧૦

કોર્ટે કહ્યું કે વિકાસ દિવ્યકીર્તિએ "દુર્ભાવનાપૂર્ણ ઈરાદા" સાથે ન્યાયતંત્ર સામે "અપમાનજનક અને કટાક્ષપૂર્ણ ભાષા"નો ઉપયોગ કર્યો.

દ્રષ્ટિ IAS કોચિંગના સ્થાપક વિકાસ દિવ્યકીર્તિ તેમના એક વીડિયોને કારણે સમાચારમાં છે. આ વીડિયો સામે આવ્યા બાદ વિકાસ દિવ્યકીર્તિ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ અંગે રાજસ્થાનની એક કોર્ટે કહ્યું છે કે વીડિયોમાં વિકાસ દિવ્યકીર્તિએ 'લોકપ્રિયતા મેળવવાના ઈરાદાથી' ન્યાયતંત્ર વિરુદ્ધ 'ખોટી ભાષા'નો ઉપયોગ કર્યો છે.લાઈવલો રિપોર્ટ અનુસાર, કોર્ટે કહ્યું કે દિવ્યા કીર્તિએ "દુર્ભાવનાપૂર્ણ ઈરાદા" સાથે ન્યાયતંત્ર સામે "અપમાનજનક અને કટાક્ષપૂર્ણ ભાષા"નો ઉપયોગ કર્યો હોવાના "પ્રથમ દ્રષ્ટિએ" મજબૂત પુરાવા છે. કેસને ફોજદારી રજિસ્ટરમાં દાખલ કરવાનો નિર્દેશ આપતા, કોર્ટે દિવ્યાકીર્તિને આગામી સુનાવણીની તારીખે હાજર રહેવા જણાવ્યું. આ ફરિયાદ ભારતીય દંડ સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ ૩૫૩(૨) (જાહેર ઉપદ્રવ), ૩૫૬(૨), (૩) (માનહાનિ) અને IT એક્ટની કલમ ૬૬A(b) હેઠળ દાખલ કરવામાં આવી હતી. ૮ જુલાઈના રોજના તેમના આદેશમાં, અજમેરના એડિશનલ સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ મનમોહન ચંદેલે કહ્યું હતું.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અનોખી ઐતિહાસિક સિદ્ધિ

# PM મોદી દુનિયામાં સૌથી વધુ સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર મેળવનારા પ્રધાનમંત્રી

### ૨૯ દેશોએ પીએમ મોદીને તેમના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કર્યા



નવી દિલ્હી, તા.૧૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વધુ એક ઐતિહાસિક સિદ્ધિ મેળવી કરી છે. તે ભારતના પહેલા પ્રધાનમંત્રી બન્યા છે જેમને વિશ્વના ૨૯થી વધુ દેશો દ્વારા સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા છે.

હાલમાં જ ઘાના અને બ્રાઝિલે તેમને સૌથી પ્રતિષ્ઠિત નાગરિક પુરસ્કાર આપ્યો છે. ઘાના સરકારે વડાપ્રધાન મોદીને ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઘાનાથી સન્માનિત કર્યા છે. આ પુરસ્કાર તેમને વૈશ્વિક નેતૃત્વ ક્ષમતા અને ભારત-ઘાના સંબંધોને મજબૂત બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન માટે આપવામાં આવ્યો હતો.અગાઉ બ્રાઝિલના પ્રમુખ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વાએ વડાપ્રધાન મોદીને દેશના સર્વોચ્ચ સન્માન ગ્રાન્ડ કોલર ઓફ ધ નેશનલ ઓર્ડર ઓફ ધ સાઉદર્ન ક્રોસથી સન્માનિત કર્યા હતા. આ સન્માન તેમને ભારત-બ્રાઝિલ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા બદલ આપવામાં આવ્યું હતું.વર્ષ ૨૦૧૪ માં વડાપ્રધાન બન્યા પછી નરેન્દ્ર મોદીને ઘણાં દેશો તરફથી સન્માન મળી રહ્યા છે. સાઉદી અરેબિયા, યુએઈ, બહેરીન, અફઘાનિસ્તાન, પેલેસ્ટાઈન, કુવૈત જેવા ઘણા મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોએ પણ તેમને તેમના સર્વોચ્ચ પુરસ્કારોથી સન્માનિત કર્યા છે. અત્યાર સુધીમાં ૨૯ દેશોએ વડાપ્રધાન મોદીને તેમના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કર્યા છે.

## અરાઉન્ડ ધ વર્લ્ડ

### રસ્તા બનાવ્યા છે, તો ખાડા પણ રહેવાના : મ.પ્ર.ના મંત્રીનો બફાટ

જયપુર : મધ્ય પ્રદેશમાં વરસાદ દરમિયાન રસ્તાઓ પર પડેલા ખાડાઓ અંગે પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (PWD)મંત્રી રાકેશ સિંહે અજીબોગરીબ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'કયો રસ્તો એવો છે જ્યાં વરસાદ દરમિયાન ખાડા ન પડે? ભારે વરસાદ અને ભારે ટ્રાફિકને કારણે રસ્તાઓ પર ખાડા પડી જાય છે. હજુ સુધી એવી કોઈ ટેકનોલોજી નથી, જેના આધારે આપણે કહી શકીએ કે આપણે એવો રસ્તો બનાવીશું જેના પર ક્યારેય ખાડા નહીં પડે. રસ્તા બનાવ્યા છે તો ખાડા પણ રહેશે.'રસ્તાઓ પર ખાડા અંગે પીડબ્લ્યુડી મંત્રી રાકેશ સિંહે કહ્યું, 'ચાર વર્ષ સુધી ખરાબ ન થતો રસ્તો ફક્ત છ મહિનામાં જ ખાડા પડવા લાગે છે તે ખોટું છે.

### રેલવે ક્રોસિંગ પર થતાં અકસ્માતો ઘટાડવા સીસીટીવી રેકોર્ડર મૂકાશે

નવી દિલ્હી: રેલવે ક્રોસિંગ પર વધતા અકસ્માતોને લઈ સુરક્ષા મુદ્દે રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે મોટો નિર્ણય લીધો છે. તમામ રેલવે ક્રોસિંગ ગેટ પર સીસીટીવી કેમેરા અને રેકોર્ડિંગ સિસ્ટમ બેસાડવામાં આવશે, જ્યારે સુરક્ષા સંબંધિત અન્ય મહત્ત્વના નિર્ણયો લીધા હોવાનું જણાવ્યું હતું. રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે રેલવેની મહત્વપૂર્ણ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી. આ દરમિયાન તેમણે રેલવે અધિકારીઓને કડક સૂચનાઓ પણ આપી હતી. રેલ મંત્રીએ રેલવે બોર્ડના અધ્યક્ષ અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથેની સમીક્ષામાં 'લેવલ ક્રોસિંગ ગેટ સુરક્ષા' વિષય પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી અને આ સંદર્ભમાં ૧૧ મહત્વપૂર્ણ નિર્ણયો લીધા હતા.

### યમનમાં કેરળની નર્સને મૃત્યુદંડથી બચાવવા સુપ્રીમ કોર્ટમાં અરજી

નવી દિલ્હી : યમનમાં કામ કરતી કેરળની નર્સ નિમિષા પ્રિયાને મૃત્યુદંડ સંભળાવવામાં આવ્યો છે. હત્યાના કેસમાં દોષી ઠરેલી નિમિષાને ૧૬ જુલાઈના રોજ ફાંસી આપવામાં આવશે. તેને મૃત્યુદંડથી બચાવવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. 'સેવ નિમિષા પ્રિયા ઈન્ટરનેશનલ એક્શન કાઉન્સિલ' એ સુપ્રીમમાં અરજી દાખલ કરી છે અને વહેલી સુનાવણીની માંગ કરી છે. અરજદારના વકીલે જણાવ્યું હતું કે યમનના નાગરિકની હત્યાના કેસમાં કેરળની નર્સને ૧૬ જુલાઈએ ફાંસી આપવામાં આવશે. તેમણે માંગ કરી કે સુપ્રીમ કોર્ટ કેન્દ્ર સરકાર આદેશ આપે કે તે રાજકીય હસ્તક્ષેપ કરી યમન સરકાર સાથે વાત કરે.

### મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી સંજય શિરસાટને આઈટીની નોટિસ મળી

મુંબઈ : આવકવેરા વિભાગે શિવસેનાના ધારાસભ્ય અને રાજ્યમંત્રી સંજય શિરસાટને નોટિસ મોકલી છે. છેલ્લા કેટલાક દિવસોથી વિપક્ષ હોટલ અને પ્લોટ ખરીદી કેસમાં શિરસાટ પર આરોપ લગાવી રહ્યો હતો, તે દરમિયાન આવકવેરા વિભાગે તેમને નોટિસ મોકલી છે. વિધાન ભવનમાં મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે આવકવેરા વિભાગ કે અન્ય વિભાગો પોતાનું કામ કરી રહ્યા છે. તેમાં કંઈ ખોટું નથી. ૨૦૧૯ અને ૨૦૨૪ માં મિલકતમાં થયેલા વધારા અંગે આવકવેરા વિભાગ પાસેથી સ્પષ્ટતા માંગવામાં આવી છે. તેઓ તેમનું કામ કરી રહ્યા છે. કેટલાક લોકોએ મારી વિરુદ્ધ આવકવેરા વિભાગને ફરિયાદ કરી હતી. વિભાગે આ ફરિયાદની નોંધ લીધી અને મને નોટિસ મોકલી. કમિશને જવાબ આપવા માટે ૯મી તારીખ આપી હતી.

### સટ્ટાબાજી એપ કૌભાંડમાં સામેલ હોવાનો આરોપ મૂકાયો

# વિજય દેવરકોંડા, પ્રકાશ રાજ અને રાણા દગ્ગુબાતી સહિત 29 પર EDનો સકંજો

### હૈદરાબાદ સાયબરાબાદ પોલીસની FIRના આધારે EDએ કેસ નોંધ્યો



નવી દિલ્હી, તા.૧૦

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે તેલંગાણાના ૨૯ જાણીતા ફિલ્મ અભિનેતાઓ, યુટ્યુબર્સ અને ઈન્સ્ટાગ્રામ ઈન્ફલુઅન્સર્સ સામે મોટી કાર્યવાહી કરી છે. આ તમામને ગેરકાયદેસર સટ્ટાબાજી એપ્સનું પ્રમોશન કરવા બદલ કાયદાના સકંજામાં લેવામાં આવ્યા છે. આ યાદીમાં ફિલ્મ જગતના મોટા નામો જેવા કે વિજય દેવરકોંડા, રાણા દગ્ગુબાતી, પ્રકાશ રાજ, મંચુ લક્ષ્મી, નિધિ અગ્રવાલ, પ્રણીતા સુભાષ, અનન્યા નાગલ્લા, એંકર શ્રીમુખી, યુટ્યુબર હર્ષા સાઈ, બય્યા સની યાદવ અને લોકલ બોય નાની જેવા ઘણા લોકપ્રિય ચહેરાઓનો સમાવેશ થાય છે. તેમના પર સટ્ટાબાજી એપ કૌભાંડમાં સામેલ હોવાનો આરોપ છે. જેમાં હૈદરાબાદ સાયબરાબાદ પોલીસની FIRના આધારે EDએ કેસ નોંધ્યો છે અને તપાસમાં સામેલ ફિલ્મ સ્ટાર્સની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. આ સમગ્ર મામલાની શરૂઆત મિયાપુરના એક બિઝનેસમેન ફણિન્દ્ર શર્માની ફરિયાદથી થઈ હતી.

આવા એપ્સના કારણે મધ્યમ વર્ગ અને નિમ્ન-મધ્યમ વર્ગના પરિવારોને ભારે નુકસાન થઈ રહ્યું છે. આ ફરિયાદના આધારે, સાયબરાબાદ પોલીસે ૧૯ માર્ચ, ૨૦૨૫ ના રોજ ૨૯ સેલિબ્રિટી વિરુદ્ધ FIR નોંધી હતી. EDએ આ સમગ્ર કેસમાં PMLA (પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ) હેઠળ ECIR (એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફોર્મેશન રિપોર્ટ) દાખલ કરી છે. ED હાલમાં આ મામલામાં સેલિબ્રિટીએ કેટલી ફીમાં પ્રમોશન કર્યું, ચુકવણી કેવી રીતે થઈ અને તેમની ટેક્સ વિગતો શું છે વગેરે જેવી તપાસ કરી રહ્યું છે. તપાસમાં એ વાત સામે આવી છે કે આ એપ્સ દ્વારા હજારો કરોડ રૂપિયાના વ્યવહારો થયા છે.

આ એપ્સ યુવાનોને ઝડપથી પૈસા કમાવવાની લાલચ આપે છે, પરંતુ પાછળથી લોકો આર્થિક અને માનસિક રીતે ભાંગી પડે છે. આ મામલે તપાસ ચાલુ છે.

### અફઘાનિસ્તાનની શરમજનક ઘટના

# ૯ વર્ષીય બાળકીના ૪૫ વર્ષીય પુરુષ સાથે લગ્ન : રૂપિયા આપીને સોદો કર્યો

### બાળકીના પિતા-વરરાજાની ધરપકડ કરાઈ

કાબુલ, તા.૧૦

અફઘાનિસ્તાનના હેલમંદ પ્રાંતમાં ૯ વર્ષની બાળકીના લગ્ન ૪૫ વર્ષના પુરુષ સાથે કરવામાં આવ્યા હતા. અમેરિકા ખાતે અફઘાન આઉટલેટ Amu.tvના અહેવાલ મુજબ, લગ્નના ફોટા સામે આવ્યા પછી, તાલિબાન અધિકારીઓ પોતે જ ચોંકી ગયા અને તેમણે છોકરીને તેનાં સાસરિયાંના ઘરે જતી અટકાવી હતી, જોકે તાલિબાન અધિકારીઓએ એમ પણ કહ્યું હતું કે જ્યારે તે ૯ વર્ષની થશે ત્યારે તેને તેના પતિના ઘરે મોકલી શકાય છે. પુરુષે છોકરીના પરિવારને પૈસા આપીને આ લગ્ન કર્યા હતા. આ લગ્ન હેલમંદના મારજા જિલ્લામાં થયા હતા.

આ પછી પોલીસે બાળકીના પિતા અને વરરાજાની ધરપકડ કરી, પરંતુ અત્યારસુધી કોઈની સામે ફોજદારી કેસ નોંધવામાં આવ્યો નથી. ૨૦૨૧માં તાલિબાન સત્તામાં આવ્યા પછી દેશમાં બાળલગ્નની ઘટનાઓમાં વધારો થયો છે. એટલું જ નહીં, પરંતુ તેમના સંદર્ભમાં સામાજિક સર્વસંમતિ પણ બની રહી છે. છોકરીઓના શિક્ષણ અને કામ પર પ્રતિબંધને કારણે ઘણા પરિવારો તેમની દીકરીઓને બોજ ગણીને તેમના લગ્ન વહેલા કરાવી રહ્યા છે. UN Women રિપોર્ટ અનુસાર તાલિબાનના મહિલાવિરોધી કાયદાઓને કારણે દેશમાં બાળલગ્નોમાં ૨૫% અને કિશોરીઓની ગર્ભાવસ્થામાં ૪૫% વધારો થયો છે.અફઘાન સમાજમાં છોકરીઓને ઘણીવાર બાળપણમાં જ નામકરણ પરંપરાના ભાગરૂપે કોઈ સંબંધી સાથે સગાઈ કરાય છે. તેને કૌટુંબિક મિલકત તરીકે જોવામાં આવે છે. ઘણા વિસ્તારોમાં છોકરીઓનાં લગ્ન 'વલવર' એટલે કે દહેજના રૂપમાં પૈસા લઈને નક્કી કરાય છે.

### મહારાષ્ટ્રની એક શાળામાંથી ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી

# શાળામાં લોહીના ડાઘ મળતાં પિરિયડ્સ ચેક કરવા પ્રિન્સિપાલે કપડાં ઊતરાવ્યાં!

### ધો.૧૦ની વિદ્યાર્થિનીઓ સાથે શરમજનક કૃત્ય : ફરિયાદ દાખલ



મુંબઈ, તા.૧૦

મહારાષ્ટ્રની એક શાળામાંથી ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. અહીં, ધોરણ પથી ૧૦ની સગીર છોકરીઓને કથિત રીતે તેમનાં કપડાં ઉતારવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. શિક્ષકોએ છોકરીઓને માસિક સ્ત્રાવ છે કે નહીં એ જોવા માટે તપાસ કરી. વિદ્યાર્થિનીઓ સાથે આ ઘટના બાદ શાળામાં વાલીઓમાં ગુસ્સો છે. શાળા વિરુદ્ધ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે.

આ ઘટના મંગળવારે બની હતી, જ્યારે પ્રિન્સિપાલે ઘણી વિદ્યાર્થિનીઓ, જેમાં મોટેભાગે ધોરણ પથી ૧૦ની છોકરીઓ હતી, તેમને કપડાં ઉતારવા માટે મજબૂર કરી હતી. વિદ્યાર્થિનીઓને સ્કૂલ હોલમાં બોલાવવામાં આવી હતી અને બાથરૂમના ફ્લોર પર મળી આવેલા લોહીના ડાઘના ફોટા બતાવવામાં આવ્યા હતા, જે હાઉસકીપિંગ સ્ટાફ દ્વારા લેવામાં આવ્યા હોવાનું કહેવાય છે. આ કેસમાં શાળાના આચાર્ય અને એક પટાવાળાની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય લોકો સામે કેસ ચાલી રહ્યો છે. ત્યાર બાદ આચાર્યએ વિદ્યાર્થિનીઓને બે જૂથમાં વહેંચવાનો આદેશ આપ્યો. એક જૂથમાં તે હતી, જેમને માસિક સ્ત્રાવ આવી રહ્યો હતો અને બીજો જૂથ, જેમને માસિક સ્ત્રાવ ન હતો. એક મહિલા પટાવાળાને ૧૦થી ૧૨ વર્ષની વયની કેટલીક છોકરીઓની તપાસ કરવાનું કહેવામાં આવ્યું હતું.

### યુપીથી ૧૫૦૦થી વધુ યુવતીનું ધર્માંતરણ થયાની ઘટના

# મોટા સંખ્યામાં યુવતીઓને નિશાન બનાવનાર માસ્ટરમાઈન્ડ યુપીનો છાંગુર બાબા કોણ છે?

### બાબાનું સાચું નામ જમાલુદ્દીન, હજારો લોકોને ધર્માંતરણ કરાવ્યું



લખનઉ, તા.૧૦

ધ કેરળ સ્ટોરી ફિલ્મ કેરળની ૩૨,૦૦૦ મહિલા પર આધારિત હતી, જેઓ ઈસ્લામિક દેશોમાં નર્સ તરીકે કામ કરવા ગઈ હતી, પરંતુ તેમનું બળજબરીથી ધર્માંતરણ કરાવીને આતંકવાદી સંગઠન ISISમાં ભરતી કરવામાં આવી હતી. જોકે, હવે ઉત્તર પ્રદેશથી પણ ૧૫૦૦થી વધુ યુવતીનું ધર્માંતરણ થયાની ઘટના સામે આવી છે. યુપી એટીએસ દ્વારા આ ધર્માંતરણ પાછળ રહેલા માસ્ટરમાઈન્ડ છાંગુર બાબાની ધરપકડ કરવામાં આવી છે.

છાંગુર બાબાનું સાચું નામ જમાલુદ્દીન છે. તેણે હજારો હિન્દુ અને બિન-મુસ્લિમ પુરુષો અને સ્ત્રીઓનું ગેરકાયદે ધર્માંતરણ કરાવ્યું હતું. ઉત્તર પ્રદેશના બલરામપુરમાં રહેતો છાંગુર બાબા બિન-મુસ્લિમોને ઈસ્લામ ધર્મ અપનાવવા માટે દરેક રીતે લલચાવતો હતો. બલરામપુર આવતા પહેલા તેણે મહારાષ્ટ્ર અને દુબઈમાં પોતાનું નેટવર્ક સ્થાપિત કરી લીધું હતું. મહારાષ્ટ્રમાં પણ તેણે મોટી સંખ્યામાં લોકોને ગેરકાયદે ધર્માંતરિત કરાવ્યા છે. તે મુંબઈમાં એક દરગાહની બહાર વીંટીઓ વેચતો હતો. તે ટૂંક સમયમાં તે ગેરકાયદેસર ધર્માંતરણના આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટનો ભાગ બની ગયો. હિન્દુઓને ઈસ્લામમાં રૂપાંતરિત કરવામાં રોકાયેલા ગલ્ફ દેશોના ઘણા સંગઠનોમાં પણ તે સામેલ હતો. બલરામપુર આવ્યા બાદ તેણે આસપાસના જિલ્લાઓમાં ગેરકાયદે ધર્માંતરણ કરવાનું શરૂ કર્યું હતું.

### ઝુંઝુનુ જિલ્લાનો એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો

# ઝુંઝુનુનો નવનિર્મિત સ્ટેટ હાઈવે ઉદ્દઘાટન પહેલાં જ ધોવાઈ ગયો

### ભ્રષ્ટાચાર-બેદરકારી: ઉદ્દઘાટન પહેલાં હાઈવે પાણીમાં વહી ગયો



ઝુંઝુનુ, તા.૧૦

રાજસ્થાનના અનેક શહેરોમાં છેલ્લા ઘણા દિવસથી ભારેથી અતિભારે અને છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે, ત્યારે અહીંના ઝુંઝુનુ જિલ્લાનો એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યા છે. અહીં ઉદઘાટન પહેલા જ એક નવનિર્મિત સ્ટેટ હાઈવે વરસાદી પાણીમાં ધોવાઈ ગયો છે, જેના કારણે બાધુલી ગામનો સંપર્ક તૂટી ગયો છે. ઘટના બાદ સ્થાનીક લોકોએ તંત્ર પર ગુસ્સો ઠાલવી ભ્રષ્ટાચાર અને બેદરકારીના આક્ષેપો કરી રહ્યા છે.

આજથી છ મહિના પહેલા ઉદયપુરવાટી જિલ્લાના બાધુલી ગામમાં કરોડો રૂપિયાના ખર્ચે સ્ટેટ હાઈવે બનાવાયો હતો, જેનું હજુ સુધી ઉદઘાટન કરાયું નહોતું. રોડ બન્યા બાદ બાધુલી ગામનો અન્ય ગામો સાથે સંપર્ક થઈ શક્યો હતો. જોકે તાજેતરના વરસાદી પાણીમાં સ્ટેટ હાઈવે ધોવાઈ જતા બાધુલી ગામના રહેવાસીઓ ફરી સંપર્ક વિહોણા થઈ ગયા છે. ગ્રામજનોએ બાંધકામની ગુણવત્તા પર સવાલ ઉઠાવ્યા હતા.

### રાજસ્થાનના અજમેરનો બ્રિજ જર્જરિત

# ૨૪૩ કરોડના રામસેતુ પુલ પર ગાબડાં, કોર્ટે કહ્યું-બંધ કરો તરત જ

### ૧૫ વકીલોએ કોર્ટમાં અરજી કરી હતી

અજમેર, તા.૧૦

રાજસ્થાનના અજમેર શહેરના રામસેતુ પુલ અંગે લાંબા સમયથી ચાલી રહેલી જાહેર ચિંતા અને કાનૂની લડાઈ હવે એક નિર્ણાયક મોડ પર પહોંચી છે. સિવિલ જજ (પશ્ચિમ) અજમેરની કોર્ટે રામસેતુ પુલ અંગે મોટો ચુકાદો આપતા વહીવટીતંત્રને ૧૧ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં પુલને સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. તમને જણાવી દઈએ કે, રૂ.૨૪૩ કરોડના ખર્ચે બનેલા 'રામસેતુ પુલ'માં મસમોટા ગાબડાં પડી ગયા હતા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં નહોતી આવતી.

આ મામલે અજમેરના ૧૫ વકીલોએ મળીને કોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) દાખલ કરી હતી. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, પુલની જર્જરિત હાલત હોવા છતાં વહીવટીતંત્રએ કોઈ નક્કર પગલાં નથી લીધાં, જેના કારણે સામાન્ય લોકોના જીવ પર જોખમ મંડરાઈ રહ્યું છે. ભૂતકાળમાં પણ પુલની હાલત અંગે ફરિયાદો સામે આવતી રહી છે. પુલની દીવાલોમાં તિરાડ પડી ગઈ છે, કાટ લાગેલા લોખંડના સળિયા બહાર નીકળી આવ્યા છે અને આ પુલ રાહદારીઓ અને ટુ-વ્હીલર સવારો માટે જીવલેણ સાબિત થઈ શકે છે. કોર્ટે મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રને ૧૧ જુલાઈ સુધીમાં પુલને બધી બાજુથી બંધ કરવા અને સુરક્ષા સુનિશ્ચિત કરવાનો આદેશ આપ્યો છે.

### આરામાં કોંગ્રેસની મહત્ત્વપૂર્ણ સંગઠનાત્મક બેઠક ચાલી રહી હતી

# બિહારમાં કોંગ્રેસ કાર્યાલયમાં બેઠક વેળા મારામારી : કાર્યકર્તાઓ લોહીલુહાણ

### પાર્ટીના બે જૂથો એકબીજા સાથે અથડાયા અને હોબાળો મચ્યો



ભોજપુર, તા.૧૦

ગુરુવારે બિહારના ભોજપુર જિલ્લાના આરામાં કોંગ્રેસની મહત્ત્વપૂર્ણ સંગઠનાત્મક બેઠક અને સ્વાગત સમારોહ કાર્યાલયમાં ભારે હોબાળો થયો હતો. આ દરમિયાન, પાર્ટીના બે જૂથો એકબીજા સાથે અથડાયા હતા. બંને જૂથો વચ્ચે મારામારી થઈ હતી. વાસ્તવમાં, આ સમગ્ર ઘટના અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના સચિવ અને બિહાર પ્રદેશ કોંગ્રેસ સમિતિના સહ-પ્રભારી અને ભિલાઈ વિધાનસભાના ધારાસભ્ય દેવેન્દ્ર યાદવના સ્વાગત સમારોહ દરમિયાન બની હતી. વીડિયોમાં કાર્યકર્તાઓ વચ્ચેની મારપીટ સ્પષ્ટપણે જોઈ શકાય છે, જ્યારે કેટલાક લોકો તેમને ખેંચતા જોવા મળે છે. કોંગ્રેસના કાર્યકરો વચ્ચેના વિવાદ અને લડાઈનો આ વીડિયો ચોંકાવનારો છે. આ પરસ્પર લડાઈમાં ભૂતપૂર્વ MLC અજય સિંહના જૂથના એક ૪૧ વર્ષીય કાર્યકર સુનીલ કુમાર સિંહને માથામાં વાગ્યું હતું. સુનીલ કુમારના માથા પર ઈંટથી હુમલો કર્યો હતો.

શહેરોનું તાપમાન (મહત્તમ)

| અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ |
|---|---|---|---|
| 33.7° | 32.2° | 31° | 30.5° |

હવામાન વિભાગ: શહેરમાં ગુરૂવારે મહત્તમ તાપમાનનો પારો ૩૨.૨ ડિગ્રીએ રહ્યો હતો. જ્યારે ન્યુનત્તમ તાપમાન ૨૭.૧ ડિગ્રી રહ્યું હતું. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાનાં પવનની ગતિ ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી.

નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા જનસત્તા

### ગંભીરા બ્રિજ દુર્ઘટનાની તપાસ માટે ૯ અધિકારીઓની કમિટી બનાવાઈ હતી

# માર્ગ-મકાન વિભાગના કા. ઇજનેર, બે ના. કાર્યપાલક ઈજનેર સહિત ૪ સસ્પેન્ડ

### પ્રાથમિક તપાસના અવલોકનના આધારે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી


વડોદરા, તા.૧૦

વડોદરા નજીક મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતાં મહિસાગર નદી પરના ગંભીરા બ્રિજ તૂટી પડવાની ઘટનામાં બીજા દિવસે વહેલી સવારથી માર્ગ અને મકાન વિભાગના વરિષ્ઠ અધિકારીઓની ટીમ ઉચ્ચસ્તરીય તપાસ કરવા માટે આવી પહોંચી હતી. પ્રાથમિક તપાસના અવલોકનના આધારે મુખ્યમંત્રીએ કડક પગલા લેવાની સૂચના આપી હતી. ત્યારે જવાબદાર માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર સહિત ચાર અધિકારીઓને તાત્કાલિક અસર થી ફરજ મોકૂફ કરવામાં આવ્યાં હતા.

વડોદરા-આણંદને જોડતા મુજપુર-ગંભીરા પુલની દુર્ઘટના અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઘટનાક્રમની વિસ્તૃત ઉચ્ચસ્તરીય તપાસ માટેના દિશાનિર્દેશો આપ્યાં હતાં. ગઈકાલે આ દુર્ઘટના થયાની જાણ થઈ ત્યારથી જ માર્ગ-મકાન વિભાગ અને સંબંધિત જિલ્લા કલેક્ટરો સાથે સતત સંપર્કમાં રહીને બચાવ અને રાહત કામગીરીમાં માર્ગદર્શન અપાઈ રહ્યું હતું. મુખ્યમંત્રીએ નિષ્ણાંતોની એક ટીમને આ દુર્ઘટનાગ્રસ્ત થયેલા મુજપુર-ગંભીરા પુલની અત્યાર સુધીના સમગ્ર સમયગાળા દરમિયાન થયેલી મરામત, ઈન્સ્પેક્શન, ગુણવત્તા ચકાસણી જેવી બાબતોનો અહેવાલ તૈયાર કરવાની જવાબદારી સોંપી હતી.

દુર્ઘટનાના બીજા દિવસે આજે સવારે માર્ગ અને મકાન વિભાગની આ તપાસ સમિતિમાં મુખ્ય ઇજનેર સી. પટેલ અને એન. કે. પટેલ ઉપરાંત અધિક્ષક ઇજનેર કે. એમ. પટેલ, એમ. બી. દેસાઈ ઉપરાંત એન. વી. રાઠવા પણ જોડાયા હતા. સવારથી માર્ગ અને મકાન વિભાગના ૯ અધિકારીઓની કમિટી દ્વારા સમગ્ર ઘટનાની તપાસ કરી હતી. નિષ્ણાંતોની આ ટીમ દ્વારા દુર્ઘટના સ્થળની જાત મુલાકાત કરાયા બાદ આ દુર્ઘટનાના કારણોના પ્રાથમિક તપાસ અવલોકનોના આધારે આ દુર્ઘટનામાં જવાબદાર જણાયેલાં અધિકારીઓ એન. એમ. નાયકાવાલા, કાર્યપાલક ઇજનેર, યુ.સી. પટેલ, નાયબ કાર્યપાલક ઇજનેર અને આર. ટી.પટેલ, નાયબ કાર્યપાલક ઇજનેર તથા જે.વી.શાહ, મદદનીશ ઇજનેરને તાત્કાલિક અસરથી ફરજમોકૂફી હેઠળ મૂકવાનો નિર્ણય મુખ્યમંત્રીએ કર્યો છે.

## ઉચ્ચસ્તરીય તપાસ સમિતિએ વહેલી સવારે ધામા નાખ્યાં



પાદરાના મુજપૂર ખાતે પૂલ તૂટી પડવાની ઘટનાના બીજા દિવસે વહેલી સવારથી માર્ગ અને મકાન વિભાગના વરિષ્ઠ અધિકારીઓની ટીમ ઉચ્ચ સ્તરીય તપાસ કરવા માટે આવી પહોંચી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા આપવામાં આવેલા આદેશોને પગલે આ ટીમ સવારથી જ આવી પહોંચી હતી. માર્ગ અને મકાન વિભાગની આ તપાસ સમિતિમાં મુખ્ય ઈજનેર કે સી. પટેલ અને એન. કે. પટેલ ઉપરાંત અધિક્ષક ઈજનેર કે. એમ. પટેલ, એમ. બી. દેસાઈ ઉપરાંત એન. વી. રાઠવા પણ જોડાયા છે. અધિકારીઓએ બ્રિજની ચકાસણી કરી હતી. અંદાજે ૨ કલાક થી વધુ સમય સુધી તેઓએ બ્રિજની ઉપર તેમજ નીચેની બાજુએ તપાસ કરી હતી. તેઓ દ્વારા અહેવાલ તૈયાર કરવામાં આવશે અને ત્યાર બાદ રાજ્ય સરકારને સુપરત કરવામાં આવશે.

### ગંભીરા બ્રિજ દુર્ઘટનાના ૪૦ કલાક બાદ પણ હજુ રેસ્ક્યૂ કામગીરી ચાલુ

# મહિસાગર નદીમાંથી વધુ છ મૃતદેહો બહાર કઢાયાં



# મૃત્યુઆંક 18

### નદીમાં હજુ ૨ વ્યક્તિ લાપતા હોવાની આશંકા, શોધખોળ ચાલુ

વડોદરા, તા. ૧૦

વડોદરાના પાદરા અને આણંદ જિલ્લાને જોડાતો મહીસાગર નદી ઉપરનો ગંભીરા બ્રિજ બુધવારે સવારે ધરાશાયી થઈ ગયો હતો. આ ઘટનાના ૪૦ કલાક બાદ પણ હજુ રેસ્ક્યૂની કામગીરી કરવામાં આવી રહી છે. આજે વધુ ચાર મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. જેના પગલે મૃત્યુઆંક ૧૮ ઉપર પહોંચ્યો છે.

વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં મહીસાગર નદી પર આવેલો મુજપુર ગંભીરા બ્રિજ તૂટી પડ્યો હતો. આ બ્રિજ આણંદ અને વડોદરાને જોડે છે, જે મધ્ય ગુજરાતથી સૌરાષ્ટ્ર સુધીના ટ્રાફિક માટે મહત્વનો હતો.આ દુર્ઘટનામાં મૃત્યુઆંક ૧૮ સુધી પહોંચ્યો છે, જ્યારે બ્રિજ પરથી બે ટ્રક, બે કાર, એક રિક્ષા, અને એક પિકઅપ વાન મહીસાગર નદીમાં ખાબક્યાં હતાં. એન. ડી.આર.એફ અને એસ.ડી.આર.એફ.ની ટીમ દ્વારા રાહત અને બચાવની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે તેમજ નદીમાં ગરકાવ વાહનોને બહાર કાઢવાની કામગીરી આજ સવારથી કરવામાં આવી રહી છે. વાહનો બહાર નીકળવા માટે નદીના કાંઠે રસ્તો તૈયાર કરવામાં આવ્યો છે. જિલ્લા કલેકટર અનિલ ધામેલિયા સ્થળ પરથી

જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી રાહત અને બચાવની કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા છે. દુર્ઘટનાની તપાસ માટે છ સભ્યોની કમિટી રચવામાં આવી છે જે સ્થળ પર ઉપસ્થિત રહી જરૂરી તપાસની કાર્યવાહી કરવામાં આવી રહી છે. સ્થાનિક પોલીસ, ફાયર બ્રિગેડ, અને બચાવ ટીમો ઘટનાસ્થળે રેસ્ક્યુ ઓપરેશન હજુ ચાલુ છે. એક ટ્રક બ્રિજની ધાર પર અટકી ગઈ હતી, જેને બહાર કાઢવાની કામગીરી ચાલી રહી છે.

### આટલી મોટી દુર્ઘટના અને બચાવ કામગીરી અત્યંત મંદ ગતિએ?

વડોદરા નજીક ગંભીર પૂલ તૂટી પાડવાની ઘટનાના ૪૦ કલાક બાદ પણ રેસ્ક્યૂની કામગીરી ચાલી રહી હતી. મશીનરીના અભાવે બચાવ કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલી રહી હોવાનું સાફ જણાઈ રહ્યું હતું. વડોદરા નજીક ગંભીરા પૂલ તૂટવાની ઘટનાએ પુનઃ એકવાર ગુજરાત મોડેલને છતું કરી દીધું છે. વડોદરા નજીક બનેલી આ ઘટના બાદ જે ગતિથી બચાવ કામગીરી થવી જોઈતી હતી તે થઈ શકી ન હતી. કારણ એક મશીનરી જ પૂરતા પ્રમાણમાં પહોંચી શકી ન હતી. એક તરફ બ્રિજ જર્જરિત હોવાના કારણે મહાકાય ક્રેન તેનું કામ કરી શકે તેમ ન હતું તો બીજી તરફ નદીના પટમાં રસ્તો બનાવવા માટે ગઈકાલથી જેસીબી મશીનને કામે લગાડવામાં આવ્યા હાર્ટ. જે આજે બપોર સુધી પણ રસ્તો બનાવી શક્યું ન હતું. ત્યારે આટલી ધીમી ગતિએ ચાલતી બચાવ કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. શું ગુજરાત પાસે પૂરતા પ્રમાણમાં મશીનરી નથી કે પછી વડોદરાના તંત્રને તેની મદદ કરવામાં આવી રહી નથી તેવી પણ ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે આ બચાવ કામગીરીમાં ગતિ પકડાય તેવી પણ માંગણી કરવામાં આવી રહી છે.

### શહેરમાં ૧૩ રેલવે બ્રિજ, ૨૪ રિવર બ્રિજ, ૪ ફ્લાયઓવર સહિત કુલ ૪૩ બ્રિજ

## વડોદરામાં રેલવે, રિવર સહિતના તમામ બ્રિજની સ્ટ્રક્ચર સ્ટેબિલિટી ચકાસવા આદેશ

### ચોમાસા પૂર્વે કરાવેલા સર્વેમાં તમામ બ્રિજ સલામત : કમાટીબાગ, જાંબુવા બ્રિજ બંધ

વડોદરા, તા.૧૦

વડોદરા નજીક મહીસાગર નદી ઉપર ૪૦ વર્ષ જૂનો ગંભીરા બ્રિજ બુધવારે સવારે તૂટી પડ્યાની ઘટના બાદ વડોદરા મ્યુનિસિપલ કમિશનરે પણ વડોદરા શહેરમાં આવેલા તમામ બ્રિજની મજબૂતાઈ કેવી છે તેની સ્થિતિ ફરીથી તપાસવા આદેશ આપ્યો હોવાનું જાણવા મળે છે. ઉલ્લેખનિય છે કે, વડોદરા કોર્પોરેશનની હદમાં આવેલા રેલવે, ફ્લાય તેમજ રીવર બ્રિજ મળીને નાના મોટા ૪૩ બ્રિજ છે. જે પૈકી કમાટીબાગ અને જાંબુવાનો જૂનો બ્રિજ અગાઉથીજ સલામતીના કારણોસર બંધ કરવામાં આવ્યા છે.વડોદરા શહેરમાં આવેલા કુલ ૪૩ બ્રિજ પૈકી ૧૩ રેલવે ઓવરબ્રિજ, ૪ ફલાઈ ઓવર, ૨૪ રિવર બ્રિજ, એક કમાટી બાગમાં અને એક જાંબુવાનો ગાયકવાડી શાસન વખતનો પુલ છે. જોકે કોર્પોરેશને ગત વર્ષે ઉપરાંત આ વર્ષે પણ ડિઝાઈન સલાહકારની નિમણૂક કરીને ચોમાસા પૂર્વે બ્રિજનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં તમામ બ્રિજ સલામત જણાયા હોવાનો રિપોર્ટ આવ્યો હતો, પરંતુ ગંભીરા બ્રિજની ઘટના બન્યા બાદ મ્યુનિ. કમિશનરે દરેક બ્રિજની સ્ટ્રક્ચર સ્ટેબિલિટી કેવી છે તે તપાસવા કહ્યું છે. હાલ કમાટીબાગનો ફૂટ ઓવર બ્રિજ બંધ છે જ્યારે વર્ષો જૂના ગાયકવાડી સમયના જાંબુવા બ્રિજ પણ ગયા વર્ષે બંધ કર્યો હતો તેના પરથી માત્ર ચાલતા આવજા કરવાની છૂટ આપવામાં આવી છે. પરંતુ તેને પણ આ વર્ષે બંધ કરવામાં આવ્યો છે.

જોકે, સ્ટ્રક્ચરની દૃષ્ટીએ તમામ ૪૧ બ્રિજ સેફ છે. પરંતુ હાલમાં સલાહકારોના કહેવા મુજબ જે બ્રિજમાં નાનું મોટું સિવિલ વર્ક કરવાનું છે તે તબક્કાવાર ચાલુ કરવામાં આવ્યું છે હજુ તાજેતરમાં જ કાલાઘોડા બ્રિજનું સિવિલ વર્ક ચાલુ કરાયું છે. જેની કામગીરી હાલ ચાલું છે.આ ઉપરાંત જે રીવર બ્રિજ કે ફલાય ઓવર બ્રિજ ઉપર નાનું મોટું સિવિલ વર્ક કરવાનું હશે ત્યાં જરૂરી કામગીરી કરવામાં આવશે તેમ પાલિકાના સૂત્રોએ જણાવ્યું છે.

### દુર્ઘટનામાં જવાબદારો સામે હત્યાનો ગુનો નોંધવા માગ

વડોદરા, તા.૧૦

વડોદરા નજીક મહીસાગર નદી ઉપર આવેલો ૪૦ વર્ષ જૂનો ગંભીરા બ્રિજ તૂટી પડવાના બનાવમાં મૃત્યુ આંક ૧૮ ઉપર પહોંચ્યો છે. ત્યારે આ બ્રિજ પ્રત્યે ગંભીર બેદરકારી રાખનાર માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેર સહિત તમામ જવાબદારો સામે ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરવાની માગ કોંગ્રેસે માગ કરી છે.

વડોદરા જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા એમ.આઈ. પટેલે વડોદરા જિલ્લા પોલીસ વડાને અરજી કરી છે, જેમાં જણાવ્યું છે કે, ગંભીરા બ્રિજની દુર્ઘટનાની ગંભીરતાપૂર્વક તપાસ કરી છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન માર્ગ અને મકાન વિભાગમાં ફરજ સંભાળનાર જવાબદાર અધિકારીઓ તેમજ કોન્ટ્રાકટરો સામે ઊંડાણપૂર્વક તપાસ કરી માનવવધનો ગુનો દાખલ કરવા માંગણી કરી છે. તેમણે કહ્યું છેકે, 'આ મુદ્દે આંદોલનની સાથે સાથે હાઈકોર્ટમાં પણ દાદ માંગવામાં આવશે'.

## કલેક્ટર, ડીડીઓ અને ડીએસપી ખડેપગે




વહેલી સવારથી જ બચાવ ટુકડીઓ દ્વારા શોધખોળ કામગીરી હાથ ધરવામાં આવી હતી. કલેકટર અનિલ ધામેલિયા, જિલ્લા વિકાસ અધિકારી મમરતા હિરપરા, અને જિલ્લા પોલીસ વડા રોહન આનંદ સહિતના અધિકારીઓ વહેલી સવારે જ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. મહેસૂલી તંત્ર અને પોલીસની ટીમોએ અહી રાતભર પડાવ નાખ્યો હતો. તમામ અધિકારીઓએ ખડેપગે રહીને બચાવ કામગીરી કરાવી હતી.

## ઇજાગ્રસ્તોની મુલાકાતે પ્રિન્સિપલ સેક્રેટરી ધનંજય દ્વિવેદી

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપુર અને ગંભીરાને જોડતા બ્રિજ તૂટી પડવાની દુર્ઘટનામાં બાદ આજે સતત બીજા દિવસ સુધી તંત્ર ખડેપગે રહી બચાવ કામગીરી હાથ ધરી રહ્યું છે. ત્યારે ઇજાગ્રસ્તોને મળવા માટે ગુજરાત રાજ્યના પ્રિન્સિપલ સેક્રેટરી ધનંજય દ્વિવેદી આજે વડોદરા શહેરની એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે આવી પહોંચ્યા હતા.



### બામણગામના રહીશોનો આક્રોશ

### વિજય રૂપાણી હતા એટલે અમદાવાદમાં ઝડપી કામગીરી થઇ અને અહીં મંદ ગતિએ

ગંભીર પૂલ તૂટવાની ઘટનામાં આ ૯ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે. જો કે હજુ પણ નદીમાં ૩ લોકો લાપતા હોવાનું બહાર આવ્યું હતું. પૂલ નજીક આવેલા બામણગામના ૨ યુવાનો પણ લાપતા હોવાનું જનતા આજે બપોરે ગામના રહીશોએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેઓ નદી કિનારે પહોંચી ગયા હતા અને તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી કે અમદાવાદમાં ઝડપથી રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું કારણ કે ત્યાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ હતા ત્યારે અહીં આટલી બધી વાર કેમ લાગી રહી છે. એક તબક્કે વાતાવરણમાં ગરમાવો આવી ગયો હતો. જો કે પોલીસ વિભાગ અને તંત્ર દ્વારા રોષે ભરાયેલા ગ્રામજનોને સમજાવીને મામલો થાળે પાડ્યો હતો. લોકોનો આક્રોશ જોઈ એક તબક્કે કલેક્ટરે પણ સ્થળથી દૂર જતા રહેવું પડ્યું હતું.




### મારવાવાળા કરતાં બચાવવાવાળો મહાન

# પુલ દુર્ઘટનામાં પાંચ જીવ બચાવનાર સુપર હિરો



સૌથી પહેલો દેવદૂત બન્યાં



પહેલાં બે લોકોને બચાવ્યાં



દિગ્વિજય પાઠક । વડોદરા

એક વ્યક્તિ ધારે તો શું ન કરી શકે. એક વ્યક્તિ કે જેને જીવની પરવા કર્યા વિના ગંભીરા પૂલ દુર્ઘટના બાદ તરત જ નદીમાં ઝંપલાવ્યું અને એકે બાદ એક ચાર લોકોને જીવતા બહાર કાઢયા. આ યુવકનું નામ છે ઘનશ્યામ પઢીયાર. એક ખાનગી કંપનીમાં કામ કરતા ઘનશ્યામ પઢીયાર આ ઘટનાના ભોગ બનેલા માટે સાક્ષાત દેવદૂત બનીને આવ્યા હતા.

માનવતાની જ્યોત ક્યારેક એવી રીતે પ્રજ્વલિત થાય છે કે તે અંધકારમાં આશાનું કિરણ બની ઉભરી આવે છે. આવી જ એક ગાથા ઘનશ્યામ પઢીયાર નામના યુવાનની છે, જેમણે ગંભીરા પૂલ દુર્ઘટના સમયે પોતાના જીવની પરવા કર્યા વિના, અસીમ હિંમત દાખવી ચાર અમૂલ્ય જીવ બચાવ્યા. તેમનું આ કાર્ય માત્ર સાહસનું પ્રતીક નથી, પરંતુ માનવતાના ઉચ્ચતમ મૂલ્યોનું જીવંત ઉદાહરણ છે. ઘનશ્યામભાઈ, એક સામાન્ય ખાનગી કંપનીમાં કાર્યરત હોવા છતાં, અસામાન્ય સંજોગોમાં દેવદૂત બનીને પ્રગટ થયા. ગંભીરા પૂલની દુર્ઘટનાએ સૌને હચમચાવી દીધા હતા. ચારેબાજુ ભય અને નિરાશાનો માહોલ હતો, ત્યારે ઘનશ્યામભાઈએ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના, મૃત્યુના મુખમાં સમાયેલી નદીમાં ઝંપલાવ્યું. તેમનો આ નિર્ણય ફક્ત શારીરિક બળનો નહીં, પરંતુ અદમ્ય મનોબળ અને દૃઢ સંકલ્પનો પરિચય કરાવે છે. એક પછી એક, તેમણે ચાર લોકોને મોતની ગર્તામાંથી બહાર કાઢ્યા. તેમનું આ કાર્ય કોઈ સામાન્ય બહાદુરી નથી, પરંતુ 'એક વ્યક્તિ ધારે તો શું ન કરી શકે' તેની પ્રતીતિ કરાવે છે. ઘનશ્યામભાઈએ સાબિત કરી દીધું કે માનવીય સંવેદના અને સાહસનો સમન્વય અશક્યને પણ શક્ય બનાવી શકે છે. તેમની આ વીરતા, નિઃસ્વાર્થ સેવા અને જીવદયાની ભાવના ખરેખર પ્રશંસનીય છે. ઘનશ્યામ પઢીયારનું નામ ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થશે, એક એવા નાયક તરીકે જેમણે સાચા અર્થમાં જીવ્યો અને જીવાડ્યો ના સૂત્રને સાર્થક કર્યું.

### સુસાઇડ બ્રિજ પરથી કોઇ ઝંપલાવે તો આ યુવક સૌથી પહેલાં પહોંચે

બામણગામના રહેવાસી ઘનશ્યામ પઢીયાર હંમેશા પોતાની સેવાકીય પ્રવૃત્તિઓની મહેક ફેલાવતા રહે છે. ગંભીરા બ્રિજને સુસાઇડ બ્રિજ તરીકે પણ ઓળખવામાં આવે છે કારણ કે અવારનવાર અહીંથી કોઈક ને કોઈક નદીમાં ઝંપલાવી મોતને વ્હાલું કરવાના પ્રયાસ કરે છે. જો કે અવારનવાર ઘનશ્યામ પઢીયાર આ લોકોના જીવ બચાવવા માટે દેવદૂત બનીને આવે છે. અહીંના સ્થાનીય માછીમારો પણ સૌથી પહેલો ફોન તેઓને જ કરે છે અને તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જાય છે. તેઓને આ વિસ્તારમાં અદમ્ય સાહસનો પર્યાય ગણવામાં આવે છે. તેઓની આ કામગીરી ખરેખર બિરદાવવા લાયક છે.

### એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના મૃત્યુના મુખમાં સમાયેલી નદીમાં ઝંપલાવ્યું અને લોકોના જીવ બચાવ્યા